

પટલાઈના પેચ

ઈશ્વર પેટલીકર

૨

સર્વોપયોગી સાહિત્યશ્રેણી : ૧૭

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠે. ભદ્ર પાસે અમદાવાદ અને કાળબાદેવી રોડ મુંબઈ-૨

"સસ્તું સાહિત્ય" એટલે "ઊંચામાં ઊંચું સાહિત્ય"

'આમ સાહિત્યશ્રેણી'

જ્ઞાન–ચારિત્ર્ય–વર્ધક અને નિર્દોષ આનંદ મેળવી શકાય તેવું સાહિત્ય જૂજ કિંમતમાં પૂરું પાડવાના ઉદ્દેશથી, નાની પુસ્તિકાઓ પ્રસિદ્ધ કરવાનું શરૂ કર્યું છે. ગરીબ પણ સંસ્કારી વર્ગ પણ પોતાની ગુંજાશ પ્રમાણે નાની શી લાયબ્રેરી વસાવી શકે એવો આશય છે.

જાણીતા લેખકોને હાથે તૈયાર થયેલાં પુસ્તકોવાળી આ આખી શ્રેણી મંગાવી લેવાની અમે ભલામણ કરીએ છીએ. આ શ્રેણીમાં તમને "સસ્તામાં સસ્તું" અને "ઊંચું" સાહિત્ય મળે છે. આ શ્રેણીમાં દર મહિને નવાં ઉપયોગી પુસ્તકો પ્રસિદ્ધ થાય છે. હાલ (નવેમ્બર ૧૯૪૬ સુધીમાં) નીચે પ્રમાણે પુસ્તકો મળે છે.

પ્રેમપંથ–લે૦ ગાંધીજી … … … …	૬૪	૦–૩	૦–૧
ગીતાસંકલન:–સં૦ શ્રી રમણ મહર્ષિ: બીજાં ત્રણ સંકલનો સાથે	૫૨	૦–૩	૦–૧
ગીતા પોથી–ભગવદ્‌ગીતાની બાળપોથી–કર્મયોગના ૧૨૫ શ્લોકો, અર્થ તથા વિસ્તૃત સમજૂતી સાથે …	૧૦૪	૦–૬	૦–૧
મણિરત્નમાળા–શ્રીમત્ શંકરાચાર્યકૃત: સરળ અર્થ સાથે	૧૬	૦–૧॥	૦–૧
જ્ઞાન અને કર્મ–લે૦ સ્વામી અદ્વૈતાનંદ … …	૭૨	૦–૩	૦–૧
આર્ય, બૌદ્ધ અને જૈન ધર્મના મૂળ સિદ્ધાંતોનો સમન્વય–લે૦ પંડિત બહેચરદાસ દોશી … …	૪૮	૦–૩	૦–૧
નારદનાં ભક્તિસૂત્રો–મૂળ શ્લોકો, અર્થ તથા વિવેચન સાથે	૬૪	૦–૩	૦–૧
જ્ઞાનનાં ઝરણાં–(આવૃત્તિ ૨જી) લે૦ માધવતીર્થ: …	૬૪	૦–૩	૦–૧
શ્રીમદ્ ભગવદ્‌ગીતા–(બે અધ્યાયી) મૂળ શ્લોકો તથા અર્થ સાથે	૪૮	૦–૩	૦–૧
શ્રી રામકૃષ્ણ વાર્તાલાપ–અનેક રસપ્રદ બોધક પ્રસંગો–ઉપદેશો	૯૬	૦–૬	૦–૧
શ્રી રામકૃષ્ણ ઉપદેશ–બોધદાયક ઉપદેશો … …	૮૮	૦–૫	૦–૧
મનને–(કાવ્ય) શ્રી. હેમંતકુમાર નીલકંઠ … …	૪૦	૦–૩	૦–૧
કણ્ઠાભરણમ્–મુખપાઠ કરવા યોગ્ય પ્રાર્થના-મંત્રો-અર્થ સાથે	૬૪	૦–૩	૦–૧
ઉચ્ચ જીવન–લે૦ ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ …	૫૬	૦–૩	૦–૧
ધ્યાન અને જ્ઞાન–લે૦સ્વામી માધવતીર્થ: નવી આવૃત્તિ …	૪૮	૦–૩	૦–૧
ઉત્તરગીતા–તત્ત્વબોધનો સરળ અનુવાદ: મૂળ શ્લોકો સાથે	૬૪	૦–૬	૦–૧
સતી સાવિત્રી–સત્યવાન ને સાવિત્રીની રોચક કથા …	૫૨	૦–૩	૦–૧
જેસલ ને તોરલ તથા **જાલંધર ને ગોપીચંદ**–સ્વ. કલાપી	૫૬	૦–૩	૦–૧

મેનાવતી ને ગોપીચંદ તથા **ભર્તૃહરિ ને વિક્રમ** „ „	૪૮	૦–૩	૦–૧
ભક્તરાજ હનુમાન–ટૂંકું જીવનચરિત્ર	૭૬	૦–૬	૦–૧
શ્રીમત્ શંકરાચાર્ય–(સચિત્ર) લેખક: પુરાતન બુચ જગદ્ગુરુ આદ્ય શંકરાચાર્યનું ટૂંકું જીવન અને કવન	૪૮	૦–૩	૦–૧
શ્રી તૈલંગ સ્વામી–વિશુદ્ધાનંદ તથા પાઊહારીબાબાનાં ચરિત્રો	૮૮	૦–૪	૦–૧
બાળકોના વિવેકાનંદ–લે૰ પ્રફુલ્લ ઠાકોર	૬૪	૦–૪	૦–૧
ભગવાન બુદ્ધ–(સચિત્ર) લે૰ પુરાતન બુચ બોધક જીવનપ્રસંગો આલેખતું ટૂંકું ચરિત્ર ...	૫૬	૦–૪	૦–૧
નાનભટ્ટ બાપા–એક આદર્શ વૈદ્ય	૭૨	૦–૩	૦–૧
અબજીબાપા–આદર્શ સંત	૬૪	૦–૪	૦–૧
સંત કબીર–(સચિત્ર) સચોટ પ્રસંગો આલેખતું ટૂંકું ચરિત્ર	૫૬	૦–૩	૦–૧
ધાવણની ધાર અને **બીજી વાતો**–લે૰ ચુનીલાલ મડિયા: માનવસ્વભાવ અને લાગણી પ્રગટ કરતી ૪ વાતો...	૭૬	૦–૩	૦–૧
કાળમુખી અને **બીજી વાતો**–(સચિત્ર) લે૰ ચુનીલાલ મડિયા કાઠિયાવાડી જીવનની રસિક પણ નિર્દોષ ૫ વાતો	૬૪	૦–૩	૦–૧
કેરીની મોસમ અને **બીજી વાતો**–લેખક: 'શયદા' માનવહૃદયની સારી-નરસી લાગણીઓ વ્યક્ત કરતી ૭ વાતો	૭૫	૦–૫	૦–૧
અણોજો અને **નવું રેલવે સ્ટેશન**–શ્રી. ચુનીલાલ વ૰ શાહ	૬૦	૦–૪	૦–૧
જીવનનો મર્મ–લેખક: 'સોપાન'	૮૪	૦–૬	૦–૧
નવજવાન „	૬૪	૦–૪	૦–૧
અહિંસાનું રહસ્ય „	૭૨	૦–૪	૦–૧
એ વૃદ્ધ પુરુષ! „	૫૬	૦–૪	૦–૧
આશાને અજવાળે „	૫૬	૦–૪	૦–૧
શ્રીમંતોનો સડો–(કાવ્ય) લે૰ શ્રી. ઈશ્વર ધોળકિયા ...	૬૪	૦–૪	૦–૧
સમ્રાટ શ્રેણિક અને **દેવી નંદા**–જૈન સંસ્કૃતિની બે નાટિકાઓ	૬૪	૦–૩	૦–૧
જયભારતી–(કાવ્ય) 'શયદા.' **ભારત**ની ચડતી–પડતીનું દિગ્દર્શન	૩૬	૦–૬	૦–૧

એકંદર બધાં પુસ્તકો સાથે મંગાવનારે પોસ્ટેજ રૂા. ૧) મોકલવો. રૂા. ૯–૩–૬

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે, પોસ્ટ બોક્સ નં. ૫૦, **અમદાવાદ** અને
કાલબાદેવી રોડ, હાથી બીલ્ડિંગ, ત્રીજે માળે, **મુંબઈ–૨**

પટલાઈના પેચ–૫૫૦૦

“સસ્તું સાહિત્ય” એટલે “ઊંચામાં ઊંચું સાહિત્ય”

પટલાઇના પેચ

૨

ઈશ્વર પેટલીકર

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠે. ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઇ-૨

★

દસ આના

આવૃત્તિ : પહેલી
સંવત : ૨૦૦૩
પ્રત : ૫૫૦૦

મુદ્રક અને પ્રકાશક :
ત્રિભુવનદાસ ક૦ ઠક્કર,
સસ્તું સાહિત્ય મુદ્રણાલય,
રાયખડ :: અમદાવાદ

નિવેદન

"સર્વોપયોગી સાહિત્યશ્રેણી"નું આ ૧૭મું પુસ્તક પ્રસિદ્ધ થાય છે.

આ સંસ્થા છેલ્લાં પાંત્રીસ વર્ષથી પોતાની શક્તિ અને વૃત્તિ અનુસાર ગુજરાતની સેવા કરી રહી છે. આજ સુધીમાં જીવનઘડતરમાં ઉપયોગી એવા લગભગ સાડાત્રણસો ગ્રંથો એણે હજારો નકલોની સંખ્યામાં ગુજરાતનાં ઘરોમાં પહોંચાડ્યા છે. ધાર્મિક સાહિત્યનું પ્રકાશન આ સંસ્થાનું પ્રધાન અંગ રહેલું હોવા છતાં તેનો વિશાળ અર્થ કરીને જીવન–વિકાસમાં પ્રેરણારૂપ થાય તેવાં જીવનચરિત્રો, આરોગ્યનાં પુસ્તકો, સમાજશિક્ષા, સ્ત્રીકેળવણી, બાલવાર્તાઓ ઇત્યાદિ સાહિત્ય પણ એણે પ્રજાને વિપુલ પ્રમાણમાં આપ્યું છે.

પરંતુ પ્રજામાં હવે એક નવો વર્ગ ઊભો થયો છે અને એની સંખ્યા આપણી રાષ્ટ્રિય જાગૃતિની સાથોસાથ વધતી જશે. આ વર્ગ ઓછું ભણેલા પ્રૌઢોનો છે. ભાષાજ્ઞાન તો એમનું બાળકો જેવું હોય છે, પરંતુ સંસારના કડવા–મીઠા અનુભવો એમને મળેલા હોય છે. આ બંને સ્થિતિનો વિચાર કરીને આ વિશાળ સમુદાય માટે નવા પ્રકારનું સાહિત્ય નિર્માણ કરવું જોઈએ. એ સાહિત્ય મોટા અક્ષરોમાં છપાયેલું, બાળકો પણ વાંચી શકે એવી સહેલી ભાષામાં અને છતાંયે જીવનમાં ઉપયોગી એવા વિષયો ઉપર પ્રકાશ ફેંકનારું હોવું ઘટે.

આ કાર્ય કોણ કરે ? ધંધાદારી પ્રકાશકો સ્વાભાવિક રીતે જ આમાં રસ ન લઈ શકે; કારણ કે આવાં પ્રકાશનમાં નફો હોય નહિ. આ કાર્ય 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય' જેવી પારમાર્થિક સંસ્થાએ જ કરવું જોઈએ એમ લાગવાથી આ પ્રકાશનમાળાનો અમે આરંભ કર્યો છે.

ગુજરાત જેમની સાહિત્યસેવાથી પરિચિત છે, એવા યુવાન અને પ્રતિષ્ઠિત લેખકો દ્વારા વિવિધ વિષયોનાં સુંદર, સરળ અને સચિત્ર પુસ્તકો તૈયાર કરાવવાનું સંપાદનકાર્ય કરવા અમે જીવનસ્પર્શી સાહિત્યના પ્રસિદ્ધ લેખક ભાઈ મોહનલાલ મહેતા–'સોપાન'–ને શોધ્યા; અને તેમણે તે કામ હોંશપૂર્વક અને સહર્ષ ઉપાડી લીધું, તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. આ પ્રયાસનું પરિણામ આજે અમે પ્રજા સમક્ષ મૂકીએ છીએ.

'સર્વોપયોગી સાહિત્યશ્રેણી' જેવા સૂચક નામ સાથે જોડાયેલાં પુસ્તકોની યોજના તૈયાર કરવામાં, વિષયો ગોઠવવામાં અને લેખકો પાસે લખાવવામાં એમણે જે ચીવટ અને પરિશ્રમ દાખવ્યાં છે, તેના અમે સાક્ષી છીએ. આ પવિત્ર કાર્યના તેઓ પણ યશભાગી છે.

અમુક વર્ગ માટે યોજાયલી આ ગ્રંથશ્રેણી પ્રજાના બીજા ભાગ માટે પણ લાભદાયી અને માર્ગદર્શક નીવડશે, એવા ભરોંસાથી આ સંસ્થાના કાર્યક્રમમાં આ નવો પ્રકાર શરૂ કરતાં અમને આનંદ થાય છે.

મુંબઈ, તા. ૨૦–૬–'૪૬ — 'સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ'ના ટ્રસ્ટીઓ વતી
મનુ સૂબેદાર (પ્રમુખ)

સંપાદકનું નિવેદન

'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયે' મને જે કામ સોંપ્યું, તેનો સ્વીકાર મેં હળવે હૈયે કર્યો નથી; એટલું આરંભમાં જ જણાવી દઉં.

ઓછું ભણેલાં હજારો ભાઈ–બહેનોને જીવનને સ્પર્શતા વિષયોનું જ્ઞાન આપવાની જવાબદારી કેટલી મહાન છે, તેનું આ કાર્ય કરતાં મને સતત ભાન રહ્યું છે.

હું કેટલે અંશે એમાં સફળ થયો છું, તેનો નિર્ણય તો જાણકારો જ કરી શકે. મારે તો એટલું જ કહેવાનું છે, કે પરિશ્રમ કરવામાં મેં કચાશ રાખી નથી; ને જ્યાં જ્યાંથી સહાય મેળવી શકું, ત્યાં ત્યાંથી મેં મેળવી છે.

વિષયોની પસંદગીમાં અને તેના લેખનકાર્યમાં લેખકમિત્રોએ જે મદદ કરી છે, તે હું ભૂલી શકીશ નહિ. પ્રકાશક, સંપાદક કે લેખક આ કાર્યની મહત્તા અને પવિત્રતાને ભૂલ્યા નથી, એટલું તો પૂરી નમ્રતા સાથે પણ મારે કહેવું જોઈએ. હજારો બંધુ–ભગિની પ્રત્યેની લાગણી આ ગ્રંથશ્રેણીના લેખન–પ્રકાશનના મૂળમાં રહેલી છે.

શક્ય તેટલી કાળજી રાખીને વિષયોની પસંદગી કરી છે. આ યોજના એક જ વર્ષની કે અઢાર જ પુસ્તકોની નથી, તે લક્ષમાં રાખ્યું છે; છતાં પહેલા વર્ષમાં ય વિષયનું વૈવિધ્ય સપ્રમાણ જાળવવાનો સભાન પ્રયાસ તો કર્યો જ છે. આમ છતાં એમાં ત્રુટિઓ નહિ હોય કે નથી, એમ હું કહી શકું નહિ. લોકશિક્ષણમાં રસ ધરાવતા સજ્જનો મને તેમની સૂચનાઓ મોકલશે, તો હું આભારી થઈશ.

અંતમાં, મારે 'સસ્તું સાહિત્ય' ના ટ્રસ્ટીઓનો આભાર માનવો છે. હું જાણું છું, કે તેઓ આભારના ભારથી દૂર રહેવા ઇચ્છે છે; પરંતુ મારે સૌને જણાવવું જોઈએ, કે સદ્ગત ભિક્ષુ અખંડાનંદે પ્રકટાવેલા જ્ઞાનદીપકની જ્યોતને એમણે નમવા તો નથી જ દીધી; પરંતુ સતત દિવેલ પૂરીને એને પ્રજ્જ્વલિત રાખી છે. સહેજ આગળ વધીને કહું, તો એ જ્યોત વધુ પ્રકાશ આપી શકે, તે માટે તેઓ વૈજ્ઞાનિક પ્રયોગો પણ સતત કરતા રહે છે. આ ગ્રંથશ્રેણીના સંપાદનકાર્ય અંગે ટ્રસ્ટીમંડળના પ્રમુખ શ્રી મનુ સૂબેદારે મને સતત ઉત્સાહ અને માર્ગદર્શન આપ્યાં છે, એમ મારે કબૂલવું જ જોઈએ. એમનો સહકાર ન હોત, તો આ કાર્ય મેં થાકીને અધવચ્ચે જ છોડી દીધું હોત.

મુંબઈ,
તા. ૨૦–૬–'૪૬

મોહનલાલ મહેતા

વાર્તાઓનું લક્ષ્યબિંદુ

આપણો યુવાન વર્ગ કિશોરાવસ્થામાં હોય છે, ત્યારે સામાન્ય રીતે એને સેવા કરવાનાં સ્વપ્ન જાગે છે. યુવાનીમાં પ્રવેશ કરતાં એને તમન્ના પ્રગટે છે; તેથી પ્રેરાઈને કોઈ કોઈ યુવક શરૂશરૂમાં પોતાના વતનમાં સામાજિક કે સાર્વજનિક કાર્ય કરવાની પ્રવૃત્તિ આદરે છે. તે વખતે એને એક જ ખ્યાલ હોય છે, કે હું જોતજોતામાં બધું સીધું કરી નાખીશ.

એવા યુવકોને પોતાનું કામ કેટલું કઠિન છે, સામા પક્ષનાં મૂળ કેટલાં ઊંડાં છે અને છતાં શ્રદ્ધા, પુરુષાર્થ અને પોતાના ધ્યેય પ્રમાણેના આચરણથી એક યુવક ધારે તો ઘણું કરી શકે, તે કહેવાનો આ વાર્તાઓ પાછળ ઉદ્દેશ છે.

આ વાર્તાઓની ભૂમિકા સાચા પ્રસંગો ઉપર રચાયેલી છે. એમાં લેખક તરફથી પોતાનું જો ઉમેરાયું હોય તો મરીમસાલો.

સંવત ૧૯૯૭ના કાર્તિક અંકથી આ વાર્તાઓ ‘પાટીદાર’ માસિકમાં ક્રમિક પ્રસિદ્ધ થઈ, ત્યારે એને સારો આવકાર મળ્યો હતો. આજે છ વર્ષ પછી ગામડાંની સ્થિતિ ઊલટી વધુ વિકટ થઈ છે; એટલે જુવાન વર્ગને ઉપયોગી થઈ પડશે એ આશાએ ‘સસ્તા સાહિત્ય’ દ્વારા બહોળા પ્રચારના ધ્યેયને લક્ષમાં રાખી આ વાર્તાઓ બહાર પાડી છે.

ગામડાંમાં મુત્સદ્દીગીરી નથી કે એવી એવી કંઈ કંઈ ગણતરીવાળાં નગરજનોને પણ ગામડાંનું કંઈક વાસ્તવિક દર્શન થશે, એ પણ એની પ્રસિદ્ધિ પાછળ લક્ષ છે.

આ લક્ષ યત્કિંચિત્ પણ સફળ થશે, તો આ પ્રકાશન સાર્થક થયું માનીશ

તા. ૧૪-૧૦-'૪૬
આણંદ

ઈશ્વર પેટલીકર

કોટિ ઉપાયે જેમનું ઋણ અદા થાય તેમ નથી, તે

મારાં બા–બાપુજીને

અનુક્રમ

"સસ્તુ' સાહિત્ય" એટલે "ઊંચામાં ઊંચું સાહિત્ય"

ગ્રંથોનું સૂચિપત્ર

શાસ્ત્રગ્રંથો–મૂળ તથા અનુવાદ

પુસ્તકનું નામ	પાન.	કિંમત.	પોસ્ટેજ
સર્વવેદાંત–સિદ્ધાંત–સારસંગ્રહ–શ્રીમત્ શંકરાચાર્યકૃત	૨૨૪	૧–૪	૦–૩
બળવાન બનો!–કર્મનો શ્રેષ્ઠ ઉપદેશ (ગુજરાતી ભાષાંતર) શ્રી. સાતવલેકરજીની ટીકા સાથે-(યજુર્વેદનો પહેલો અધ્યાય)	૧૧૨	૦–૮	૦–૨
એકાદશ સ્કંધ–મૂળ સહિત ગુજરાતી ભાષાંતર	૪૬૨	૧–૪	૦–૪
વિવેકચૂડામણિ–શંકરાચાર્ય–વિરચિત: મૂળ સહિત ભાષાંતર	૧૬૦	૦–૧૨	૦–૨
જીવન્મુક્તિવિવેક–મુક્તિ માટે માર્ગદર્શન આપતો પ્રાચીન ગ્રંથ	૨૨૦	૧–૪	૦–૨
અષ્ટાવક્રગીતા–શ્લોકો તથા સરળ અર્થ	૭૨	૦–૮	૦–૧
મહાવાક્ય–રત્નાવલિ–સરળ અર્થ સાથે	૧૪૪	૦–૧૨	૦–૨
એકાદશ ઉપનિષદો–મૂળ શ્લોકો સાથે સરળ ભાષાંતર...	૪૫૨	૨–૮	૦–૫
બૃહદારણ્યક ને બીજાં સો ઉપનિષદો–(છપાય છે: સત્વર બહાર પડશે.)			
વિદુરનીતિ–મૂળ શ્લોકો તથા સરળ ભાષાંતર	૧૬૮	૦–૧૨	૦–૨
મનુસ્મૃતિ–સરળ ભાષાંતર, મૂળ શ્લોકો સહિત	૬૪૦	૩–૦	૦–૫
આર્યધર્મનીતિ અને **ચાણક્યનીતિસાર**–સરળ અર્થ સાથે ચૂંટેલા ધર્મનીતિના શ્લોકો	૨૦૮	૦–૮	૦–૨
વિષ્ણુસહસ્રનામ–ભગવાન વિષ્ણુનાં હજાર નામો અર્થ સાથે	૧૨૮	૦–૪	૦–૧

શાસ્ત્રગ્રંથો–માત્ર અનુવાદ

યોગવાસિષ્ઠ મહારામાયણ–વૈરાગ્ય, મુમુક્ષુ, ઉત્પત્તિ, સ્થિતિ, ઉપશમ ને નિર્વાણ–આ છ પ્રકરણો–ચાર દળદાર ગ્રંથો	૧૬૦૮	૧૨–૦	૨–૦
લઘુ યોગવાસિષ્ઠ–'બૃહદ્ યોગવાસિષ્ઠ'ના સારરૂપ ઉપયોગી ગ્રંથ	૫૫૪	૨–૮	૦–૫
વિચાર–સાગર–વેદાંતના દોહન–સારરૂપ તત્ત્વજ્ઞાનનું પુસ્તક	૪૩૨	૨–૮	૦–૫

શ્રીમદ્ ભાગવત—એ ગ્રંથમાં ભાષાંતર, નવી ૧૧મી આવૃત્તિ	૧૨૪૦	૮–૦	૧–૬
,, ,, —ભાગ ૨જો (૮મી આવૃત્તિ) છૂટક મળશે	૬૬૭	૩–૦	૦–૧૦
ભગવતી (દેવી) ભાગવત—સરળ ભાષાંતર, મોટા અક્ષરોમાં	૯૨૮	૬–૦	૦–૧૪
મહાભારતનું શાંતિપર્વ-રાજધર્મ,આપદ્ધર્મ અને મોક્ષધર્મ, ચાર વર્ણ તથા આશ્રમના સામાન્ય ધર્મો વગેરે ...	૮૫૬	૭–૮	૦–૧૪
મહાભારત—દળદાર ૭ ગ્રંથોમાં	૫૨૦૮	૪૫–૦	૬–૦

અન્ય ધાર્મિક ગ્રંથો

આત્મસાક્ષાત્કારની કસોટી—સ્વામી સ્વયંજ્યોતિ તીર્થ ...		૧–૪	૦–૨
ધમ્મપદ—પં૦ બેચરદાસ દોશીની ટીકા, મૂળ તથા અનુવાદ સાથે	૧૯૨	૧–૦	૦–૨
આત્મરામાયણ—રામાયણનાં પાત્રોના લાક્ષણિક અર્થો દ્વારા તત્ત્વજ્ઞાન સમજાવતું અધ્યાત્મ વિષયનું સરળ પુસ્તક	૧૪૦	૦–૧૨	૦–૨
પરમાનંદની પ્રાપ્તિ—શુદ્ધાદ્વૈત મતથી બ્રહ્મનું નિરૂપણ રસિક વાતચીતરૂપે : વૈષ્ણવો માટે ખાસ ઉપયોગી... ...	૨૬૪	૧–૮	૦–૪
પરમ સુખી થવાના ઉપાય—શ્રીમન્નથુરામ શર્માકૃત ...	૩૩૬	૨–૦	૦–૪
પ્રભુમય જીવનનું રહસ્ય—મહાપુરુષોનાં ઉપદેશ-ભજનો ૬૦	૧૬૮	૧–૦	૦–૨
વિવેકાનંદસાર—વિવેકાનંદના સમગ્ર ઉપદેશોના સારરૂપ	૨૬૪	૨–૦	૦–૪
સ્વરૂપવિચાર—ગુરુ-શિષ્યના સંવાદરૂપે	૧૦૪	૦–૧૦	૦–૨
તુકારામગાથા—એ ગ્રંથમાં-ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય-પ્રેરક ૪૧૪૧ મરાઠી અભંગોનું સરળ ભાષાંતર	૧૮૪૦	૬–૦	૦–૧૫

સ્વામી રામતીર્થના સદુપદેશો—આત્મકૃપા, બ્રહ્મચર્ય, રાષ્ટ્રીય ધર્મ, આત્મસાક્ષાત્કારનો વિધિ, પ્રારબ્ધ નહિ પણ પુરુષાર્થ, યજ્ઞનું રહસ્ય, આનંદ, જીવતો કોણ છે ? ઇત્યાદિ બાબતો સમજાવતા

વ્યાખ્યાનો ઇત્યાદિ—(ગ્રંથ ૧લા રૂપે) આવૃત્તિ ૫મી	૫૬૪	૨–૮	૦–૬
સદુપદેશો ઇત્યાદિ—(ગ્રંથ ૩જા રૂપે)	૫૨૦	૨–૮	૦–૫

સ્વામી વિવેકાનંદના ઉપદેશો—ધર્મ એટલે શું ? ભક્તિનું ખરું સ્વરૂપ, વેદાંતનું કાર્ય, ભરતખંડનું ભવિષ્ય, આપણું કર્તવ્ય, પુનર્જન્મ, ભક્તિયોગ, મૂર્તિપૂજા, પ્રભુપ્રેરિત વાતો, પત્રો ઇ.

સદુપદેશો—આવૃત્તિ ૨જી (ભાગ ૪–૫ રૂપે) ... ૬૦૦ ૨–૪ ૦–૬
ભક્તિયોગ—આવૃત્તિ ૨જી (ભાગ ૮મા રૂપે) ... ૩૮૪ ૧–૮ ૦–૪

પાતંજલયોગ અને જ્ઞાનયોગ—(ભાગ ૧૦–૧૧મા રૂપે) ૫૬૦ ૨–૦ ૦–૫

પાતંજલ યોગસૂત્ર—ભગવાન પતંજલિનાં યોગસૂત્રો, અર્થ
તથા સ્વામી વિવેકાનંદના વિવેચન સાથે ... ૧૯૨ ૧–૦ ૦–૩

જ્ઞાનયોગ—આત્મા, વ્યાવહારિક વેદાંત, કલ્યાણનો પંથ, યાજ્ઞ-
વલ્કય અને મૈત્રેયી ઉપર વિવેકાનંદે આપેલાં વ્યાખ્યાનો ૨૩૬ ૦–૧૨ ૦–૨

રાજયોગ—સાધન, પ્રાણ, પ્રાણનું આધ્યાત્મિક રૂપ, પ્રાણનો
સંયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ ઇત્યાદિ
(સ્વામી વિવેકાનંદજીએ કરેલી ટીકા સાથે) ... ૧૩૬ ૦–૧૨ ૦–૨

આખ્યાનમાળા—ગ્રંથ ૧લો—સ્વર્ગસ્થ અનંતપ્રસાદકૃત: ધ્રુવ,
અંબરીષ,શબરી,નરસિંહ,મીરાંબાઈ ઇ૦નાં ૧૯ આખ્યાનો ૭૦૮ ૩–૦ ૦–૭

આખ્યાનમાળા—ગ્રંથ ૨જો—સ્વર્ગસ્થ અનંતપ્રસાદકૃત: કુંવર-
બાઈનું મામેરું, નામદેવ, તુકારામ ને વિઠોબા, ભીષ્મ-
પિતામહ ઇત્યાદિ ૨૪ આખ્યાનો ૭૨૦ ૩–૦ ૦–૬

વૈદિક વિનય—ખંડ ૧–૨–૩: રોજિંદા સ્વાધ્યાય માટે ચૂંટેલા
૩૬૦ વેદમંત્રો: ભાષાંતર–વિવરણ સહિત ... ૮૪૦ ૩–૧૨ ૦–૮

ઉપદેશસારસંગ્રહ—ઋષિવર તિરુવલ્લુવરના વેદતુલ્ય ઉપદેશો ૩૮૪ ૧–૮ ૦–૪

સુબોધરત્નાકર—ધર્મનીતિપ્રેરક ૧૦૫ ટૂંકાં દષ્ટાંતો ... ૩૦૦ ૧–૮ ૦–૪

વિભુની વાટે ને **રામાયણની રત્નપ્રભા**—ગુરુ-શિષ્યના ઉપ-
દેશાત્મક સંવાદ ને રામાયણ તથા આધુનિક યુગની તુલના ૧૬૪ ૦–૪ ૦–૨

સ્વ૦ પઢિયારકૃત પુસ્તકો

સ્વર્ગનું વિમાન—ભક્તિનો મહિમા સમજાવતા ૩૨૫ દાખલા ૩૭૨ ૨–૦ ૦–૪

સ્વર્ગની કૂંચી—સદ્‌વર્તન રાખતાં શીખવનારું બોધદાયક પુસ્તક ૩૭૨ ૨–૦ ૦–૪

સ્વર્ગનો ખજાનો—ભક્તિમાર્ગની ત્રીજી ચોપડી, દષ્ટાંતો સાથે ૩૧૨ ૨–૦ ૦–૪

સ્વર્ગનો પ્રકાશ—જ્ઞાન અને પરમાર્થનો સંબંધ તથા ...
પાગલ હરનાથની જાણવા લાયક વાતો ૩૩૬ ૨–૦ ૦–૪

સ્વર્ગની જિંદગી—કંગાલ મનોદશાને માટે ભોમિયારૂપે ... ૩૦૦ ૨–૦ ૦–૪

સ્વર્ગનો આનંદ–ભક્તિ ને તેના પ્રકારોની સમજ આપતું પુસ્તક	૩૬૦	૨–૦	૦–૪
સ્વર્ગની સીડી–મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવાનાં ૧૨ પગથિયાં ..	૩૬૦	૨–૦	૦–૪
સ્વર્ગની સડક–સ્વર્ગનો ટૂંકો ને સરળ રસ્તો બતાવતું પુસ્તક	૪૬૮	૨–૦	૦–૫
સંસારમાં સ્વર્ગ–સંસારને સ્વર્ગરૂપ બનાવવા આ પુસ્તક વાંચો	૩૪૮	૨–૦	૦–૪
સાચું સ્વર્ગ–ભક્તિ ને જ્ઞાનવિષયક સાદી વાતોઃ દૃષ્ટાંતો સાથે	૪૬૨	૨–૦	૦–૫

રામાયણ

ગિરધરકૃત રામાયણ–કવિ ગિરધરદાસની હસ્તપ્રત ઉપરથી	૭૬૨	૪–૮	૦–૧૦
માનસ રામાયણ–બે ભાગમાં, દોહા–ચોપાઈ બાળબોધ લિપિ અને ભાષાંતર ગુજરાતીમાં, ૩૦ ચિત્રો સાથે ...	૧૪૦૦	૭–૦	૧–૪
તુલસીકૃત રામાયણ–ગુજરાતી લિપિમાં, ૩૬ ચિત્રો સાથે	૧૪૩૨	૭–૮	૧–૫
,, ,, –ભાગ ૨જો–આવૃત્તિ ૭મી ...	૬૪૦	૩–૦	૦–૧૧
વાલ્મીકિ રામાયણ–નવી આવૃત્તિ સત્વર છપાશે.			
,, ,, –ભાગ ૨જો (આવૃત્તિ ૩જી) છૂટક મળશે.	૭૬૪	૩–૦	૦–૧૨

ભગવદ્ગીતા

પુરુષાર્થબોધિની ગીતા–(ત્રણ ગ્રંથોમાં) મૂળ શ્લોકો, પદચ્છેદ, અર્થ અને **પંડિત સાતવલેકરજી**ની વિસ્તૃત ટીકા સાથે	૧૦૭૪	૧૧–૦	૧–૨
જ્ઞાનસત્ર ગીતા–ગીતાના મૂળ શ્લોકો, પદચ્છેદ ને શબ્દાર્થ	૩૬૮	૧–૪	૦–૪
,, ,, **ગુજરાતી લિપિમાં** ગીતાના શ્લોકો, પદચ્છેદ તથા શબ્દાર્થ સાથે	૩૬૮	૧–૪	૦–૪
શ્રીમદ્ ભગવદ્ગીતા–મોટા અક્ષર, ગુજરાતી સરલાર્થ સહિત	૨૪૮	૦–૧૨	૦–૩
શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા–જ્ઞાનેશ્વર મહારાજે રચેલી **'ભાવાર્થદીપિકા'** નામની સરળ ને ભાવવાહી દૃષ્ટાંતોથી ભરપૂર ટીકા આપેલી છે. આવૃત્તિ ૭મી :	૮૮૮	૪–૦	૦–૮
શ્રીમદ્ ભગવદ્ગીતા–એક બાજુ શ્લોક ને બીજી બાજુ ભાષાંતરવાળી, ગુટકો કદ ૩॥×૫॥, બૉર્ડપટ્ટીનાં પૂઠાં ...	૪૮૦	૦–૮	૦–૩

શ્રીમદ્ ભગવદ્ગીતા–માત્ર ગુજરાતી ભાષાંતર–કદ ૩૦×૪૫: (માત્ર સંસ્કૃત પાઠ કરનારાઓ માટે ખાસ ઉપયોગી)	૨૮૮	૦–૪	૦–૧
मूळ मूळ भगवद्गीता–મોટા અક્ષર	૨૧૨	૦–૧૦	૦–૨
,, ,, મધ્યમ અક્ષર	૨૦૦	૦–૫	૦–૧
मूळ मूळ पंचरत्न भगवद्गीता : મોટા અક્ષર : પાન	૧૧૨	૦–૧૪	૦–૨
,, ,, મધ્યમ અક્ષર : પાન	૩૩૨	૦–૮	૦–૨
,, ,, લઘુ અક્ષર	૨૦૦	૦–૫	૦–૧

જીવનચરિત્રો

સ્વામી સહજાનંદ–ચરિત્ર તથા ઉપદેશો	૩૩૬	૧-૮	૦-૪
સાઈબાબા–શિરડીના સુપ્રસિદ્ધ મહાત્માનું વિસ્તૃત ચરિત્ર	૪૩૬	૩–૦	૦–૫
ચૈતન્યમહાપ્રભુ–ત્રણ ગ્રંથોમાં, વિસ્તૃત ચરિત્ર (સચિત્ર)	૧૫૯૬	૬–૮	૦–૧૫
જ્ઞાનેશ્વર મહારાજ અને **મહાત્મા એકનાથ**–બે ચરિત્રો	૫૦૪	૨–૮	૦–૫
રામકૃષ્ણ પરમહંસ–પ્રેરણાદાયી અદ્ભુત ચરિત્ર... ...	૬૦૮	૨–૮	૦–૫
સ્વામી વિવેકાનંદ–જીવનના પ્રસંગો આલેખતું વિસ્તૃત ચરિત્ર	૭૮૪	૩–૦	૦–૭
સ્વામી રામતીર્થ–વિસ્તૃત ચરિત્ર, વેદાંતના ઉપદેશો સાથે	૬૭૨	૩–૦	૦–૭
સંત તુકારામ–મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ સંતનું વિસ્તૃત ચરિત્ર	૬૪૮	૨–૮	૦–૬
સ્વામીશ્રી બ્રહ્માનંદ ને **શિવાનંદનાં ચરિત્રો**... ...	૪૨૪	૧–૬	૦–૪
શ્રીરામચંદ્ર દત્ત ને **નાગમહાશયનાં ચરિત્રો**... ...	૩૩૬	૧–૦	૦–૩
મ૦ સરયૂદાસજી, ભૂધરભક્ત ને **જાનકીદાસજી**નાં ચરિત્રો	૨૫૬	૦–૧૦	૦–૩
ભક્તચરિત્ર–નાભાકૃત ભક્તમાળમાં નહિ આવેલાં ૨૯ ભક્તોનાં પ્રેરણાદાયી ચરિત્રો (આવૃત્તિ ૨૭)	૫૨૮	૨–૮	૦–૫
આદર્શ ચરિત્રસંગ્રહ–ભાગ ૨જો–દેશપરદેશના સંતમહાત્માઓ, ઋષિમુનિઓ તથા વીર પુરુષોનાં ૭૦ ટૂંકાં ચરિત્રો	૬૨૪	૨–૮	૦–૭
ભારતના વીરપુરુષો–ઐતિહાસિક ૪૦ વીર પુરુષોનાં ચરિત્રો	૩૩૬	૧–૪	૦–૪
વીર દુર્ગાદાસ અથવા **મારુ સરદારો**–મારવાડના રાજપૂત યુગના નરકેસરીનું વીરત્વભર્યું વૃત્તાંત	૩૦૪	૧–૦	૦–૩
મુસ્લિમ મહાત્માઓ–૯૬ મુસ્લિમ સૂફી સંતોનાં ચરિત્રો	૭૫૬	૨–૪	૦–૭

સંત-વાણી

કર્મગાથા–કર્મની શ્રેષ્ઠ ભાવના સૂચવતો કાવ્યસંગ્રહ ...	૨૪૮	૧–૦	૦–૩
પરિચિત પદસંગ્રહ–૧૧૨ ભક્તોનાં ૬૯૭ ભજનોનો સંગ્રહ	૪૦૦	૧–૧૨	૦–૪
મીરાં અને **નરસિંહ**–(સંપાદક: ન્યાયમૂર્તિ હરસિદ્ધભાઈ દિવેટિયા) પસંદ કરેલાં ૧૯૩ ભજનો તથા પદો ...	૧૦૪	૦–૧૨	૦–૨
અખાની વાણી–અઘરા શબ્દોના અર્થ તથા સુધારાવધારા સાથે	૫૦૪	૩–૦	૦–૬
દીવાને સાગર–જીવનસાફલ્યનો ઉલ્લાસ આપતો ગઝલસંગ્રહ	૪૮૦	૪–૮	૦–૫
ભજનસાગર–જુદાજુદા ભક્તોનાં ૯૩૧ ઉત્તમ ભજનોનો સંગ્રહ	૯૮૮	૨–૮	૦–૬
પ્રીતમદાસની વાણી–ધોળ, છપ્પા, કક્કા, મહિના ઇ. નો સંગ્રહ	૫૬૦	૨–૮	૦–૪
तुकाम्हणे–પસંદ કરેલા અભંગો, મરાઠીમાં	૧૨૦	૦–૫	૦–૨

સ્ત્રી તથા બાળોપયોગી સાહિત્ય

સ્ત્રીઓના વિવિધ પ્રશ્નો–સ્ત્રીઓની કેળવણી, વારસાહક્ક, ગામડાની સ્ત્રીઓનો પ્રશ્ન, કાર્યક્ષેત્ર, શારીરિક સંપત્તિ, ગૃહઉદ્યોગ તથા સ્ત્રીઓની ફરજ ઇત્યાદિ અનેક વિષયો	૨૬૪	૧–૮	૦–૪
કલ્યાણમયી–સ્ત્રી ઉપયોગી વાર્તા પુસ્તક (બીજી આવૃત્તિ)	૨૨૪	૧–૦	૦–૩
શ્રીશારદામણિદેવી–(ચરિત્ર) લે૦ આનંદ ચૈતન્ય	૧૦૪	૦–૮	૦–૨
ટૂંકી વાર્તાઓ–ગ્રંથ ૧લો–સામાજિક નિર્દોષ ટૂંકી ૬૬ વાર્તાઓ	૫૮૮	૨–૮	૦–૬
,, ,, –ગ્રંથ ૨જો–કુટુંબ માટે ઉપયોગી ૫૭ વાર્તાઓ	૫૭૬	૨–૮	૦–૬
,, ,, –ગ્રંથ ૫મો–સ્ત્રી-પુરુષો માટે જરૂરી ૫૬ વાર્તાઓ	૪૦૮	૨–૮	૦–૪
,, ,, –ગ્રંથ ૬ઠ્ઠો–સર્વ માટે ઉપકારક ૮૬ વાર્તાઓ	૭૨૦	૨–૮	૦–૬
ભારતની દેવીઓ–ગ્રંથ ૧લો-પ્રાચીન યુગની ૧૧૩ સતીનાં ચરિત્રો	૭૩૨	૩–૦	૦–૬
,, ,, –ગ્રંથ ૨જો–મધ્યયુગનાં ઐતિહાસિક ૨૪૯ ચરિત્રો	૭૩૨	૩–૦	૦–૭
,, ,, –ગ્રંથ ૩જો–મધ્યયુગ ને અર્વાચીન ૧૬૬ ચરિત્રો	૮૦૪	૩–૦	૦–૭
બાલભારત–(સચિત્ર) ખાસ બાળોપયોગી સંક્ષિપ્ત મહાભારત	૨૮૮	૧–૮	૦–૪
બિરબલ અને **બીજા**–લે૦ જ્યોતીન્દ્ર હ૦ દવે : : બાદશાહ અને બિરબલની તથા બીજી રમૂજી વાતોનો સંગ્રહ ...	૨૮૦	૧–૮	૦–૩
બાળસદ્‌બોધ–વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ	૧૨૦	૦–૪	૦–૧

સદ્‌ગુણી બાળકો—લે. સ્વ૦ નારાયણ હેમચંદ્ર : સાહસ, શૌર્ય
અને પરોપકારવૃત્તિ જેવા સદ્‌ગુણો પ્રેરતું પુસ્તક ... ૧૩૬ ૦–૮ ૦–૨

ભારતીય નીતિકથાઓ—મહાભારતમાંની પર બોધક વાતો (છપાય છે.)

સુબોધક નીતિકથા—સ્વ૦ બિરબલકૃતઃ ૧૫૨ બોધપ્રદ વાતો ૨૩૨ ૦–૮ ૦–૨

બાળકોની વાતો—ભાગ ૧લો : બોધપ્રદ ૨૧ વાતો ... ૮૪ ૦–૬ ૦–૨

" " —ભાગ ૨જો : બોધપ્રદ ૬૧ લેખોનો સંગ્રહ ૨૬૪ ૦–૮ ૦–૩

પ્રકીર્ણ સાહિત્ય

સ્વામીશ્રી અખંડાનંદજીના પત્રો—૮૫ બોધદાયક પત્રો ૨૪૮ ૧–૪ ૦–૨

સુવર્ણયુગ—લેખક કનૈયાલાલ મુનશી ૯૨ ૦–૮ ૦–૨

આત્મનિરીક્ષણ અને **સંકલ્પ**—લે૦ રમણલાલ વ૦ દેસાઈ
સ્વસુધારણાની પ્રેરણા આપતું પુસ્તક : બીજી આવૃત્તિ ૧૬૮ ૧–૦ ૦–૨

સાહિત્યપ્રારંભિકા—લે. હિમ્મતલાલ ગણેશજી અંજારિયા ૧૪૪ ૧–૦ ૦–૨

ગુજરાતની ગઝલો—દી. બ. કૃષ્ણલાલ ઝવેરી–સંપાદિત
જુદીજુદી ૮૯ ઉત્તમ ગઝલોનો સંગ્રહ ... ૧૮૦ ૧–૦ ૦–૨

કચ્છની લોકવાર્તા—શ્રી. ડુંગરશી ધરમશી સંપટકૃત
રાજપૂતયુગની કચ્છ દેશની ઐતિહાસિક ઘટનાઓ ... ૩૫૪ ૨–૦ ૦–૪

ચેતના અને પ્રેરણા

અંતરની વ્યથા—લે૦ 'સોપાન' :: ૫ આત્મકથાઓ ૧૯૨ ૧–૪ ૦–૩

સુબોધકથાસાગર—બોધદાયક ૫૦૫ દૃષ્ટાંતોનો સંગ્રહ ... ૪૬૪ ૨–૦ ૦·૫

આગળ ધસો—('પુશિંગ ટુ ધી ફ્રન્ટ'નું ભાષાંતર : આ૦ ૩જી) ૪૬૮ ૨–૮ ૦–૫

સુખી જીવનનાં સાધન—આનંદી જીવન માટે ઉત્સાહપ્રેરક ૩૧૨ ૧–૮ ૦–૪

આદર્શ દૃષ્ટાંતમાળા—ભાગ ૧લો બોધક ૪૨૪ ટૂંકાં દૃષ્ટાંતો ૪૩૨ ૨–૦ ૦–૪

" " —ભાગ ૨જો–બોધક ૩૯૫ ટૂંકાં દૃષ્ટાંતો ૪૯૬ ૨–૦ ૦–૫

કતલખાનું—શ્રમજીવીઓનાં દુઃખ તથા ધનિકોની નિર્દયતા
દર્શાવતી નવલકથા (અપ્ટન સિંકલેરકૃત) ૬૯૬ ૩–૦ ૦–૬

શુભસંગ્રહ—(ભા. ૨) દવાઓ ને ઉપયોગી માહિતી, ૧૪૮ લેખો ૫૪૪ ૨ ૮ ૦ ૫
,, —(ભા. ૯) ,, ,, ,, ૧૬૫ લેખો ૭૩૬ ૨–૮ ૦–૬
સુબોધપુષ્પવાટિકા—શેખસાદીકૃત આ પુસ્તકમાં રાજનીતિ, ત્યાગીની રહેણીકરણી, મૌનનો મહિમા, શિક્ષણનું ફળ ઇ૦છે. ૧૩૬ ૦–૫ ૦–૨

આરોગ્ય અને વૈદક

ખોરાકના ગુણદોષ—લેખકઃ ડૉ. રસિકલાલ જે. પરીખઃ આયુર્વેદ પદ્ધતિથી આપણા રોજના ખોરાક માટે માર્ગદર્શન આપતું પુસ્તક—સુધારાવધારા સાથે નવી આવૃત્તિ ૧૦૦ ૦–૧૦ ૦–૨

ઔષધિ કલ્પલતા—જડ ને હઠીલા રોગો ઉપર જુદીજુદી સાદી ૪૩ ઔષધિઓના સેવન વિષે સમજૂતી આપતું પુસ્તક ૧૧૨ ૦–૧૨ ૦–૨

આર્યભિષક્ અથવા **હિંદુસ્તાનનો વૈદ્યરાજ**—અનેક વનસ્પતિઓનાં ગુણદોષ ને ઉપયોગ તેમ જ રોગો: તેમનાં લક્ષણ ને કારણ તથા ઉપચારોનો મહાન ગ્રંથ ૮૩૨ ૬–૦ ૦–૧૩

આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન—લે૦ ગાંધીજી :: શરીરરચના, હવા, પાણી, ખોરાક, કસરત, કપડાં, પાણીના તથા માટીના ઉપચાર, ગર્ભવેળા સ્ત્રી–પુરુષનું કર્તવ્ય વગેરે બાબતો ૧૨૮ ૦–૮ ૦–૨

વૈદક સંબંધી વિચારો—ભાગ ૧લો : ઉપયોગી ૧૬૩ લેખો ૬૮૪ ૨–૦ ૦–૭
,, ,, —ભાગ ૨જો : ઉપયોગી ૧૨૮ લેખો ૪૩૨ ૧–૧૨ ૦–૫

આયુર્વેદ નિબંધમાળા—ભાગ ૧લો તથા ૨જો (વૈદ્ય તિલકચંદ તારાચંદકૃત) આયુર્વેદ ચિકિત્સાપદ્ધતિએ અનેક રોગ, તેમનાં લક્ષણ, કારણ ને સચોટ ઉપચારો સમજાવતો ગ્રંથ. ૧૧૫૨ ૪–૪ ૦–૧૦

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે, પોસ્ટ બોક્સ નં. ૫૦, **અમદાવાદ** અને
કાલબાદેવી રોડ, હાથી બીલ્ડિંગ, ત્રીજે માળે, **મુંબઈ–૨**

૧ : ગામનું કામ

ગામનું ભાંજઘડિયું મંડળ ભેગું થયું હતું. ગામને પાંચસો રૂપિયાની જરૂર હતી; જો કે નરેન્દ્રના મંડળ સિવાય બીજાઓને તેમાં જરૂરિયાત જેવું બિલકુલ લાગતું નહિ.

"ગામ બંધાયે કેટલી યે પેઢીઓ થઈ ગઈ; છતાં તળાવને આરા વગર ચાલ્યું અને હવે નહિ ચાલે?" આગળથી થયેલી ગોઠવણ પ્રમાણે વલ્લભભાઈએ કહ્યું. રાયસંગે એને ટેકો આપ્યો: "એ તો પૈસા હોય તો બધું ય; નહિ તો લાકડાની બે છાટો નાખી એટલે એ આરો."

જે બોલે તેમાં ટેકો જ આપવાનું સમજેલા ધરમભાઈ બોલ્યા: "બીજાં ગામોમાં એ બધું થાય છે, ત્યાં ઓછી આપણી પેઠે પૈપૈ ભેગી કરવાની છે? એક જણ રકમ આપી દે એટલે પત્યું!"

છોટાભાઈ જો કે અત્યારે મુખીપદ ઉપરથી ફારેગ થયા હતા; છતાં ગામમાં એમનું વર્ચસ્વ તેમ જ મુખીની અટક કાયમ હતાં; અને એ ય તમે માનતા હો તો ભલે, કે સરકારે એમની પાસેથી પટલાઈ એમને નાલાયક ઠેરવી લઈ લીધી; નહિ તો અત્યારે ય વાત નીકળે ત્યારે એ તો કહે

છે: "અમથી મેં પટલાઈ મૂકી દીધી હશે? મળવાની ધૂળ ને ગોદામણનો પાર નહિ." નરેન્દ્ર સાથે ભૂતકાળમાં બોલવાનો ય સંબંધ જે નહોતા રાખતા, તે હવે ભૂતકાળ ભૂલી ગયા હોય તેવો વ્યવહાર રાખતા. એમણે છેવટે પોતાનો અભિપ્રાય આપ્યો: "એ તો આપણે બધું ય સમજીએ છીએ, કે આ ગામમાં કશું થાય એવું નથી; નહિ તો હમણાં બધા ઘરદીઠ રૂપિયો-રૂપિયો આપે, તો ય સહેજમાં પાંચસો રૂપિયા ભેગા થઈ જાય. કોની સ્થિતિ આપે તેવી નથી? પણ આ તો જ્યારે હોય ત્યારે પાંચ દશ ભેગા થતા હોય તેમની ઉપર જ ભાર! નહિ તો મારી આખી જિંદગી કોર્ટ-કચેરીમાં ગઈ; છતાં સરકારમાંથી પૈસા ખેંચી લાવ્યા વગર રહું? આ ધરમપરાનો કૂવો, રાજૂપરાનો ખડિયાટ અને નાયરનો લાકડાનો પૂલ, મેં જ નડિયાદના ચુનીભાઈ દેસાઈની ચિઠ્ઠીથી મંજૂર કરાવ્યાં હતાં; પણ આ તો આપવાનું થાય, એટલે વેગળા બેસે; એમ કામ થતાં હશે?" આમ ગામના દરેક કામ વખતે દરેક ઘરને સરખી સ્થિતિમાં મૂકી, પોતાના જેવા સારી સ્થિતિવાળા માણસને વધારે ભાર લેવા વખત ન આવે, તેની બરાબર કાળજી એ મુખી રાખતા હતા.

નરેન્દ્રે કહ્યું: "ભઠ્ઠીના રૂપિયા કેટલા આવે છે?"

છોટાભાઈએ જવાબ આપ્યો: "ભઠ્ઠીના રૂપિયા તે કેટલા પહોંચે? હવન કરવો હોય તો ય ભઠ્ઠી, નાગડા આવ્યા

હોય તો ય ભઠી, પરબ માંડવી હોય તો ય ભઠી! ગામેળા વખતે કસૂંબો કરવો હોય તો ય ભઠી! મલ્લને જ દશ રૂપિયા કેટલું યે કહ્યું ત્યારે રામચરણે આપ્યા અને પછી એણે કહ્યું : 'મારી પાસે હવે ગામની સિલક નથી. મારા જ ઊલટા ગામ પાસે સો–બસો રૂપિયા નીકળતા હશે."

નરેન્દ્રે કહ્યું : "પણ નાગડા ને મલ્લને અપાવો છો શું કામ?"

છોટાભાઈ મીઠું હસી બોલ્યા : "સાંભળ્યું, જેઠાભાઈ! નરેન્દ્ર તો જાણે છે કે આપણને આપવાનો ભાવ થતો હશે."

જેઠાભાઈ: "આપણે તે શું મરીએ? ગામમાં અમે જ નવરા, એટલે જ્યારે હોય ત્યારે હડીએ ચઢીએ. ખેતરમાં જતો હતો, ત્યાંથી બે નાગડા મને ઊંચકી લઈ ગયા....."

"તમે તો જાણે રસ્તામાં હડીએ ચડ્યા, પણ હું તો ત્રીજે માળ ચઢીને સૂતો હતો, ત્યાંથી ખોળી કાઢ્યો." છોટાભાઈએ કહ્યું.

રાયસંગે કહ્યું: "તમે આવ્યા તે પહેલાં મહંતને બે વાર પગે લાગ્યો, કે ગામની સો રૂપિયા આપવાની સ્થિતિ નથી."

"ત્રીસ રૂપિયા ને પાકું સીધું છેવટે કબૂલ કર્યું, ત્યારે જ મને તો ખાવા ય ઊઠવા દીધો." ગેમલે કહ્યું.

મૂળ વસ્તુને મુદ્દા ઉપર લાવતાં ચુનીભાઈએ પૂછ્યું: "એમ પાંચસો રૂપિયા વરસમાં કંઈ વપરાઈ જતા હશે?

આજે પંદર વરસથી ભઠ્ઠીનો ઈજારો અપાય છે. સારાં વરસોમાં તો સાતસો રૂપિયા આવતા હતા; છતાં એનો હિસાબ જ કોણ જાણે છે ?"

એ જવાબને ઉડાવી મૂકતાં છોટાભાઈ બોલ્યા: "તમે હજુ ગામનાં કામ કર્યાં નથી, એટલે ઊજળું-ઊજળું દેખ્યા કરો છો; અનુભવ થશે ત્યારે ખબર પડશે. હું તો કે' દહાડાનો કહું છું, કે મને તમે ગામના કામમાં બોલાવશો જ નહિ; તમે જે કરશો તે આપણે કબૂલ છે."

નરેન્દ્રે જણાવ્યું : "પાંચસોને અભાવે તો સરકારના હજાર જતા રહેશે."

ચુનીભાઈ: 'રૂપિયા શું ખૂએ ? ગમે તેમ કરી ભરવાના.'

છોટાભાઈ : "આપણે તો ગામમાં સારું થતું હોય, તે જોવા હમેશ રાજી છીએ; પણ હવે આપણાથી કામ થતું નથી. ઘર દીઠ, ભાગ દીઠ, ગમે તે રીતે ભેગા કરવાનું કહેતા હો તો ય કબૂલ છે." એમને તો બે વાત સાચવવી હતી: એક તો સ્થિતિ પ્રમાણે ટીપમાં ન ભરવું અને બીજું ભઠ્ઠીમાંથી પૈસા ન જવા જોઈએ, જેથી પોતાના ખિસ્સામાં આવતા અટકી ન પડે. છેવટે ભલે કામ ન થવાનું હોય તો ન થાય, પણ વિરોધીઓએ આણેલી દરખાસ્ત ઊડી જતી હોય, તો એ તેથી ય રાજી હતા; પણ પોતે એનું કારણ ન દેખાય એ ધ્યાન રાખતા.

એમનો ભત્રીજો ગણપત બોલ્યો: "ભાગ દીઠ જ રાખો ને."

નરેન્દ્ર: "ભાગની જવાબદારી કોણ લે?"

છોટાભાઈ: "દરેક ભાગના અહીં છે, તે પોતપોતાના ભાગના માથે રાખે. રાયસંગ એમના વાંટાનું, તારાચંદ મહાજનનું ને ગેમલ એમના પાડિયાનું માથે રાખે."

ગોરધને હિસાબ કરી નાખ્યો: "મહાજનના બે ભાગ, એટલે દરેક ભાગને પચાસ–પચાસ રૂપિયા આવે."

"એ જ બરાબર છે. લો, હું તો ગાડીએ જવું છે એટલે ઊઠીશ." એમ બોલીને છોટાભાઈ ઊઠ્યા.

રૂપિયા ક્યારે ભેગા કરવા અને તેમ ન બને તો શી વ્યવસ્થા કરવી, તેનો કંઈ વિચાર કર્યા વગર બધા ચાલતા થયા. અંતરના ઉમળકા વગરની સભાઓમાં બીજું શું પરિણામ આવે?

ગામમાં આ યોજના જાહેર થઈ, એટલે ચર્ચા જામી. જે ભાગમાં થોડાં ઘર હતાં, એ ભાગના લોકો કહેતા: 'અમારા ભાગમાં ઘર પાંચ એટલે અમે દશ–દશ આપીએ અને બીજાઓને ભાગ તો બે–બે જ આવે, ખરું ને?'

'આવું તે હોતું હશે! ઘરદીઠ ઉઘરાવે તો જ આપીશું.'

કોઈ કહેતું: 'તમે નહિ આપો, પણ તમારા ભાગના રણછોડે માથે રાખ્યા, એટલે એને તો આપવા જ પડશે ને?'

'એ તો બધું કબૂલ કરીને આવે; અમે ક્યારે કહ્યું હતું ?'

રણછોડ: 'ભાગવાળા ન આપે, તો હું ઓછો ઘર-માંથી આપવાનો હતો?'

ત્યાં વળી વાંઢા બીજું જ કહેતા: 'અમારે એવા પૈસા આપવાના નથી. અમારાં બૈરાં આવે, ત્યારે ના ધોવા દેશો, જાઓ.'

વાંટામાં વળી જુદી જ વાત થતી હતી:

એક: 'ગામના કામમાં આપણને વળી ક્યારે કોઈ પૂછે છે?'

બીજો: 'ખાવાનું હોય ત્યારે નહિ, પણ આપવાનું હોય ત્યારે આગળ!'

ત્રીજો: 'આ રાયસંગ એવા તે જાય; આપણે જવાની શી જરૂર!'

ચોથો: 'છો ને ગયા, આપણે આપવા હોય ત્યારે ને?'

રાયસંગ હુક્કાનો દમ લેતાં બોલ્યા: 'અમથા અક-ળાઓ છો. તમારા કહ્યા વગર જ એનું નામ કંઈ નહિ; કોઈયે આપવાનું નથી.'

ગેમલ બારૈયાના પાડિયાના લોકો ત્રીજું જ બોલતા હતા: 'ભઠ્ઠીમાંથી લઈને રૂપિયા આપ્યા હોત તો?'

'એમાંથી પાંચસો આપી દે, ત્યારે આખું વરસ એમને પાવા જોઈએ તે?'

'કશું ય કોઈથી અજાણ્યું નથી. પેલા ખેડિયામાં, આપણા ઘરમાં ખાવા બાવટો ય નહોતો ત્યારે ગેમલના ઘરમાં ચોખા ઓરાતા!'

'ભઠ્ઠીમાંથી એ બધું આવતું હતું, એ કંઈ આપણે નથી જાણતા?'

'પણ રામચરણે ય જાણે છે, કે આખું પાડિયું એનું માને છે, એટલે એનું મોં ભાગ્યું એટલે બસ; નહિ તો આપણા પાંચ શેર દૂધના ત્રણ આના કરાંજીને આપે છે અને એની વહુને જે આપે છે, તે જોયા વગર મૂઠી વાળી અમસ્તી ઘેર આવતી હશે?'

'એ તો બધું અત્યારે ને? એ હોય ત્યારે બોલાય છે?'

'હું તો આ વખત ચોખ્ખું ના કહેવાનો છું.'

પાંચ દિવસ થયા છતાં એનું કંઈ પરિણામ ન આવ્યું. રૂપિયા ભરવાની મુદત હવે દશ જ દિવસ બાકી હતી. નરેન્દ્ર ફરીથી બધાને ભેગા કરવા મથવા લાગ્યો. બે દિવસે બધા તો નહિ, પણ ઘણાખરા ભેગા થયા.

પ્રથમની યોજના નિષ્ફળ ગઈ હતી, એટલે ફરી દરેકની નજર ભઠ્ઠી તરફ ગઈ. રામચરણને બોલાવ્યો. એણે કહ્યું: 'હજુ મારા નહિ નહિ તો ય ગામ પાસે સો-સવાસો રૂપિયા નીકળતા હશે; છતાં નવા વરસના પાંચસો રૂપિયા આપવામાં મને વાંધો નથી; પણ પછી આખા વરસ સુધી

એક પાઈ નહિ આપું.' એમ કહી એણે એક પછી એક છોટાભાઈ, રાયસંગ, ગેમલ તરફ દૃષ્ટિ કરી; જાણે કહેતો ન હોય, કે પછી ખિસ્સામાં મૂકવાના ખોળશો તે નહિ મળે!

છોટાભાઈના મુત્સદ્દી મગજે એની નોંધ લઈ કંઈ ઘાટ ઘડવાનો વિચાર કર્યો હોય તેમ કહ્યુંઃ 'સારું, અમે વિચાર કરીને કહીશું.' અને રામચરણ ઊઠીને વિદાય થયો, એટલે એ બોલી ઊઠ્યા: 'ગામને કાલ ઊઠીને બીજા કામમાં પૈસા જોઈએ અને ન આપે તે ચાલે? બસ, આ સાલ એને ઇજારો આપવો જ નથી.'

વીરાભાઈ ઊકળી ઊઠ્યાઃ 'ગામમાં બીજો દુધારો ઘાલ્યા વગર એને ખબર નહિ પડે.'

રાયસંગઃ 'આપણને એના વગર બીજો ક્યાં સૂઝે છે? નહિ તો આજુબાજુનાં ગામો કરતાં અહીં એકાદ આનો ભાવ ઓછો જ હોય છે.'

છોટાભાઈઃ 'અદેસરની ડેરીવાળો મને બે વરસથી ભાઈબાપા કર્યા કરે છે. પહેલી સાલ તો, ભલો હોય તો પગપેસારો કરવા, પાંચસોને બદલે સાતસો આપે; છતાં મારા મનને જાણે જૂના માણસને કોણ કાઢે?'

ગેમલઃ 'એ તો જૂની જળોની માફક ગામનું લોહી પી ધરાઈ ગયો છે, એટલે એને બહુ ગરજ નથી.'

ભીખાભાઈઃ 'આપણને ય એની શી પડી છે? ઘાલોને એ ડેરીવાળાને, એટલે એને ય ખબર પડે.'

નરેન્દ્ર આ બધી ચર્ચા વગર બોલ્યે સાંભળતો હતો, એટલે છોટાભાઈ બોલ્યાઃ 'જોયું આ ગામનું કામ? છે કશાનું ઠેકાણું? એ તો સારું છે, કે બીજો આપણી પાસે તૈયાર છે; નહિ તો એના ઉપર બેઠા હોઈએ, તો બધું માર્યું જ જાય ને?'

નરેન્દ્ર તો સમજતો હતો, કે ઇજારાની રકમ લીધા પછી એ મુદત દરમિયાન કેવી રીતે બીજી માગણી થઈ શકે? છતાં એણે છોટાભાઈના પ્રશ્નનો કંઈ જવાબ ન આપ્યો.

છેવટે બીજે દિવસે અદેસરની ડેરીવાળાને દૂધનો ઇજારો આપવા જવાની વ્યવસ્થા કરી મંડળ વીખરાયું.

× × ×

રાત્રે નવેક વાગે દૂધની તપેલી લઈ ગેમલ ઘેરથી નીકળ્યો, ત્યારે ભવાને પૂછ્યું: 'કેમ, ગેમલકાકા! આટલું મોડું?'

ગેમલ દૂધની તપેલી સ્થિર કરી બોલ્યો: "બીજું શું? ભાંજગડિયાનાં છોકરાં ભૂખે મરે, તે આનું નામ! નહિ પેલા સુધારો કરવા નીકળ્યા છે? તેમણે આરાનું તૂત ઊભું કર્યું છે, તે એમની ભાંજગડમાં આખો દહાડો ગયો. છેક સાંજ પડી એટલે ખેતરમાં આંટો મારવા ગયો, તેથી મોડું થયું. જરા ખાધું અને હુક્કો પીતો હતો, ત્યારે 'એ' કહે: 'હજુ દૂધ રેડવા જવાનું બાકી છે.' એટલે થયું,

લાવને જીવ, હું જ આપી આવું." ગુનેગાર ન્યાયાધીશ આગળ નિર્દોષતાનું નિવેદન કરે, તેમ ગેમલે સવિસ્તર હકીકત કહી.

ગેમલ ગયો ત્યારે રામચરણ વધેલું પરચૂરણ ગણી, હિસાબ મેળવી કોથળીમાં મૂકવા જતો હતો. બે જણે હમણાં જ દૂધ રેડ્યું હતું, તેના પૈસા તેઓ ગણતા હતા. ગેમલે 'હાશ' કરી બીડી ફૂંકવા માંડી, ત્યાં તો પૈસાને ખિસ્સામાં મૂકી પેલા બે જણ ચાલ્યા ગયા. ગેમલને જોઈતી વસ્તુ–એકાંત–મળી ગઈ.

એણે મૂળ વાત શરૂ કરી: 'જુઓ, રામચરણ! પછી તમે અમારો વાંક કાઢશો. કહેશે કહ્યું નહોતું!'

રામચરણ થયેલો ઠરાવ જાણતો હતો. એણે કહ્યું: "રૂપિયા અગાઉ આપી દઉં, પછી બીજા ક્યાંથી આપું?" ગેમલ: "જુઓ, આપણો સંબંધ આજ નવો નથી; છતાં તમે અમને ય બાજુએ મૂકો, એટલે બીજો શો ઉપાય?"

રામચરણ ગામમાંથી પગ કાઢવા ખુશી ન હતો. તેણે ફેરવી તોળ્યું: "તમારું કોઈ દિવસ ભૂલ્યો છું? હું તો ગામની વાત કરતો હતો."

ગેમલ: "ગામની ક્યાં વાત છે? એ તો ત્યાં તમે અમારી તરફ તાકીને કહ્યું, કે પછી મારાથી એક પાઈ નહિ અપાય."

રામચરણ લુચ્ચું હાસ્ય મોં ઉપર લાવી બોલ્યો : "તમે ય ભલા માણસ છો ને! તમારું તો હું ક્યાં નથી જાણતો ?"

ગામડામાં ટેલીફોન નથી, છતાં ટેલીફોન કરી કોઈએ બોલાવ્યા હોય, તેમ રાતના સાડાદશ વાગ્યે છોટાભાઈ મુખી પથારીમાંથી બેઠા થયા. ગામડાના રસ્તાઓ ઉપર ભાગ્યે તે વખતે અવરજવર હોય છે; છતાં તેમણે અગમચેતી વાપરી હાથમાં પાણી ભરેલો લોટો લીધો. થોડેક ગયા, ત્યાં ખેતરમાંથી આંટો મારી પાછો આવતો મોહન મળ્યો.

એણે પૂછ્યું: 'કેમ છોટાકાકા! આમ અત્યારે?'

પેટમાં ચૂંક આવતી હોય તેમ મોં કટાણું કરી એ બોલ્યા: 'મૂળે શરીર વાયડું; તેમાં કંઈ શાકનું ઠેકાણું ન પડ્યું, એટલે વાલ કર્યા હતા. બપોરે બે દાણા ખાધા, ત્યારથી પેટમાં ગુડગુડ થયા કરે છે.'

અને ચારે બાજુ નજર કરી રસ્તા ઉપર આવેલી ભકીમાં એમણે ઝડપથી પ્રવેશ કર્યો. જાણે રસ્તે જતાં ઇરાદા વગર આવ્યા હોય તેમ બોલ્યા: 'હજુ જાગો છો કે શું?'

પછી તો એમણે ગામના મુત્સદ્દીને છાજે તેમ વાત શરૂ કરી: 'અમને તો તમે નહિ તો બીજો, અમારાથી ફાયદો થતો હશે તો આપ્યા વગર નહિ રહે. આટલા

વરસથી હિસાબ નથી જોયો તે લોકો જ્યારે જ્યારે વાત કરે છે, ત્યારે ત્યારે અમારે જ સમજાવવા પડે છે. તમે અમારો ધસારો વેઠતા હશો, પણ એથી તમને ફાયદો નથી, એમ માનો છો? બીજો વધારે આપવા તૈયાર હોવા છતાં એને નથી આપતા, તે શું અમસ્તું? એ તો જાણે નવાનવાને ભાંજગડમાં ભેળવવા, તેના કરતાં આપણે જૂનો સંબંધ છે તે શો ખોટો?'

દૂરદૂરનો મુલક મૂકી અહીં કમાવા આવેલો રામચરણ કંઈ એમનાથી ગાંજ્યો જાય એવો ન હતો. એણે કહ્યું: "આજકાલ કરતાં મને અહીં આવ્યાં પંદર વર્ષ થયાં. હું તમારો ક્યાં ભોમિયો નથી? તમારી વાત ઓછી મારી જાણબહાર છે?"

છોટાભાઈ: "હું તમને ક્યાં નથી ઓળખતો? પચાસ વધારે ધસાવા વખત આવે, તો ય તમે ક્યાં ના પાડો એવા છો? પણ આ તો અમારે ય લોકોને દેખાડવું પડેને, કે ગમે તેને ઇજારો આપો, એની અમને લેવાદેવા નથી?"

છોટાભાઈના મુત્સદ્દી મગજે ખ્યાલ કરી લીધો હતો, કે દર સાલ તો જે રૂપિયા ખિસ્સામાં પડતા હતા, તે ઇજારાની મૂળ રકમમાંથી જ આવતા; પરંતુ આ સાલ બધા રૂપિયા આપી દીધા પછી એ હાથ મૂકવા ન દે, તો એક વર્ષ સુધી તો કંઈ બોલી ન શકાય; માટે એનો ય સાથેસાથે

ઘાટ ઉતારી દેવો જોઈએ.

એટલે લોટામાંનું પાણી ત્યાં ઢોળી, રામચરણની કોથળીમાંથી નીકળેલી પચાસની પાંચ નોટોમાંથી એક ગેમલના ગજવામાં મૂકી એ ઊભા થયા ને બોલ્યાઃ "લો, હવે હું તો જઈશ?"

બંને ગયા એટલે રામચરણ બબડ્યોઃ "બેટાઓ! તમે તમારે રાજી થાઓ ને; મારે તમારા નહિ ને તમારા ભાઈઓના જ લૂંટીને આપવાના છે ને?"

બીજે દિવસે નરેન્દ્રે પૂછ્યું: "છોટાકાકા, જવાનું શું કર્યું?" ગઈ કાલે ઊકળી ગયેલા છોટાભાઈ હસતાં-હસતાં આજ જુદું જ બોલ્યાઃ "એમ કોઈના પેટ ઉપર પાટુ મરાય છે? એને પૂછીએ, છતાં ન માને તો ફરી એ તો છેસ્તો!"

અને એ દહાડે ગઈ કાલની શરત પ્રમાણે જ આરાના પાંચસો રૂપિયા ભક્ષીના ઇજારામાંથી લઈ સરકારમાં ભર્યા.

ચુનીભાઈના મગજે આ મુત્સદ્દીગીરી પારખી હતી; છતાં એને એટલો સંતોષ હતો, કે પંદર વર્ષથી ભક્ષીના ઇજારાની રકમના થતા દુર્વ્યયમાંથી એક વર્ષની રકમ તો બચાવી છે. આવતે વર્ષે વળી જોયું જશે.

અને આટલું ય ગામનું કામ થયાનો એને હર્ષ હતો.

૨ : પિંડનો દેનાર

રેવા વાત કરવાનો બહુ લાગ શોધતી, પણ હીરા એની સાથે પડછાયાની માફક હોય, એટલે એનો ગજ વાગતો નહિ; પણ પેલી નફરખંદી જોજણે હીરાનો ઘડો પાણીમાં ડૂબે તે પહેલાં હેલાળો મારી પોતાનો ઘડો પાણીમાંથી બહાર ખેંચ્યો અને એના છાંટા હીરાના ઘડાને ઊડ્યા. ઘડો સોળવાયો, એટલે એના ગુના માટે હીરાએ થોડાં બોધવચનો(!) સંભળાવ્યાં, ત્યાં સુધી તો દરેક સ્ત્રી ઊભી રહી હતી. પણ બદલે બીજો ઘડો આપવાના નિકાલ પછી સૌ ચાલવા લાગ્યાં, સાથે રેવા અને હીરા ચાલ્યાં. પણ હજુ બાકી હોય તેમ હીરા ઊભી રહી, મોં ફેરવી જોજણને બાકી રહ્યું હોય, તેમ એકાદ વાક્ય વધુ કહેવા ગઈ, ત્યાં સુધીમાં બહુ દિવસથી શોધતી હતી એ ક્ષણિક લાગ રેવાને મળી ગયો.

રેવાએ ધીમેથી બીતી હોય તેમ કહ્યું : ' વીણાબેન ! જરા નરેન્દ્રભાઈને કહેજો, કે એમને બે વાનાં કહે. બે આંખે.......' અને હીરાએ પગ ઉપાડ્યો એટલે ચાંપ દાબતાં વીજળીનો દીવો આપોઆપ બંધ થઈ જાય તેમ એની જીભ બંધ થઈ ગઈ.

એ વખતે હીરા હતી એટલે કોઈ કંઈ બોલ્યું નહિ. પણ ઘેરથી આવતી વખતે ચંપાએ પૂછ્યું: 'વીણા! અલી એ શું કહેતી હતી?'

સૂરજ વચ્ચે બોલી: 'શું કહેવાનું છે એ બિચારીને! એનું દુઃખ રતો.'

ચંચળ: 'ઓછી ધાક છે એની? ચુડેલ વળગી હોય તેમ પાછળ પડી છે.'

ચંપા: 'એણે કહ્યું ત્યારે તો એને આણી; અને હવે એ શું કામ આમ કરતી હશે?'

વીણા: 'જોગીદાસે તો સમજવું જોઈએ ને?'

ચંચળ: "પણ એનું એ વાંઝિયા પાડા આગળ ચાલે ત્યારે ને?"

મીઠી: "પણ છેક આવું!"

ચંચળ સ્રીસમાજમાં જાહેરખબરની ગરજ સારે તેવી હતી. એ ગામની નવાજૂની જાણતી, એટલું જ નહિ પણ ખરાખોટાની ખાત્રી કરવાની દરકાર કર્યા વગર રસ લાવવા થોડું મીઠુંમરચું છાંટી એનો રસ બીજાને પણ ચખાડતી. બદનક્ષીના ગુનાનો આરોપ મૂકી કોઈ એને ઝગડાની કોર્ટમાં ખેંચે તો ગાળાગાળીના કાયદાકાનૂનથી સામાને હરાવે નહિ, તો ય હાર તો કબૂલ ન જ કરે. એટલે બીજાં સારાસારનો વિચાર કરવા જતાં, કે તકરારના

ભયથી જે ન કહી શકતાં, તે ચંચળ કહેતી.

એટલે એણે આ બાબતમાં મળેલી વિશ્વાસપાત્ર હકીકત રજૂ કરી: "બીજું બધું દુ:ખ તો જાણે વેઠાય, કામ કરાવે તો જાણે એમ સમજીએ કે ઘરમાં બીજું કોઈ કરનાર નથી. ખોટાં-ખોટાં ખૂધરાં કાઢી ટકટકારો કરે, તો જાણે ઘરમાં એક ગાંડું છે એમ મનાય; પણ આજ નહિ નહિ, તો ય છ–આઠ મહિના થયા રેવાને આણ્યાં છતાં એ પાડો એમને ભેગાં થવા દેતો નથી."

"શરૂશરૂમાં તો રેવા અકળાતી ત્યારે કહેતી: 'આમ કરવું હતું, તો મને આણી શું કરવા?"

"પણ એ રાંડ શું કહેતી એ જાણો છો? 'તને કંઈ અહીં ભોગ ભોગવવા નથી આણી.'"

"મારા જેવી હોય તો એને ખબર પાડે, પણ એ બિચારી ભૂખની મારી કાઠિયાવાડમાંથી અહીં આવી, ત્યાં એનું શું ચાલે?" અને એને એકાએક કંઈ યાદ આવ્યું હોય, તેમ વાત કરતી અટકી ગઈ. પછી બોલી: "હું ય રાંડ ભૂલકણી છું ને? ચૂલે શાક મૂક્યું છે તે તો ભૂલી જ ગઈ." અને શાક બળ્યું છે કે નહિ તેની ખાત્રી કરતી હોય તેમ નાક ફુલાવતી, ઉતાવળી, વાત પડતી મૂકી, એ ચાલતી થઈ.

હીરાનું મૂળ સાસરું તો કાઠિયાવાડમાં ભીમપરા; પણ ત્યાં એ ત્રણ વર્ષ રહી એટલામાં તો એ જીવન પૂરું

થયું. રેલમાં ગામ ડુબાડૂબ થતું હતું, ત્યારે એનો ધણી સડકનું નાળું તોડવા ગયો. નાળું તો તૂટ્યું, પણ સાથે-સાથે એના જીવનને ય તોડતું ગયું. એ તણાઈ ગયો, તેનો પત્તો જ ખાધો નહિ. તે વખતે હીરા અઢારેક વર્ષની હતી.

જોગીદાસે ય આ જ વર્ષે રંડાયો હતો. ઘરમાં કોઈ નાનું-મોટું નહિ, એટલે એને વહેલામાં વહેલી તકે રાંધનારી લાવ્યા વિના છૂટકો ન હતો. પરણવું હોય તો એને કન્યા મળે નહિ, એમ તો નહોતું; પણ એની પાસે જે પાંચ-દશ વીઘાં જમીન હતી, એ તો છેવટ છોડવી પડે. અને પરણવાનો મોહ જતો કરી એના જેવી કોઈ ઘરભંગ શોધી કાઢે તો મિલકતે ય રહે ને રોટલાનું દુઃખે ય ટળે, અને એને ક્યાં કુંવારે નાતરું કરવું હતું એટલે ખોડ આવવાની હતી? નાતમાં બે-ત્રણ ભથ્થું રિવાજ હતો. અને એથી એ મૂળ નાતના એટલા વર્ગ પડી ગયા હતા. મૂળે તો બધા નાતરાં કરવામાં બાધ નહોતા માનતા, પણ ધીરેધીરે પ્રગતિ થતાંથતાં અત્યારની ઉન્નતિ થઈ હતી. જેમને કન્યા મળવાની સગવડ હતી, તેઓએ પુનર્લગ્ન છોડ્યું હતું અને જૂના રિવાજને વળગી રહેનારને એ પોતાનાથી નીચા માનતા. એથી ઊતરતો જથો, જેને એકાદ વખત પરાણે પરણવાનું મળતું; પણ બીજા વખતની તો આશા જ ન હતી ને કુંવારે નાતરું કરવું એ નીચ વરણનું કામ માનતા, પણ બીજી વખતે કરે તો ખોટું

માનતા નહિ; પણ એમની બેન-દીકરીઓને તો પુનર્લગ્નનો રસ્તો બંધ હતો. એમની દષ્ટિથી ય નીચો વળ હજુ એક હતો, જે કુંવારે નાતરું કરે; એટલું જ નહિ, પણ બેન-દીકરીઓને ય વળાવે.

જોગીદાસ વચલા વળનો હતો. એને બીજે વખત નાતરું કર્યામાં વાંધો ન હતો; છતાં એની બે-પાંચ પેઢીમાં એ પ્રસંગ બન્યો ન હોવાથી એ ઊંચો ગણાતો. ઘરનું કોઈ સલાહકાર ન હોવાથી એણે કુટુંબીઓની સલાહ માગી.

શી સલાહ આપવી તેનો વિચાર એની ગેરહાજરીમાં કુટુંબીજનો કરવા લાગ્યાં.

મૂળજીભાઈ: "કરવા દો ને લગન! છો ને પાંચદશ વીઘાં જમીન છે તે સાફ થઈ જતી."

શંભુભાઈ: "આપણા કરતાં બે કચૂકા વધારે હતા એમાં તો એનો બાપ ભાઈએ ભાઈમાં કેટલો મોટો થઈ બેસતો! માટે એ તો એ જ."

ભઈજી: "એને આજે પૈસાનું જ માન મળે છે ને? આપણા ભાગમાં આપણે બધા એના કરતાં મોટા નથી? એ તો આજકાલનો, છતાં ગામના કામમાં સૌ એને પૂછે છે; પણ એણે કોઈ દિવસ એમ કહ્યું છે, કે ભાગમાં મોટા તો ભઈજીકાકા છે માટે એમને બોલાવો? માટે હું તો કહું છું, એને ય ખબર પડવા દો ને, કે પૈસા તો આજ છે ને કાલ નથી."

અત્યાર સુધી પોતાના મગજમાં બરાબર ઘાટ ગોઠવતા વેણીભાઈ બોલ્યા: "તમે કહો છો એ બધું એક બાજુનું છે. નાતમાં એનો બાપ કેમ છાતી કાઢી બેસતો, એ ખબર છે? એ કહેતો: 'મારી પાંચ પેઢીમાં નાતરું થયું નથી.' એ તો કોઈની સ્થિતિ નરમ હોય, એટલે નાતરું કરવું ય પડે; પણ એથી કંઈ ઓછો એ ભાઈ મટી જાય છે? માટે હું તો કહું છું, છો ને નાતરું કરતો. પૈસા હશે તો કોઈ દહાડો આપણને ય ખપ લાગશે."

છેવટે બધા હિતેચ્છુ કુટુંબીજનોએ એક થઈ સલાહ આપી: "જો જોગીદાસ, તારે કંઈ કુંવારે નાતરું કરવાનું નથી કે ખોડ આવે; અત્યારે કન્યાવાળો નહિ નહિ તો ય હજાર–પંદરસો વગર હા નહિ પાડે. બીજું ખર્ચ થાય તે જુદું! એટલે આંકડો બે–અઢી સુધી જાય. ત્યારે અમારું કહ્યું માનીને એ બધું જવા દે. કોઈ તારા જેવી નાની ઉંમરની મળે તો ખોળી કાઢ. પછી તો ભાઈ, તારી મરજી."

જોગીદાસે હીરા સાથે પુનર્લગ્ન કર્યું, તેમાં તો એને બેવડો લાભ થયો. ખર્ચ બચ્યું તો બચ્યું અને વળી હીરાના બાપને પાછળ પ્રજા ન હોવાથી બે–ત્રણ હજારની મિલકત મળવાની હતી.

હીરાને બાવીસ વર્ષ થયાં, ત્યાં સુધી તો કોઈને શંકા પણ ન આવી, કે એને પ્રજા નહિ થાય, પણ તેવીસ, ચોવીસ ને પચીસમું બેઠું, ત્યાં તો દરેક સ્ત્રી એક જ

ભવિષ્ય ભાખતીઃ "થઈ રહ્યું હવે. છ–સાત વર્ષ તો અહીં આવ્યે થઈ ગયાં, એ તે કંઈ ઢાંક્યું રહેતું હશે?"

હીરા ય કંઈ આટલા વખત સુધી હાથ ઝાલીને બેસી નહોતી રહી. જે આવે તે મહારાજને એ હાથ બતાવવાનું ચૂકી નહોતી. વળી આજના મહારાજ કરતાં ગરોડા મોટાં શાસ્ત્રો ભણેલા હોય છે, એમ એ જાણતી હતી; એટલે એમને અડાય તો નહિ, પણ પાસે બેસી હાથ બતાવ્યાનું બાકી રાખ્યું નહોતું. નવાઈની વાત તો એ હતી, કે કોઈએ હજુ એને એમ નહોતું કહ્યું, કે પ્રજા નહિ થાય; પણ ઊલટું જે હોય તે હસીને લગભગ આવો જ જવાબ આપતાઃ "બા! મોટાં નસીબદાર છો! વિસ્તાર તો છે, પણ મોટી ઉંમરે દેખાય છે. તમારી કૂખે રતન જેવો દીકરો પાકશે; પણ.... તમને રાહુની દશા નડે છે. મોટી વાત તો નથી કહેતો, પણ કોઈ બ્રાહ્મણ પાસે પચીસ હજાર જપ કરાવો. પછી જો બહેરા જોષીને ન સંભારો તો જોષ જોવા મૂકી દઉં! ને તમારી મરજી હશે, તો હું જ જપ કરી આપીશ."

એક–બે વખત તો મહારાજ સારું ખાટી ગયેલા. પણ પછી તો પાકા સીધાથી વધારે ન મળતું.

રોગ ન મટે તો કોઈ એકને એક દાક્તરની દવા ઓછું કર્યા કરે છે? એમ હીરા નર્યા જોષ ઉપર આધાર ન રાખતાં ભૂવાઓ પાસે ય પહોંચી ગઈ હતી. એને ત્યાં વસરામ ભૂવે આવી દાણા નાખ્યા. ગણતરી કરી અને ભૂલ આવતી હોય,

તેમ બે-ત્રણ વખત ભેગા કરી ગણી જોયા ને છેવટે ડોકું ધુણાવી એ બોલ્યોઃ "એમ એ ગમે તેમ છટકે, પણ હું શાનો છટકવા દઉં? ગમે તેવું ઝોડઝપટ તો શું, પણ મોટો ઝંડ હોય તોય પકડી પાડું!"

ભાવિક ભક્તની શ્રદ્ધાથી હીરાએ પૂછ્યું, "કેમ કંઈ આવ્યું?"

"ન આવે તો જાય ક્યાં?"

"શું?"

"હું કહીશ તો ય તમે નહિ માનો."

હીરા ઢીલી થઈ બોલીઃ "મને તમારામાં પૂરેપૂરી આસ્થા છે. તમારું કહ્યું નહિ માનું તો કોનું માનીશ?"

વિશ્રામઃ "તમારા પહેલા ઘરવાળો અવગતિયો થયો છે."

"હેં!" જાણે વીજળી પડી હોય તેમ હીરા ચમકી.

વિશ્રામ વધુ ચમકાવતો હોય તેમ બોલ્યોઃ "મેં એને બહુ સમજાવ્યો, પણ એ કહે છે, કે મારો વેલો કપાઈ ગયો ને એનો વેલો ચાલવા દઉં?"

હીરાએ શંકા બતાવીઃ "પણ મને એ કોઈ દહાડો સ્વપ્નામાં ય નથી આવ્યા."

વિશ્રામઃ "એ જ ખૂબી છે ને! એમ દેખા દે, તો તમે કાઢ્યા વગર રહો? ને હું ન હોઉં તો મરને બીજા દશ ભૂવા આવે, જો શોધી કાઢે તો!"

હીરા: "પણ હવે તેનો કંઈ ઉપાય?"

"વિશ્રામ ભૂવો હોય ત્યાં ઉપાયના તોટા શા ? મારો વિચાર તો એને શીશામાં ઉતારવાનો હતો, પણ એ બહુ કરગર્યો, મને કહે: 'હવે હું આડે નહિ આવું, પણ મરતી વખતે મારો જીવ એનામાં રહી ગયો છે, એટલે હવે ક્યાં જાઉં ? મને ગોખલામાં બેસાડી વરસમાં એક વખત ખાવા આપશે તો ય બસ.' ગમે તેવો તો ય એ તમારા ઘરવાળો છે, એટલે એને ગોખલામાં બેસાડો. માતાનો રથ કાઢી, હવન કરાવો. પચીસ–ત્રીસથી વધારે ખર્ચ નથી. પછી ખુશીની ચોરાશી જમાડો, તો ય નસીબદાર છો !"

આ ઉપાય પણ નિષ્ફળ ગયો, ત્યારે એનું હૃદય બહુ અધીરું થઈ ગયું. ડૂબતો માણસ જેમ તણખલું પકડી બચવાનો વ્યર્થ પ્રયત્ન કરે, તેમ એ જે કોઈ વાત કરે, તે અજમાવી જોતી.

જમાલ પીંજારાની વહુએ—નૂરીએ એને કહ્યું: "હીરાબા, મારી ભોજાઈને પણ તમારી પેઠે પચીસ વરસ થયાં, ત્યાં સુધી સારો દહાડો ન આવ્યો. પછી મારા ભાઈએ કમાલશા પીરની બાધા રાખી. વાંઝિયાંને છોકરાંવાળાં કરનાર એ પીર કહેવાય છે. નર્યા મુસલમાન જ નહિ; પણ તમારા લોક પણ બાધા લેવા આવે છે. મારી ભોજાઈને બીજે જ મહિને સારો દહાડો દેખાયો. આજ તો છોકરો બે વરસનો છે."

કૃષ્ણભક્તિના બહાના નીચે આવતી રાસલીલામાં ભાગ લઈ આવેલી એકાદ બાઈ કહેતી: ‘જન્માષ્ટમી ઉપર પુરુષોત્તમ ભગવાન રાસલીલા કરશે. એ વખતે જો એમની નજર પડે, તો સારો દહાડો જરૂર આવ્યા વગર ન રહે.’

ત્યારે કોઈ વળી નવી જ વાત કરતું: ‘હિમાલયના એક મહાત્માએ અદ્‌ભુત જાતની સોપારી કહે છે કે લાલ કફનીવાળા બાવાને આપી છે. જેને જે જે મનકામના હોય, તે તે એ ખાવાથી પૂરી થાય. સોપારી તો એક જ છે; પણ કાતરી–કાતરી દરેકને આપે છે તો ય ખૂટતી જ નથી. મારું કહ્યું માનીને એ કરી જુઓ. આપણી નજીક બે ગાઉ દૂર અદેસરમાં જ મહારાજનો મુકામ છે.’

સ્વાર્થી મનુષ્ય શું નથી કરતો? હીરા લગભગ એકે ય સૂચનાનો અમલ કર્યા વગર નહિ રહી હોય; પણ એમ કરતાં હીરાને ત્રીસ વર્ષ પૂરાં થયાં. હવે જોગીદાસનું મન ઢચુપચુ થતું હતું.

સરખેસરખા સલાહ આપતા: ‘ભગવાનના પુણ્ય-પ્રતાપે બે ટકા છે, ત્યારે કંઈ બારણું બંધ થઈ જવા દેવાય?’

જોગીદાસને ય જો કે ભાવ તો હતો, પણ એને ખબર હતી, કે હીરા એ વાત જાણે તો શું ને શું કરી નાખે; એટલે એ મનનો ભાવ જણાવતો નહિ.

પણ ચંચંપેંચેં એ વાત હીરા સુધી પહોંચી, ત્યારે ભડકો થયો.

'લાવે તો ખરા. મારા ઘરમાં આવનારી કઈ છે? આ બધું મારા પ્રતાપે. મારા બાપનું ન આવ્યું હોત, તો એમના ઘરમાં શું હતું? ને મારે પૈસે મારી ઉપર શોક લાવે તેવા ના જોયા હોય તો એ! આ કાલે ભોગીભાઈ ફળિયામાં વાત કરતા હતા, કે કોલાપુરના રાજા મરી ગયા, તેની પાછળ કુંવર નથી એટલે દત્તક લેવાનો છે. એના કરતાં આપણે કંઈ મોટાં લખેશરી તો નથી? ને છોકરાં કરમમાં નહિ હોય તો બીજી આવીને શું કરવાની હતી? વાલિયાને ત્રણ છોકરા છે, પણ એકે ય સંઘરતો નથી, તે એ ઓશિયાળો થઈ છોડીને ઘેર જઈ પડ્યો! એના કરતાં છોકરા ન હોય તે ય શું ખોટું? સો વાતની એક વાત—મારા ઘરમાં હું કોઈને પેસવા દેવાની નથી. નહિ તો મારા જેવી કોઈ ભૂંડી નથી.'

આમ બીજાં ત્રણ વરસ નીકળી ગયાં.

એક વાર ડાહી ધાંયજણ દિવાસાનું જમણ લેવા આવી હતી. ચૂલે લોટ ચઢતો હતો એટલે એ બેઠી. એણે વાત કાઢી: 'હીરાબા, હું તો કંઈ તમારા ભૂંડામાં ઓછી જ રાજી છું? તમારો વિચાર હું સમજું છું, પણ સાત કરો તો ય પારકું એ પારકું. મોહન મતાદારે ભત્રીજો દત્તક લીધો હતો, તો ય આખરવેળા એનો ન થયો. એમ પારકાં છોકરાં સ્વર્ગે પહોંચાડતાં હોય, તો જોઈએ છે શું? ને શાસ્ત્રમાં કહ્યું છે, એ ય કંઈ ખોટું છે? જીવરામ ગોર પાછળ

પિંડ દેનાર કોઈ નહોતું, તે અવગતિયો થઈ જે હોય એને વળગે છે. છોકરો હોત, તો આ દશા આવત? માટે હું તો કહું છું, કે એ બીજું બૈરું કરે એ જ સારું છે. શોકનો તો શોકનો, પણ એનો દીધેલો પિંડ પહોંચશે.'

હર વખત શોકની વાત સાંભળી સળગી ઊઠતી હીરા આ પહેલી જ વાર સાંભળી રહી; અને ત્યાર પછી એકાદ વરસ વીત્યા બાદ એને પાંત્રીસમું વરસ બેસવાને ચાર માસ બાકી હતા, ત્યારે એના મોંમાંથી શરતી મંજૂરી મળી: "બીજું બૈરું કરે તો હું ક્યાં ના કહું છું? પણ કહેશે, કહ્યું નહોતું–એ ઘરની માનીતી થઈ બેસે, એ નહિ બને."

એ અરસામાં કાઠિયાવાડથી કન્યા–બૈરાં લાવી, અહીંની આયાત પ્રમાણે વેપાર કરતા અદેસરના મેઘજીએ રેવા સાથે જોગીદાસનું ચોકઠું બેસાડ્યું.

પણ પછી તો બોલતાં શું બોલતાં હા પાડી હોય અને હવે પસ્તાતી હોય, તેમ હીરા રેવાને દુઃખ દેવાનું બાકી રાખતી નહિ. ઘર છોડી બેસવા જવાય નહિ, કૂવે–તળાવે સાથે જ જાય, એના દરેક કામમાં ખૂંધરાં કાઢે. એનાં માબાપને તો કોણ જાણે દહાડામાં કેટલી વાર એ સંભારી આપતી હશે. ટૂંકમાં એણે જોગીદાસ અને રેવાને મળવાનું–બોલવાનું ય મુશ્કેલ કરી નાખ્યું હતું.

લોકો આખી વાતની ચર્ચા પછી એક જ ચુકાદો

આપતા: "આમ તો કદી જોગીદાસની આશા સફળ થવાની નથી."

રેવાએ આમ છ–આઠ મહિના કાઢ્યા. એટલામાં ગામમાં બે બનાવોની મોટી ચર્ચા જાગી હતી. એક તો નરેન્દ્રે ભાભીનું પુનર્લગ્ન કરાવ્યું તે અને બીજી ગંગા ગોરાણીને આશ્રમમાં મૂકી આવ્યો તે. નરેન્દ્ર જોગીદાસને ઘેર પણ બે–ત્રણ વખત આવ્યો હતો. જોગીદાસે ય એને ત્યાં અવારનવાર જતા, એટલે રેવાએ પોતાની ફરિયાદ નરેન્દ્ર પાસે પહોંચાડવાનો વિચાર કર્યો. કૂવે–તળાવે ભેગી થતી નરેન્દ્રની પત્ની વીણાને એ વાત કરવા લાગ શોધતી હતી; અને એ ક્ષણિક લાગ પેલી જોજણે હીરાનો ઘડો ઓળંગ્યો ત્યારે મળી ગયો.

"તમે નહિ માનો," નરેન્દ્રે એ વાત કહેતા પહેલાં કહ્યું: "પણ જુઓ જોગીકાકા, હું તમારા કરતાં ક્યાં ય નાનો છું એટલે કહેવા લાયક તો ન કહેવાઉં, છતાં કહું છું." ત્યારે સાંભળતાં જ જોગીદાસ ખરેખર રડી પડ્યા.

ભીની આંખને લૂછતાં એમણે કહ્યું: 'નરેન્દ્ર! હું બધું ય સમજું છું. એણે મને એક પાઈનો કરી નાખ્યો છે. એના કંકાસે, તો કોઈ આવ્યું–ગયું હોય તેને મન હોય છતાં ના છૂટકે જ, હું એને ચા પાવા લઈ જઉં છું. બીજું શું પણ પેલા જન્મનાં પાપ હશે, તે એની જોડે પાનાં પડ્યાં.'

નરેન્દ્રે રસ્તો બતાવ્યો: 'તમે જુદા રહો ને, એટલે એ પત્યું!'

જોગીદાસે મનનો વિચાર કહ્યો: 'ક્યારનોય જુદો રહ્યો હોત, પણ એમાં એક દુ:ખ છે. એની પાસે નહિ તોય પાંત્રીસ–ચાળીસ તોલા સોનું છે. એ રાંડનું ઠેકાણું નહિ અને જુદો રહું, તો કોઈને પધરાવી દે તોય શી ખબર પડે?'

નરેન્દ્ર: 'એ સોનું છે તોય શા કામમાં આવ્યું? રોજ ઊઠીને લોહી બાળવું એના કરતાં બળ્યું એ સોનું જવાનું હોય તો જાય, પણ સુખ તો થાય.'

જોગીદાસ: 'જુદો રહું તોય ઘર જોડે ને જોડે, એટલે એની જીભ ક્યાં જંપે એવી છે?'

નરેન્દ્ર: 'કહી દેવાનું એમને કે એ ગમે તેટલું બોલે, પણ જવાબ જ ન આપવો, એટલે એની મેળે થાકશે."

છેવટે રેવાનું ધાર્યું થયું. ઘરમાંથી એક પણ વસ્તુ લીધા વગર જોગીદાસ પ્રથમ જુદા રહ્યા. રેવાય ખરી કે એણે હીરા ગમે તેટલું બોલી હશે, પણ સામો જવાબ આપ્યો જ નથી.

આજે રેવાના છ મહિનાના પુત્રને હાથમાં ને હાથમાં લઈને ફરતી હીરાને લોકો જોઈ જ રહે છે!

૩ : પાપનું પ્રાયશ્ચિત્ત

પત્નીના અવસાન પછી મોહન ઠક્કર, બપોરે ખાવા-પાણીથી પરવાર્યા બાદ નાના નથુને પાડોશી બાઈને સંભાળવાની ભલામણ કરી, ખભે કાપડની ગાંસડી ભેરવી, લાકડાનો ગજ લાકડીની જેમ હાથમાં પકડી, આજુબાજુનાં ગામડાંમાં ફેરી કરવા નીકળી પડતો. સાંજે ઘેર આવી ગામડેથી આણેલાં કેરી–બોર–રાયણ કે કોઠાં આપી નથુને એ ખુશ કરતો. નથુ એ મહાઅમૂલ્ય વસ્તુઓનું પોતાના બાળગોઠિયા આગળ પ્રદર્શન કરવા ફળિયામાં જતો રહેતો અને મોહન ચૂલા આગળ પેસતો.

ત્રણેક વર્ષના આ એકધારા જીવન પછી એમાં પલટો આવવાનો પ્રસંગ ઉપસ્થિત થયો. ફરતાં ગામડાંઓનાં ઘર–ઘરનો એ ભોમિયો થઈ ગયો હતો, એટલે ત્યાંનાં સ્ત્રી–પુરુષો એના જીવન વિષેના પ્રશ્નો પૂછતાં.

લૂગડાંની ગાંસડી છોડી શેપાડાનો જોટો બતાવતાં એણે કહ્યું: ‘ત્રણ રૂપિયામાં એક પાઈ ઓછી નહિ.’

‘મોહન ઠક્કર! તમે તો બહુ જ મોંઘા,’ લેવાના વિચારવાળે કહ્યું.

‘સસ્તે વેચે, તો બૈરું કર્યા જેટલા રૂપિયા ક્યારે ભેગા કરી રહે?’ બીજાએ મશ્કરીમાં હસતાંહસતાં કહ્યું.

મોહન ઠક્કરે પોતાની સ્થિતિ કહી: 'આ વેપલામાં તો બૈરું કરી રહ્યા! અમારામાં તો બે હજારથી ઓછી વાત નહિ.'

જીભઈ બારૈયે સંતોષ બતાવ્યો: 'એટલી ઓછી ઉપાધિ! છોકરો તો સારો છે ને?'

'એ તો તમારા પુણ્યપ્રતાપે હેમખેમ છે.'

છગને પૂછ્યું: 'નાનું છોકરું ભલું આખો દહાડો એકલું રહે છે!'

'એની મા મરી ગઈ, ત્યારે શરૂશરૂમાં તો જરા પજવતો; પણ હવે પાડોશી બાઈ સાથે હળી ગયો છે.'

જીભઈએ હુક્કાની નેહને વળ દેતાં કહ્યું: 'તમે ખાનાર તો હળીમળીને બે જ ને? તેમાં ટાઢતડકામાં મણ બોજો લઈ શીદ ફરો છો?'

'પણ એટલું ય પેદા તો કરવું પડે ને?'

જીભઈ: 'એટલું તો તમે અમારા બારૈયા પાડિયામાં મીઠા-મરચાંની દુકાન કરો, તો ય પેદા કરો. ટાંટિયાતોડ મટે ને છોકરો મોં આગળ રહે.'

ભગો: 'આ મારું કોઢિયું ઘર ખાલી જ પડ્યું છે. રહેવા માટે શોધવા જવાનું ય ક્યાં છે?'

અને બીજે જ મહિને મોહન ઠક્કર નાના નથુને લઈ જોગીપુરા રહેવા આવ્યો.

× × ×

મોહન ઠક્કર હજુ સવારમાં ઊઠી ચુલા આગળ નાહવાનું પાણી મૂકવાની તૈયારી કરતો હતો, ત્યાં છગો આવી બોલ્યો: 'કાકા! જરા ચા–ખાંડ આપો ને!'

સાંઠિયો સળગાવવા હાથમાં લીધેલી દીવાસળી પાછી મૂકી, રસોડું અને દુકાન જુદી પાડવાને વચ્ચે ઊભા કરેલા ટાટામાંથી બહાર નીકળી એ બોલ્યો: 'કેટલી જોઈએ છે?'

'એક વાર જોખો તો ખરા, બાવટો કેટલો થાય છે?' એમ કહી ફાળિયાને છેડે બાંધી આણેલો બાવટો છગે ત્રાજવામાં નાખ્યો.

ઠક્કરે બીજી બાજુ ચારશેરી મૂકી ત્રાજવું ઊંચકવા દાંડી ઊંચકી; પણ બાવટાનું પાસું હજુ ભોંયથી ઊપડ્યું ય નહોતું, ત્યાં તો એણે દાંડી નીચે મૂકતાં કહ્યું: 'ચાર પૈસાનો.'

છગો: 'કાકા! કેટલું બધું નમતું હતું?'

ઠક્કર: 'નમતું–ના નમતું બધું અમારું મન સમજે છે. બાવટાનો ભાવ તો સાવ બેસી ગયો છે. આ તો દુકાન લઈને બેઠા, એટલે ઘરાકને પાછું ના કહાય. જા ને તારું મન દુખાતું હશે, તો બે બીડીઓ આપીશ.'

દૂધ રેડી પાછી વળતી ધનીએ કહ્યું: 'કાકા! બે પૈસાનો ગોળ, પૈસાની ચા ને પૈસાની મારી મા સારું છીંકણી આલો.'

શંકો રાવણિયો: 'આનાના જ કોદરા થયા? બે પૈસાની ચા–ખાંડ, પૈસાની તમાકુ અને એક પૈસો રોકડો આલો.'

'આ પેલી રેવા ના રહી મોટી શાહુકાર! કાલે એક પૈસો દૂધનો બાકી મેલ્યો, એમાં કહ્યું, કે કાલ બાકી મૂકીશ તો દૂધ નહિ આપું.'

ઠક્કર સવારની ચા–ખાંડની ઘરાકીમાંથી સહેજ નવરા પડી નાહીધોઈને ચૂલા ઉપર દાળ કે ખીચડીનું આધણ મૂકવાની તૈયારીમાં પડે એટલે બપોરની ઘરાકી જામે.

મેના વાઘરણ એના છૂંદણાં છૂંદેલા મોંને જળી ગયેલા સાલ્લામાં લાજ વડે ખોટુંખોટું છુપાવતી, ઉમરાના પગથિયા આગળ આવી, અધીં અવળી ફરી બોલી: 'મોટા, બાવટો આલો ને.'

ઠક્કર એકદમ બરાડી ઊઠ્યા: 'કંઈ મૂઆ છે એ નાથિયો? મા'ળો તે દહાડે કલ્લઈઓ મૂકી ગયો, તે હવે મોં દેખાડશે! બે મહિના વાટ જોઈ છેવટે મારે વેચી ખાવી પડી. સોનીએ કહ્યું કે નર્યા રૂપાની છે, કહો તો બે રૂપિયા આપું, વ્યાજ તો વ્યાજ પણ મૂડીમાંય એક રૂપિયો ઓછો આવ્યો!'

મેના મોં જરા અધુ દેખાય તેમ ફરીને બોલી: 'પહોર સાલ કેશુર સોનીને ત્યાંથી પાંચ રૂપિયે મારો ચતુરિયો ધાવણો થયો ત્યારે આણી હતી.'

ઠક્કર: 'સોની તો સગી બેનનેય ના મૂકે, ત્યાં તમારી વરણને છેતર્યા વગર રહે? નર્યું રૂપું હતું. એ તો એક

વખત વવાયા કે વટલાયા; પણ પછી એમ કામ ન નીકળે, હાં કે?'

મેના સમાધાન કરતી બોલીઃ 'વાડીમાં ભીંડા, દૂધી થશે એટલે આપી જઈશ. લો, હવે ચાર શેર બાવટો આલો.'

'આઠ પૈસા થશે, પછી કહેશે કહ્યું નહોતું. લડાઈમાં ભાવ કંઈ ચઢી ગયા છે!'

બપોર નમ્યા કેડે ઠક્કર ગલ્લાની બેઠક ઉપર આડા પડ્યાપડ્યા ઝોકાં ખાતા હતા ને કાભઈ આવ્યોઃ 'કાકા! એક કામ કાઢો ને.'

મીંચેલી આંખો પૂરી ઉઘાડ્યા વગર ઠક્કરે કહ્યુંઃ 'કાભઈ, કહેનાર કહી રહ્યો? તમારી વરણ ગરજ હોય ત્યારે પાણીપાણી કરી નાખે અને કામ પત્યા પછી થઈ રહ્યું!'

'પણ કાકા! હું કોઈ દહાડો આડું બોલ્યો છું? પહોર સાલ એ તો ભેંસ મરી ગઈ, એટલે કાંધું ના ભરી શક્યો. આ ફરી ભેંસ કાંધે જ આણી છે અને એ રહેશે, તો પહેલું તમારું.'

જરા બેઠક ઉપર ટટાર થઈ પાસે પડેલા ડબામાંથી બીડી લઈ કાભઈ તરફ ફેંકતાં એ બોલ્યોઃ 'આ તો તને; નહિ તો ગમે તે આવે, પણ ના જ કહી દઉં. શું કામ છે?'

'આ નાની છોડી ચીમલીને ભાણિયો ધાવણો છે. જમાઈ તેડવા આવ્યો છે, એટલે એને એક થેપાડું

ઓઢાડવું પડશે. ભાણિયાને ટોપી ને હજૂરિયો ઓઢાડવો પડશે અને છોડીને ય આઠ–દશ આના આપવા પડશે.'

ઠક્કરઃ 'થેપાડું તો મોટા પનાનું આપણી દુકાનમાં છે; પણ પહેલેથી ચોખ્ખી વાત કરવી તે સારી. આ સરાધ જાય છે. દિવાળીએ રૂપિયા આપીશ તો ત્રણના ચાર લઈશ. વળતી વહેલું મોડું થાય, તો વ્યાજ જુદું!'

એ ગયો ત્યાં સુધીમાં બે–પાંચ જણ કંઈ વિચાર કરીને આવતા હોય તેમ દુકાન ઉપર ચઢ્યા. ઠક્કરે મુખ્ય પુરુષને આવકાર આપતાં કહ્યુંઃ 'આવો જેઠાજી!'

બારે ને બત્રીસે ય ઘડી હુક્કાને પોતાની સાથે રાખતા જેઠાજી નીચે બેસતાં–બેસતાં બે દમ ખેંચી બોલ્યાઃ 'આ રામો ક્યારનો ય ખેતરમાં આવી વળગ્યો છે, કે કાકા, તમારા વગર કંઈ ઠેકાણું નહિ પડે. આપણે એવી શી આબરૂ બગાડીએ, કે આપણને કોઈ ના કહે? એના બાપાને આજ આઠ દહાડા થયા તો ય કંઈ ઠેકાણું નથી. મેં પૂછ્યું ત્યારે રડી દીધું. મરદ થઈને રડતા હોઈશું? આપણે જીવતા છીએ, તો કાલે લાત મારીને દેવું વાળી દઈશું; પણ એમ બાપને કૂતરાં–બિલાડાં પેઠે ખેંચી નખાય?'

ઠક્કરે ગડાકુ–તમાકુ ચામડાની ડબીમાંથી કાઢી તેને આપતાં કહ્યુંઃ 'એમાં તો બળી ગયું હશે. લો નવી તમાકુ ભરો.'

નાનું છોકરું ધાવણીને ચૂસી જેમ સંતોષ માને તેમ

જેઠાજી હુક્કાની નેહ ચૂસવામાં આનંદ માનતા. એમના અફીણી મગજને, તમાકુ અંદર જીવે છે કે મરી ગઈ છે, તેની દરકાર ન હતી; એટલે ધુમાડા વગરની નેહ ચૂસતાં એમણે કહ્યું: 'એ તો હવે ભરાશે. પહેલું જે કરવા આવ્યા છીએ એ જ કરી નાખો ને.'

બેઠાંબેઠાં વધેલા મોટા પેટ ઉપરથી ઢીલું પડી ગયેલું ધોતિયું ખેંચતાં ઠક્કર બોલ્યા: 'એ તો તમે ક્યાં નથી જાણતા? લોકોની દાનત બગડી ત્યારથી આપણે ઉધારનો ધંધો જ બંધ કર્યો છે; પણ તમે વચ્ચે રહેતા હો, તો મારી ક્યાં ના છે?'

નવી મૂકેલી તમાકુમાંથી બરાબર ધુમાડો નહિ નીકળ્યાથી ઉપરાછાપરી દડૂકદડૂક કરતા જેઠાજી બોલ્યા: 'હું તો વચ્ચે છું જ, પણ એને ય ચીવટ રહે માટે એનું ઘર લખી લો ને, એટલે તમને ય ઉજાગરો નહિ.'

જમીન તો બાપે જીવતાં મૂકી છોકરા પરણાવ્યા હતા, એટલે રામો બાકી રહેલું છાપરું મૂકી નવરો થઈ ગયો!

ઉનાળાનાં લગ્નથી હજુ ઠક્કર પરવાર્યા ન હોય, ત્યાં સુધીમાં તો ખેડૂતોની જરૂરિયાત પ્રમાણે એમણે બિયાવું તૈયાર કરી રાખ્યું જ હોય અને બિયાવાંના તો બમણા, એ ધર્મકાનૂન ખેડૂતોને ક્યાં અજાણ્યો છે?

અને માગતામાં આણેલો બળદ કોઈ ગરજાઉને પચીસને બદલે ચાળીસમાં ચોંટાડતાં ઉપરથી ઉપકાર ચઢાવે તે જુદો!

આમ બારે ય માસ એકધારો ધીકતો વેપાર કરતો મોહન ઠક્કર વીસ વરસની દુકાનમાં નથુ માટે કેટલું મૂકી ગયો, તેની ખબર છે?

એમના મૂળ વતન અદેસરમાં માટીનું ખોરડું હતું, એ જગ્યાએ ત્રણ હજારની હવેલી ઊભી છે. નથુને પરણાવ્યા પાછળ કન્યાના બાપને પંદરસો આપ્યા, પાંચસોની જણસો ઘડાવી અને આખા પાડિયાને જમાડ્યું તે જુદું! અહીં દુકાનવાળું ઘર વેચાણ કર્યા ઉપરાંત ત્રણ પીંઢેરી ઘરનાં ગીરોખત કબાટમાં પડ્યાં છે. પંદર વીઘાં ખાતાની અને દશ વીઘાં ગીરોની જમીનનું મહેસૂલ એમને નામે ભરાય છે. ત્રણ ભેંસો અને પાંચ વાછરડાં લોકોને ખીલે ભાગે બંધાવ્યાં છે, એ જુદાં. હજાર-દોઢહજારનું લહેણું ગણાવવાનું રહ્યું તે વધારામાં; અને એ બધું વીસ વરસની મીઠા-મરચાંની હાટડીમાંથી!

× × ×

લોકો અંદરઅંદર તો વાતો કરતા જ: 'આજ મોહન ઠક્કર મોટો શેઠ થઈ બેઠો છે, ફેરી કરતો હતો એ ભૂલી ગયો.'

'એને રહેવાને ઘર તો મેં જ આપેલું.'

'ત્યારે જ તમારું ઘર પડાવી લીધું ને!'

'આખા પાડિયાને ચૂસી ખાધું એણે તો.'

ચૂસી ખાધા વગર પેલું અદેસરનું ઘર ને આ જમીન થઈ હશે?

'એ તો આપણામાં સંપ નથી, નહિ તો કાલે ગામ મૂકીને નાસી જાય.'

મોહન ઠક્કરે ય આ વાતથી અજાણ ન હતો, એટલે જ એણે છોકરાની વહુને અદેસરમાં રાખી બીજે–ત્રીજે જવા–આવવાનું રાખ્યું હતું; એટલે એના ગયા પછી નથુ ય અઠવાડિયે બે–ચાર દહાડા અદેસરમાં જ રહેતો. ઘણી વખત તો બપોરે જમી સાંજે પાછો જતો રહેતો, પણ એક રાત્રે લગભગ દશેક વાગ્યા હશે અને એ દુકાનનું બારણું વાસી અંદર સૂઈ રહ્યો હતો, ત્યારે બે–પાંચ જણ ઉશ્કેરાઈને મોટેથી વાત કરતા સાંભળાયા:

'એ ટંડો એના મનમાં સમજે શું? મારા જેવો હોય, તો વાઢી જ નાખે.'

'એ બકાલું આપણી બેન–દીકરીની આબરૂ લઈ જાય?'

'કરી નાખો બે કકડા. મૂઆં પાંચ વરસ જઈ અવાશે તો!'

'પાંચ વરસ શું? ફાંસી કાલ થતી હોય તો આજ થાય, પણ એને જીવતો જવા દઉં તો બે બાપનો હોઉં.'

ખાટલાની અંદર ફફડતો નથુ મનમાં વિચારતો હતો, કે આજની રાત જતી રહે, તો કાલ તો એમનો બાપ છું.'

થયું પણ એમ જ. રાત્રે મોડા સુધી થયેલી બૂમો-માંથી કોઈ પરિણામનો પ્રસવ થયો જ નહિ. વહેલે પરોઢિયે

ઊઠી નથુ અદ્દેસર ચાલ્યો ગયો; પણ એને કોઈએ રોક્યો ય નહિ.

રૂપાંના ભાઈ વજાએ શું આ વાત આજે જ જાણી? પાડિયું તો નહિ, પણ લગભગ આખું ગામ આ વાતથી અજાણ્યું ન હતું. રૂપાં કુંવારી હતી અને નથુને પરણવાનું કંઈ ઠેકાણું નહતું, ત્યારનો આ સંબંધ તો ચાલતો હતો. એની મા ય કંઈ લેવા જવાનું હોય તો જાણીબૂજીને રૂપાંને નહોતી મોકલતી? અને થોડા દાણા લઈ જઈને રૂપાં દુકાનેથી વધારે ચીજ લઈ આવતી, એ ય એની મા નહોતી જાણતી?

મોહન શેઠના વેપારી મગજે નથુને પરણાવવાની ઉતાવળ કરી; એટલું જ નહિ, પણ બે વરસની નાની કન્યાના પાંચસો રૂપિયા ઓછા બેસતા હતા, છતાં મોટી કન્યા પરણાવી વરસની કમાણી અમસ્તી નહોતી ખોઈ.

અને મરતી વખતનો એનો છેલ્લો બોલ શો હતો? 'જો નથુ! અત્યાર સુધી તું જેમ નાચ્યો તેમ નચ્યું, પણ હવે જોઈ વિચારીને ચાલજે. લોકોને તો એમ જ છે, કે જાણે આપણે એમની મિલકત લૂંટી લીધી છે. વાણિયા રાજી નથી, માટે છે એટલું સાચવીને બેસી રહીશ તો ય બસ છે.'

જો કે રૂપાંને તો મોહન ઠક્કરના જીવતાં જ પરણાવી દીધી હતી, પણ એ અહીં આવતી ત્યારે લોકો જૂની વાતો સંભારતા. એ રૂપાં રંડાઈને ચાર માસથી ફરી

બાપને ઘેર રહેતી હતી અને મહિના પછી બીજે વળાવ-વાની વાતો થતી હતી; છતાં આજ રહીરહીને એનો ભાઈ વજો કેમ એટલો બધો ગરમ થઈ ગયો? 'ફાંસી કાલ થતી હોય તો આજ થાય, પણ એને જીવતો જવા દઉં તો બે બાપનો હોઉં,' એમ એ બોલ્યો; છતાં કેમ એણે એને કશું ય ન કર્યું?

આજ પંદર દિવસ થયા, પણ નથુએ જોગીપુરા સામું જોયું જ નથી. જો કે એને ત્યાં રહ્યાંરહ્યાં બંને બાજુની વાતો મળતી હતી: "એ તો બધાંએ થઈને રાતે એને સમજાવ્યો ન હોત, તો વજો શુંનું શું કરી નાખત." "એટલી બધી પાણીવાળીઓ છે, ત્યારે છોકરીને રખડતી શું કામ મૂકે છે?" "છો ને બોલે, એ શું કરી નાખવાના છે?" છતાં જોગીપુરા જવાની નથુની હિંમત ચાલતી નહિ, પણ એક દિવસ રૂપાંના બાપ ગેમલને અને છોટાભાઈ મુખીને પોતાને ઘેર આવેલા જોઈ નથુ વિચારમાં પડી ગયો.

છોટાભાઈએ પોતાની મુત્સદ્દીગીરીને છાજે તેમ પ્રાથમિક વાતચીત કર્યા બાદ ચારે બાજુ જોઈ ખાત્રી કરી, મુખ્ય મુદ્દાની વાત શરૂ કરી: "તમે અહીં નાસી આવ્યા તેનું શું પરિણામ આવ્યું, તેની ખબર છે કંઈ? તમે ત્યાં રહ્યા હોત, તો ગેમલ ગમે તેવો જવાબ આપી શકત; પણ હવે તો દરેક જણ, ભલે ને એ વાત ખોટી હશે તો ય, સાચી જ માની બેઠું છે. બીજું તો જાણે ધૂળ

નાખી, પણ મહિના પછી એને વળાવવાની છે, તે ય હવે કોણ તૈયાર થાય? એ સાપનો ભારો, એમની વરણમાં ઓછો જ ઘરમાં ઘાલી મુકાયો? હવે એને વળાવવી હોય તો એટલું તો સાબિત કરી આપવું પડે ને, કે એ વાત ખોટી છે? તમે તો નાસી આવ્યા, એટલે હવે તો કૉર્ટમાં જ આબરૂની ફરિયાદ માંડવી પડે ને?" પોતાની વાતની શી અસર થઈ, તે જોયા પછી છોટાભાઈ બોલ્યાઃ 'ન સમજ્યાં જુવાનિયાં છોકરાં રાત્રે બોલી ગયાં, તેમાં તમારે ગભરાવાની શી જરૂર હતી? ગેમલે કંઈ કશું કર્યું હતું? અને ગામમાં અમે ય હતા કે નહિ? વાત તો કરવી'તી!'

સહેજ અટકી તે આગળ બોલ્યાઃ "હમણાં હું તો કહું કે ફરિયાદ ન કરીશ; પણ એની આબરૂ તો ગઈ જ ને? પૈસાની વાત હોય, તો હમણાં કહીએ કે ચાલો માંડી વાળો; પણ આમાં એવું ઓછું જ થાય? છતાં મેં કહ્યું, ચાલો એક વખત મળી આવીએ; માને તો ઠીક, નહિ તો ફરિયાદ તો છે જ ને?"

અને જાણે સમાધાન થઈ ગયું હોય, તેમ એ બોલ્યાઃ "એ જ મારું કહેવું છે. કૉર્ટમાં જઈ વકીલોનાં ઘર ભરવાં એના કરતાં ઘરમેળે પતી જતું હોય, તો શું ખોટું? ગામ ભેગું કરી તમે કસુંબો કરો. ગામ વચ્ચે કહો, કે લોકોએ ખોટી વાત ઉડાડી છે. હું નિર્દોષ છું. જે નહિ માને તે સાબિત તો કરી આપશે ને? ગેમલને શું પોતાની આબરૂ

વહાલી નથી, કે એ કહેશે જે એ વાત ખરી છે! અને બીજા પાસે શી સાબિતી છે?"

એ વખતે ગેમલનું બસો રૂપિયાનું ખાતું ઉઘાડી નથુએ ભરપાઈ કરી નાખ્યું; એટલું જ નહિ, પણ આજ સુધીમાં તેની પાસે કોઈ જાતનું માગતું લહેણું નથી તેવી પાવતી લખી આપી.

છેવટે છેલ્લું કામ પતાવતાં છોટાભાઈએ કહ્યું : "આ તો આપણે ઘરમેળે નિકાલ કર્યો, એટલે પત્યું; પણ પોલીસ-ખાતું એમ કંઈ લીધા વગર ઓછું મૂકે? નવા મુખી તો તમે જાણો છો—મહેતાજી મારે ય નહિ ને ભણાવે ય નહિ—સતવાદીનો દાંડો ઝાલીને બેસી રહે. એ તો સારું છે, કે મારે બધું ઓળખાણ છે; પણ જાણો છો ને એ તો વેશ્યાની જાતના—મળે ત્યાં સુધી!" અને પચીસ રૂપિયા-ની નોટો એમણે ય ખિસ્સામાં મારી.

બીજે જ દિવસે નથુ આવ્યો, એટલે ગામે તેને નિર્દોષ જાહેર કર્યો!

૪ : ઊજળો ધંધો

આણંદ સ્ટેશન ઉપર ખંભાત લાઈનમાંથી ઊતરી નરેન્દ્ર ડાકોર લાઈન ઉપર ઊભેલી વડોદરાની લોકલમાં જગ્યા શોધતો એક પછી એક ડબ્બા વટાવતો હતો, ત્યારે એણે સ્ત્રીના જેવો કોમળ પણ ધ્રૂજતો સ્વર સાંભળ્યો : “ નરે....ન્દ્ર....ભા....ઈ....” અને એ સ્વરને કોઈ ગૂંગળાવતું હોય તેમ ગળામાંથી સ્વર અટકી ગયો.

નરેન્દ્રે એ તરફ દૃષ્ટિ કરી, તો ડબ્બામાં જાજરૂ આગળની પાટલીએ એક જુવાન, સાધારણ દેખાવડી, ગામડાની છતાં બહાર ફરી શીખી હોય તેવા ઠીક પહેર-વેશવાળી સ્ત્રી બેઠેલી જોઈ. જોડે લૂગડાંની પોટલી પડી હતી. એકાદ જણ બેસે એટલી જગ્યા રહેવા દઈ બીજી બે સ્ત્રીઓ ડાકોરની જાત્રાએ જઈ આવતી હોય તેમ રણછોડજી-ના ‘ મહાતમ ’ ની વાતો કરતી બેઠી હતી.

નરેન્દ્ર સહેજ અટક્યો, પણ ઓળખીતા જેવો ભાસ ન થયો. સ્ત્રીએ જાણે પોતે બૂમ ન પાડી હોય, તેમ નીચું ઘાલી રહી હતી. નરેન્દ્ર આગળ વધ્યો; પણ પૂનમને આ ટાંકણે ગાડીમાં જગ્યા ન જોતાં એંજિન આગળથી એ પાછો ફર્યો અને પેલી સ્ત્રી આગળની ખાલી જોયેલી

જગ્યાએ બેસી ગયો. ગાડીમાં મોકળાશથી બેઠેલી સ્ત્રી પોતાના ગામના વડીલ પુરુષને જોતાં જેમ મર્યાદાથી પૂંઠ ફેરવી લે તેમ પેલી સ્ત્રીએ સોડિયું ખેંચી, બાજરૂ તરફ મોં ફેરવ્યું. સામે બેઠેલો પુરુષ પણ, નીચે કંઈ ખૂંચતું હોય તેમ, ઊંચોનીચો થતો હતો.

નરેન્દ્રના બેઠા પછી રણછોડજીના 'મહાતમ'ની વાતો મૂકી એક આધેડ તો નહિ, પણ વિધવાના વેશને લીધે એવી લાગતી સ્ત્રીએ પડપૂછિયા સ્વભાવ પ્રમાણે પૂછ્યું : "ક્યાં જવું છે ?"

"વડોદરે."

"વડોદરા રહેતા હશો ?"

"ના, જોગીપુરા રહું છું."

વાતવાતમાં ઓળખીતું ગામ સાંભળી સ્ત્રીએ પૂછ્યું : "છોટાભાઈ મુખીને ઓળખો છો ?"

નરેન્દ્રે સહેજ હસીને કહ્યું : "છોટાભાઈ મુખીને તો નાનું છોકરું ય ઓળખે."

વાતને સમજતી હોય, તેમ પેલી સ્ત્રીએ સામે બેઠેલા પુરુષના લાલ ડોળાને ગણકાર્યા વગર મોં ફેરવી ત્રાંસી નજરે નરેન્દ્રનું મોં ફરી જોયું અને એ વધુ સંકોચાઈ બેઠી.

સ્ત્રી આગળ બોલી : "છોટાભાઈના ઘરમાં છે ને, રતનબેન—એ મારી ફોઈની છોડીની છોડી થાય. એક વખત હું ત્યાં આવી છું—એમની મોટી છોડી ગંગા પરણી ત્યારે;

અને પછી તો હું રાંડી એટલે કોઈ જગ્યાએ બહાર જતી જ નથી. વરસમાં બે વાર રણછોડરાયનાં દર્શન કરવા જઉં છું, એટલું એ જ."

નરેન્દ્ર કંઈ ન બોલ્યો, ત્યારે એણે વાત ચાલુ રાખતાં પૂછ્યું : "તમારું નામ શું ?"

અને એ જવાબ સાંભળવા પેલી સ્ત્રીના ઉત્સુક, સાલ્લામાં ઢંકાયેલા કાન, પલટનની પરેડમાં આરામની સ્થિતિમાં ઊભેલા સૈનિકો હોશિયારીનો હુકમ મળતાં ટટ્ટાર બની જાય તેમ, ટટ્ટાર બની ગયા.

"નરેન્દ્ર !" જવાબ સાંભળી પેલી સ્ત્રીને શંકાનું કારણ ન રહ્યું. હૃદયમાં બદલાયેલા ભાવની અસર મુખ ઉપર ઝલક ન મારી જાય, માટે એણે ખાલી બગાસું ખાધું.

ગાડીની સિસોટી થતાં ગાડી ચાલી. બીજે સ્ટેશને પેલી બે સ્ત્રીઓ ઊતરી ગઈ. જતાં–જતાં છોટાભાઈને ખબર પૂછવાનું કામ નરેન્દ્રને સોંપવાનું ભુલાયું નહોતું.

જગ્યાની મોકળાશ મળતાં નરેન્દ્ર દૂર ખસ્યો. સોડિયું તાણી બેઠેલી સ્ત્રીમાં હિંમત આવી હોય, તેમ સામે બેઠેલા પુરુષના ક્રોધભર્યા ચહેરાની પરવા કર્યા વગર તે સરખી બેઠી; પણ પળપળની તેની મનોદશાને પારખતાં ગણત્રીબાજ પુરુષે નક્કી કર્યું હોય, તેમ વાસદ સ્ટેશન આવતાં એ તૈયાર થઈ ગયો. સ્ત્રીને હુકમ કરતો હોય તેમ તે બોલ્યો : "ચાલ, પોટલી લઈ લે."

સ્ત્રીએ પૂછ્યું : "કેમ ?"

"બસ ! અહીં જ ઊતરી જવું છે."

ગાડી આંચકો લેતી અટકી. જગ્યાની શોધમાં જે ધમાલ ને પડાપડી થાય છે, તેમાં જો કોઈ પોક મૂકીને રડે તો ય એ તરફ ધ્યાન આપવા કોઈ નવરું નથી હોતું; ત્યાં પેલી સ્ત્રીએ નરેન્દ્રના પગ આગળ નમી પડતાં ધીમેથી કહ્યું : "નરેન્દ્રભાઈ ! તમારી ગાય છું, મને બચાવો," એ સાંભળવા કોણ નવરું બેઠું હતું ?

જાણે કંઈક મોં જોયાં છે એવી ગડમથલમાં પડેલા નરેન્દ્રને ખાત્રી થઈ, કે જરૂર આ લોકો પોતાને ઓળખે છે, પણ પોતે ઓળખી શકતો નથી. ત્યારે આ સ્ત્રીને એટલો બધો કયો પરિચય કે વિશ્વાસ છે, જે એને શરણે જાય છે ?

હજુ એ કંઈ જવાબ આપે તે પહેલાં તે પુરુષ બોલ્યો : "જુઓ, નરેન્દ્રભાઈ ! મેં તમારું કશું બગાડ્યું નથી. તમે મારી આડે ન આવતા." અને હવે ધાંધલ કરવું અયોગ્ય ધારી એ પોતાની જગ્યાએ બેસી ગયો. ગાડી ઊપડી; દરેક પોતપોતાના મનમાં કંઈકંઈ યોજના ઘડતું હોય તેમ મૌન ધારી રહ્યું.

"મારું નામ મેના અને આ ગોકળ...."

સ્ત્રીના આ એક જ વાક્યે નરેન્દ્રની આગળનો પડદો

ખસી ગયો અને એ જાણે વિશાળ મેદાન વચ્ચે ઊભો રહ્યો હોય તેમ તેને લાગ્યું.

× × ×

મોતીગર બાવાને મૈયત સાથે ગણો તો ત્રણ બૈરાં થયાં. પ્રભુની અકળ કળાને કોણ પામ્યું છે! ત્રીજી વખત બૈરું કર્યું, ત્યારે બધા દાંત કાઢતા હતા; પણ એકાવનથી અઠ્ઠાવનની ઉંમર વચ્ચે એને બે છોડી ને એક છોકરો થયાં. છોકરું નહોતું ત્યારે એને બસ એક જ આશા હતી–સંતાનની; પણ જ્યારે છોડી અવતરી, ત્યારે ય એક જ ઇચ્છા રહી–પુત્રની. પછી તો એક પુત્ર ને એક બીજી પુત્રી એમ વેલો આગળ ચાલ્યો;' તો ય એને એક જ તૃષ્ણા રહી–છોકરાંને પરણેલાં જોવાની.

એક જ સપ્તાહમાં ત્રણે ય સંતાનનાં લગ્ન થયાં. નવ વરસની મોટી છોડી અને છ વરસના છોકરાનાં લગ્ન સાટામાં ગોઠવી દીધાં. નાની ત્રણ વરસની મેનાના પાંચસો ઊપજ્યા, તે ખર્ચમાં કામ લાગ્યા.

સાઠ વરસની વયે મોતીગર ગત થયો, ત્યારે લોકો એના ભાગ્યને વખાણતા હતા. 'ભાગ્યશાળી તો પૂરો. એક દશકાની જ રમત. છોકરાંનું મોં જોયું તો જોયું, પણ પરણાવવા–પસ્તાવવાનો ય લહાવો લેતો ગયો. કરમ આડું પાંદડું–પુરુષાર્થ કરે તો બધું ય આવી મળે.'

જૂની–નવી બેય જુદી રહેવા લાગી. નાનો છોકરો

મહાદેવને લોટો પાણી રેડી આવતો અને ધર્માદા ખેતરમાંથી તથા દીવા-દિવેટ નિમિત્તે ગામમાંથી જે કંઈ આવતું, તેમાંથી માંડમાંડ પોષણ થતું.

આમ બે-પાંચ વરસ નભ્યું. ત્યાં તો નવીને મેલેરિયા ઉપાડી ગયો. છોકરાં જૂનીને માથે પડ્યાં. એકાદ વર્ષ બાદ મોટી છોડીને એનો સસરો આવી તેડી ગયો. નાની મૅના અત્યારે દશ વરસની થઈ હતી. લોકો તો જૂનીને સલાહ આપતા : 'કહે ને એના ધણીને, એટલે તેડી જાય.'

જૂની કહેતી : 'મેં તો તમારા કહ્યા વગર કેટલા ય સંદેશા મોકલ્યા, પણ એ તેડે ત્યારે ને? જાણો છો ને? આજકાલનાં છોકરાં બે આંકડા ભણ્યાં ને તેમાં ય ઘરમાં કોઈ નાનું-મોટું નહિ, એટલે શું કહેવાનું હોય? નિશાળની મહેતીને રાખી છે એટલે શાનો તેડે?

મૅનાનો વર ગુજરાતી સાત ચોપડી ભણી માસ્તર થયો હતો. ગામમાં જ નોકરી હતી. બાપ થોડો લીલો જીવ મૂકી ગયો હતો, એટલે પંદર રૂપિયાના પગારને નહિ, પણ પચાસ રૂપિયાના જેવા ઠાઠને જોઈ, નવી મહેતી એના ઘરમાં ભાડે રહેતી હતી, ત્યારથી અંજાઈ હતી. લોકોની અરજી ખાતામાં પહોંચી અને ફોજદારી ખાતું બાઈ બાળહત્યા ન કરે તેની કાળજી રાખતું હતું, ત્યારે બંનેએ પુનર્લગ્ન કરી નાખ્યું. હવે તો મૅનાની એ ઘરમાં જગ્યા જ ક્યાં રહી?

નાત આગળ એની માએ ફારગતીની માગણી કરી. નાતે એના ધણીને પૂછ્યું. પણ જેટલી જ સ્ત્રીની કિંમત ગણતો હોય, તેમ એના ધણીએ જવાબ આપ્યો : 'હજુ તો બીજી બાર પાલવું તેવો બેઠો છું.'

જ્યાં સુધી પતિ ખાધાખોરાકી આપવા તૈયાર હોય, ત્યાં સુધી કાયદેસરના ગુલામીખતમાંથી, ગમે તેટલું દુઃખ હોય, પણ પત્ની છૂટી થવા સ્વતંત્ર નથી, એવા સામાજિક અને સરકારી કાનૂન પ્રમાણે મેના એના પત્નીજીવનના કેદખાનામાંથી મુક્ત ન થઈ શકી.

મોટી થયેલી મેનાને હવે સ્ત્રીઓ સલાહ આપતી : 'મેર, એક વાર ત્યાં જા તો ખરી. પુરુષની જાત, આજ એનો થયો છે, તો કાલે તારો નહિ થાય એની શી ખાત્રી ? આપણામાં આવડત હોય, તો સો બહાને એને ખેંચીએ. લાલચુને આપણો કરવો એમાં તે શી મોટી વાત !'

મેના બે–ત્રણ વખત સાસરે ય રહી આવી, પણ એનો દહાડો ન વળ્યો તે ન જ વળ્યો.

પછી તો એને અહીં ગોઠી ગયું. હોટેલવાળા ગોકળની સોબત એને મીઠી થઈ પડી. વખત આવ્યે એણે ગોકળ તરફ વફાદારી પણ બતાવી. હોટેલમાં આંકફરકનો અખાડો ચલાવ્યાનો આરોપ આવ્યો, ત્યારે એણે પોતાનો કાપ અને કડું વેચી મદદ કરી. વળી છ માસની સજા ભોગવી એ પાછો આવ્યો, ત્યારે મેનાએ એને સંઘર્યો.

એક દિવસ ગોકળે દરખાસ્ત મૂકી: 'મેના! મારું કહ્યું માનીશ?'

'તારું કહ્યું શું ન માન્યું?'

'આપણે અહીંથી જતાં રહીએ.'

'કેમ?'

'અહીંથી મારું મન હવે ઊઠી ગયું છે.'

મેનાને ય પોતાના જ ગામમાં પોતાની વાતો થાય, તે સાંભળવી ઠીક તો નહોતી લાગતી. એણે કોઈ અજ્ઞાત જગ્યાએ શાંતિમય જીવનની કલ્પનાથી હા પાડી.

અને અધૂરું હતું તે પૂરું થયું. એક સવારે વાત બહાર આવી, કે ગોકળ મેનાને લઈ નાસી ગયો. શુદ્ધતાના હિમાયતીઓ રાજી થયા: 'સારું થયું, અહીંથી પાપ ગયું!'

ઉપરાંત ઊડતીઊડતી કેટલી ય વાતો આવતી એ તો જુદી!

× × ×

નરેન્દ્રનું મન ભૂતકાળના ગોકળ સાથેની સરખામણીમાં પડ્યું હતું. ક્યાં હોટેલમાં બંડીભેર બેસતો ગોકળ, ને ક્યાં શેઠિયો હોય તેમ ચાંદીનાં બટનવાળો સફેદ કોટ, પાતળી કિનારનું ધોતિયું ને કાશ્મીરી ટોપી પહેરેલો ગોકળ!

નરેન્દ્ર બંનેને જવાબ આપતો હોય, તેમ બોલ્યો: 'હું તો દુશ્મનના ય ભૂંડામાં રાજી નથી.'

ગોકળ: 'માટે જ કહું છું, કે મારી વચ્ચે ન આવશો.'

મેના બિલકુલ સંકોચાયા વગર નિર્ભયપણે બોલી: 'તેં મને આજ સુધી પોલીસની બીક બતાવી છે, પણ આજ તું ગમે તેમ કરીશ, તો ય હું તારી સાથે આવવાની નથી.'

નરેન્દ્રે યુક્તિ વાપરી: 'જો ગોકળ! અહીં ઝઘડો કરશો, તો તમારી મેળે પકડાઈ જશો. બીજું મેના વડોદરાને સ્ટેશને બૂમાબૂમ કરે તેના કરતાં તમે બંને મારી સાથે ચાલો. તમારી વાત સાંભળ્યા પછી જે કરવું હશે તે કરીશું. તને એટલી ખાતરી આપું છું, કે હું તને છેતરીશ નહિ.'

અને ગોકળ કંઈ આનાકાની કરે તે પહેલાં નરેન્દ્રે બીક બતાવી: "જો મારે તને પકડાવવો જ હોય તો કેટલી વાર?"

કોઈ ઉપાય ન ચાલ્યો, ત્યારે ગોકળ કબૂલ થયો; પણ નરેન્દ્રને ખાત્રી હતી, કે તે ગમે તેમ કરી છેવટે એકલો ય છટકી જશે. છેવટે નરેન્દ્રનો મુકામ જોયા પછી જરા યુક્તિપૂર્વક એ ખસી ગયો, ત્યારે નરેન્દ્રને લાગ્યું, કે છે તો પાકો ઉઠાઉગીર. એ નાસે એમ ઇચ્છતા નરેન્દ્રે એનો રસ્તો ન રોક્યો; ગોકળનું મન પણ હર્ષમાં હતું, કે પોતે આવતી આપત્તિમાંથી બચી ગયો.

ગોકળના ભાગી ગયા પાછળ ઊડતી વાતોમાં કેટલું સત્ય હતું, તે એણે મેના પાસેથી જાણી લીધું.

નાઠા પછીના પાંચેક દિવસની વાત હતી. મેનાને એક ઘરમાં બેસાડીને જતી વખતે ગોકળ સૂચના આપતો ગયો: "કોઈની જોડે બિલકુલ વાત ન કરીશ." વતન છોડી બહાર અજાણ્યા પ્રદેશમાં કદી નહિ નીકળેલી મેનાને સુરતનો એ પાધર પ્રદેશ ખાવા ધાતો હોય તેમ ભાસતો હતો. હજુ એ સૂનમૂન રહી હતી, ત્યાં ગોકળ પાછો આવ્યો. ચારે તરફ નજર કરી એ બોલ્યો: 'મેના, એક વાત સાંભળી લે.'

અને જાણે કહેતાં બીતો હોય તેમ એણે કહ્યું: "આપણી પાસે ફૂટી કોડી નથી, માટે કંઈક ધંધો તો કરવો પડશે ને? પણ પૈસા વગર ધંધો ય શું થાય? પૈસા પડાવવાનો એક ઉપાય રચ્યો છે.'

મેના ગભરાઈ હોય તેમ બોલી ઊઠી: 'શો?'

ગોકળ જરા સ્વસ્થ થતાં બોલ્યો: 'બધું નક્કી થઈ ગયું છે; માટે જો તું કંઈ અવળું વેતરી નાખીશ, તો બંને જેલમાં જઈશું.'

શું બોલવું તેની મેનાને સમજ ન પડી. એ તકનો લાભ લઈ પોલીસનો તથા જેલનો ભય બતાવી, ગોકળ તેને કોઈ પૂછે તો બે-પાંચ પ્રશ્નોના જવાબ આપવાનું શીખવી બહાર નીકળી ગયો.

× × ×

સુડતાળીસ વર્ષના મરઘાભાઈ બૈરી માટે તલપાપડ થઈ રહ્યા હતા. પાંત્રીસ વરસના થયા ત્યાં સુધી તો બિચારા

પાસે પૈસાની સવડ ન હતી. આટલે વર્ષે જારના રોટલા ને મરચું ખાઈ ધન પેદા કર્યું, ત્યારે 'નાચનારીનું આંગણું વાંકું' એની માફક 'હવે તમારે કાળાંનાં ધોળાં થયાં ને ઘરડે ઘડપણ બૈરું શું?' બેએક વખત પૈસાનું ઠેરવી નક્કી કર્યું હતું, પણ નાતજાતની ખાત્રી કરવા રહ્યા, ત્યાં જોડેના અમથાભાઈ લઈ ગયા અને બે છોકરાંના બાપ થઈ બેઠા તે નફામાં. ચૂંવાળીસમે વરસે તો એકને ઘેર સુદ્ધાંય લાવ્યા હતા, પણ લોકોએ સલાહ આપી: 'આ ઘરડા ઠરચાને તે શું જોઈ લાવ્યા? પૈસા હતા તો મનોરભાઈ પંચાવનમે વરસે નહોતા લાવ્યા?' અને એ ઘરમાં આણેલી પણ જતી કરી. વળી બીજાં ત્રણ વરસ વીતી ગયાં. મરઘાભાઈએ હવે તો નક્કી જ કર્યું હતું, કે કોઈની શિખામણ માન્યા વગર આપસૂઝે હવે તો બૈરું કરી જ નાખવું; અને બીજી ય એમને પાકી ખાત્રી થઈ હતી, કે મારા બેટા ઉચ્છેદિયું ખાવા હું બૈરું કરું, તેમાં ઊંધી સલાહ આપે છે; એટલે પાંચેક ગાઉ દૂરના નરહર ભટ્ટ, જે વરસમાં એક—બે તો ઓછામાં ઓછાં લોકોનાં ઘર મંડાવતા, એ સૂરજ(મેના)ને લઈને આવ્યા, ત્યારે એમણે પોતાની માગણી પહેલી રજૂ કરી.

હા—ના કરતાં સવાછસો રૂપિયામાં નક્કી થયું. જતી વખતે ગોકળ મેનાને સૂચના આપતો ગયો: 'જો પંદર દિવસ પછી એમના કુટુંબમાં લગ્ન છે. એ વખતે જણસો

પહેરવાની મળશે. હું........' બહુ જ ધીમેથી વાત કરી ગોકળ વહાય થયો.

મેનાના મનમાં ગડમથલ જામી : 'આની સાથે રહી આવા ધંધા કર્યાં કરવા કરતાં ત્યાં રહી જવું શું ખોટું?' પણ મરઘાભાઈ તરફ જોઈ એનું યુવાન મન પાછું પડતું.

નાસવાનો છેલ્લો દિવસ આવ્યો. સાંજે લગ્નનાં ગીત ગાઈ એ ઘેર આવી. એને થયું: 'આટલું પાપ ઓછું છે તે જણસો ય લઈ જાઉં? ના ના, મારાથી એ નહિ બને.'

એણે ઘરેણાં ઉતારી પાછાં આપ્યાં, ત્યારે મરઘાભાઈએ કહ્યું: 'પહેરી રાખો ને.'

એનું મન બોલ્યું : 'લે ને અકર્મી!' એણે કંઈ પણ જવાબ ન આપ્યો. એ રાત્રે એ ગુમ થઈ, ત્યારે મરઘાભાઈનું શું થયું હશે?

એક પાપ ઢાંકવા બીજું પાપ કરવું પડે, તેમ મેના અનિચ્છાએ ત્રણ વખત વેચાઈ; છતાં ગોકળનું પૂરું ન થયું. મોટા દેખાતા આ ધંધામાં શું મળતું એ ગોકળનું મન જાણતું, પણ એક વખત જે ટેવ પડી તે માણસ યંત્રવત્ કર્યે જ જાય છે. એ ટેવ છોડવી હોય, તો ય ઘણી વખત સમાજ છોડવા નથી દેતો.

ચોથો સોદો ગોઠવવા ગોકળ પૂનમ પહેલાં પાંચ દિવસથી ડાકોર ગયો હતો. લગભગ બધું નક્કી જેવું થઈ ગયું હતું; પણ પૂનમને જ દિવસે કાઠિયાવાડથી સ્ત્રીઓને અને કન્યાઓને ભોળવી ઉપાડી આણી ગુજરાતમાં વેચતી

ટોળી ડાકોરના તુળજારામ ગોરને ઘેરથી પકડાઈ, ત્યારે રણછોડજીના મંદિરને બદલે પોલીસ સ્ટેશને જ મોટો મેળો એ સરઘસ જોવા ભેગો થયો.

લોકો ભાતભાતની વાતો ય કરતા : "હજુ તો આવાં કેટલાં ય કાવતરાં પકડવા છૂપી પોલિસ ઘેરઘેર તપાસ કરે છે. આ પકડાયું એની આગલી રાતે જ ધર્મશાળામાં ઊતરેલા બે કાઠિયાવાડીઓ રાતની ગાડીમાં નાસી ગયા."

મરઘાભાઈના ગામનો જ એક જણ જાત્રાએ આવેલો તે બોલ્યો : "અમારા ગામમાં ય એક જણે સવાછસો આપી બૈરું કર્યું હતું, તે પંદર દિવસ રહી ભાગી ગયું."

વાત સાંભળી ગોકળ ચમક્યો. એનું પાપ જાણે ફૂટું-ફૂટું થઈ રહ્યું હોય તેમ લાગ્યું. બિલકુલ બહાર ન નીકળવું એવો નિશ્ચય કરી એ ઉતારે ગયો, ત્યારે રેવાશંકર મહારાજે કહ્યું : "પોલીસ હમણાં જ આવી હતી, જોડેને ઘેર વહેમ પડ્યો તે નામ લખી ગઈ. મારું તો જાણો છો ને? રાતદહાડાનો ધંધો રહ્યો એટલે પોલીસને કંઈ ખવડાવ્યા વગર છૂટકો છે? એટલે મને તો બીજું શું કહે? 'તમારે ત્યાં તો બધાં ઓળખીતાં જ ઊતર્યાં છે ને?'"

પાપને સંતાડવા ગોકળ એ જ સવારની ગાડીમાં નાઠો, તો ય પાપ એની પાછળ પડ્યું હોય તેમ, આણંદ સ્ટેશને જ નરેન્દ્ર ભેગો થઈ ગયો.

× × × ×

હજુ બરાબર અગિયારનો છેલ્લો ટકોરો ઘડિયાળમાં વાગી તેનો રણકાર શમ્યો ય નહોતો, ત્યાં તો બારણાં ઉપર ધીમા ટકોરા પડ્યા. ટકોરાથી ટેવાયેલા ઘરધણીએ પથારીમાં સૂતાંસૂતાં બૂમ ન પાડતાં બારણાં પાસે છેક નજીક આવી ધીમેથી આવનાર માણસને ઓળખવા પૂછ્યું: 'કોણ હશે?'

'એ તો હું....ગોકળ.' આવનારે નામનો ઉચ્ચાર ધીમેથી કર્યો.

બારણાં ઊઘડ્યાં અને ગોકળ અંદર સમાઈ ગયો.

દીવાની વાટને સતેજ કરતાં ઘરધણીએ પૂછ્યું: 'અત્યારે ક્યાંથી?'

ગોકળ: 'આ નવની ગાડીમાં આવ્યો. મેના પકડાઈ ગઈ.'

'હેં!' દરેક સોદા વખતે પોતાને મળી કામ કરતો ગોકળ આ વખતે ય મળવા આવ્યો હશે, એમ માની લીધેલું અનુમાન ખોટું પડતાં એ ચમક્યો.

ગોકળે આગળ વાત કરી: 'પોલીસ હોત તો તો એના મોંમાં ડૂચો મારત, પણ....'

પોલીસ જ પકડે એવું પોતાનું બીજું અનુમાને ય ખોટું પડતાં એ વધુ ખિજાયા: 'પોલીસ વગર બીજાને પકડવાનો શો અધિકાર! ગાંધીવાળો તો કોઈ નથી ને?'

ગોકળે બીતાંબીતાં કહ્યું: 'ગાંધીવાળો ગણો તો ય

અને જે ગણો તે–તમને બધાંને નડે છે તે....'

'કોણ નરેન્દ્ર?' છોટાભાઈને એક મોટો આંચકો આવ્યો.

ગોકળે હકારમાં ડોકું હલાવ્યું તે પહેલાં એમણે પોતાની સ્થિતિનો ખ્યાલ કરી નાખ્યો હોય, તેમ બીજો પ્રશ્ન કર્યો: 'હું આમાં છું તે મેના જાણતી તો નથી ને?'

'ના.' ગોકળે જવાબ આપ્યો, ત્યારે છોટાભાઈના હૃદયમાં નવો જીવ આવ્યાનો સંચાર થયો.

છોટાભાઈના ગણતરીબાજ મગજે એકસામટું કહી નાખ્યું: 'જો ગોકળ, તું મને બરાબર ઓળખે છે ને? નરેન્દ્રનું કંઈ કહેવાય નહિ; અને કદાચ ફોજદારી કરે તો મારું નામ ન આવવું જોઈએ. ગેમા પાછળ કેટલા રૂપિયા થયા તે મારું મન જાણે છે, પણ એક પાઈ એને માથે પડવા દીધી છે? સવારમાં હું ફોજદારને તરત મળીશ; આવે વખતે ખપ લાગે તે માટે તો એમનો ભાગ રાખવાનો; નહિ તો આપણને એકલાને ખાતાં ક્યાં કડવું લાગે છે?'

હજુ પોતાનું પાસું સાબૂત કરતાં એમણે એ ને એ પ્રશ્ન ફરી ઉલટાવ્યો: 'મેનાને તેં મારા નામની ગંધે ય નથી આવવા દીધી ને? નહિ તો એ તો નરેન્દ્ર છે–શૂન્યમાંથી જગત રચે તેમ સહેજમાંથી બધું સમજી જશે.'

ગોકળ ખાતરી આપતાં બોલ્યો: 'એ શું બોલ્યા, કાકા! મારા અને તમારા વગર એની ગંધે ય બીજાને આવવા દીધી નથી.'

છોટાભાઈએ બીજી સૂચના આપી: 'કેસ થાય એ બાબતની તું ચિંતા ન રાખીશ. ફોજદાર જોડે બધી વાત કરી લઈશ. સવારની ગાડીમાં જ વડોદરે જા, એ શું કરે છે તેની તપાસ કર.'

એમની કલ્પનાએ બીજી સ્થિતિ વિચારી લેતાં ઉમેર્યું: 'જો વડોદરા જઉં ને ત્યાં ન હોય તો અમદાવાદ આશ્રમમાં–પેલી ગંગા ગોરાણીને મૂકી આવ્યો છે–ત્યાં તપાસ કરજે. જ્યાં મરે ત્યાં મરવા દેજે. આપણે તો આપણું સાચવી લેવું.'

ગોકળ વિદાય થવા ઊભો થયો, ત્યારે છોટાભાઈએ વળી ફરી યાદ દેવડાવ્યું: 'ગોકળ! શું કહ્યું? મારું નામ....'

'એ તો બેફિકર રહેજો, કાકા! માથું જાય પણ પેટનું પાણી હાલે ત્યારે થઈ રહ્યું જ તો!'

બારણાં ફરી ઊઘડ્યાં ને બંધ થયાં.

ત્રીજે દિવસે નરેન્દ્ર ઘેર આવ્યો, ત્યારે છોટાભાઈ ચબૂતરા ઉપર બેસી પોતાના મંડળમાં વાતોના તડાકા મારતા હતા.

નરેન્દ્રને જોઈ ધીમા થઈને તો નહિ, પણ નજર ફેરવી એ વાત કરતા હતા, ત્યાં નરેન્દ્રે નજીક આવતાં કહ્યું: "છોટાકાકા! વેજપુરવાળાં ડાહીબેન મળ્યાં હતાં, તેમણે તમારી ખબર પૂછી છે."

૫ : ધર્માદા વહીવટ

'આવ જડ જેવો નહિ તો બીજું શું?'

'ધોળે દહાડે એને એટલું ય સૂઝ્યું નહિ?'

'એની પાસે તો સવા મણને બદલે પાંચ મણ જાર નંખાવવી જોઈએ.'

'ગમે તેમ તો ય હત્યા તો થઈ જ ને?'

આમ એક તરફ જતી વાતને મથુરભાઈએ બીજી તરફ વાળી: 'તમે ય, શું મારા ભાઈ, એક બાજુનું ઝૂડો છો. રામાથી પો'ર કેડ ઉપર પૈડું ફરી વળ્યું હતું, તો ય એને મટી ગયું અને આમ પૂછડી દબાયાથી કૂતરું મરી ગયું સાંભળ્યું છે?'

'આ મરી ગયું તે કેવું?'

'એ તો ભગવાન કંઈ પોતાને માથે લે છે? નહિ તો આ અઠવાડિયામાં ખડકીમાંથી બીજાં બે કૂતરાં મરી ગયાં. અહીં તો ખરું કહેનાર દુશ્મન થાય, બીજું શું!'

અને 'બીજું શું'થી અધૂરું રહેલું વાક્ય સાંભળવા બધા એકકાને થયા. 'મહિને મહિને લોટ (બાફેલો) તો નહિ, પણ ખીચડું નાખતા હોય, તો ય ધૂળ નાખી. મૂકનારા મૂકી ગયા છે, કંઈ કોઈને ઘરમાંથી તો નથી કાઢવાનું ને?'

એક જણે સાખ પૂરી : 'મથુરભાઈનું કહેવું તો કંઈ ખોટું નથી. આ તો વરસમાં એક વાર ખીચડું નાખ્યું તો નાખ્યું, નહિ તો રામ તારી માયા !'

મથુરભાઈને ટેકો મળ્યો, એટલે એ ભાર દઈને બોલ્યા : 'મારું એ જ કહેવું છે ને, કે કૂતરાં ભૂખે મરી ચાલ્યાં, પણ કોઈ મોઢામાંથી એટલું કહે છે, કે છતે ધાને શું કરવા ભૂખે મારી નાખો છો ?'

છગન ખેતરમાંથી ગાડું લઈને આવતો હતો. ખડકી-માં વળતાં ઓથો હોવાથી બેઠેલું કૂતરું ઠેઠ નજીક આવ્યા પછી જણાયું; એટલે એણે 'હડે-હડે' કરતાં બળદના અછોડા ખેંચી ઝાલ્યા, છતાં નજીક આવી પહોંચેલા બળદ ઊભા ન રહી શક્યા; પૈડું કૂતરાની પૂછડી ઉપર થઈને ફરી ગયું. ચીસો પાડતું કૂતરું તે ઘડીએ નાઠું તો ખરું, પણ બીજે દિવસે મરણ પામ્યું. ગામના નિયમ પ્રમાણે એના ગુના બદલ છગને સવા મણ જાર ચકલાંને ચણવા આપી પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું.

લોકો બધો ગુનો એના ઉપર ઢોળી પાડે તે પહેલાં મથુરભાઈએ, નીકે વહેતા પાણીને જેમ બીજી બાજુ વાળે તેમ, દલીલ જુદે રસ્તે વાળી. મથુરભાઈની વાતમાં સત્ય નહિ તો ય સત્યાંશ તો હતો. ધર્માદાના વહીવટકર્તા કૂતરાં-ખાતાની આવકનો વ્યય કરતા નહોતા; જો કે કૂતરાંને જિવાડવાં જ હોય તો ય એવી કોઈ સંસ્થા તરફથી

વરસમાં બે–પાંચ દહાડા ખીચડું નાખ્યે ભૂખમરો ઓછો ન થાય; લોકોએ જ એમનું પોષણ કરવું જોઈએ.

જવા દો એ વાત. એ બધી લાંબી ભાંજગડમાં પડવા આપણા લોકો ક્યારે નવરા હોય છે? એમને તો તમે કહો, કે 'હાથી દોરડા જેવો છે' તો ય 'હા,' ને હું કહું, કે 'ના ના, થાંભલા જેવો છે' તો ય 'હા.' પણ એમાં ય પરિસ્થિતિ સમજ્યા વગર જો તમે હા કહેવરાવવા જાઓ તો ખાંડ ખાઓ છો. તમે ને હું બંને હાજર હોઈએ, પણ મારું વર્ચસ્વ (ગમે તેવું સારું કે ખોટું) વધારે હોય, તો ખરી વાત હશે તો ય તમે 'હા' નહિ કહેવરાવી શકો; પણ મારી રૂબરૂ તમને હાર્યાનો વસવસો રહી જતો હોય, તો મારી ગેરહાજરીમાં તમે ફાવતો જવાબ મેળવી શકશો. 'એ તો એમની જોડે રાતદહાડો કામ રહ્યું, એટલે 'હા'એ 'હા' કર્યા વગર છૂટકો છે? નહિ તો તમારું ?ારું છે એ કોણ નથી જાણતું? પણ આ તો તમારા સંતોષ માટે કહું છું, નહિ તો એની પાછળ બબડ્યે મારા કામને ઓછી હરકત નડે છે?'

આમ વહીવટકર્તાની ગેરહાજરીમાં પરિસ્થિતિ મથુર-ભાઈની તરફેણમાં હતી, એટલે તેમની વાત એક અવાજે બધાંએ ઉડાવી લીધી.

'ખરું પૂછો તો ધર્માદા વહીવટની પડી છે જ કોને? એના હિસાબનું ય ઠેકાણું ન મળે. ગામમાં કોઈ પૂછનાર

નહિ એટલે ખાધું એટલું બાપનું.' મનોરભાઈએ પોતાના મનનો ઊભરો કાઢતા હોય તેવો ડોળ કરી કહ્યું.

એટલામાં અચાનક ત્યાંથી ચુનીભાઈ નીકળ્યો, એટલે જીવાભાઈ તરત બોલી ઊઠ્યા : 'આ જુવાનિયાઓ આડાં-અવળાં ફાંફાં મારે છે, પણ જે કરવાનું છે, તે નથી કરતા.'

'શું કરવાનું છે?' ચુનીભાઈએ ઊભા રહેતાં પૂછ્યું.

ચુનીભાઈ પાસેથી કડવું સત્ય ઘણો વખત સાંભળવા મળતું, એટલે એકદમ કોઈ કંઈ બોલ્યું નહિ. મનોરભાઈને કહેવું નહોતું, પણ કહેવરાવવું તો હતું જ, એટલે એ બોલ્યા : 'કેમ જીવાભાઈ, કહીને રહી ગયા? કહોને, એમાં શું ખોટું છે?'

જીવાભાઈને ખાતરી હતી, કે આ મંડળ પાસે વાત કરવી એટલે કાલ ઊઠીને કામ ઊભું થાય તો સાક્ષીની વાત તો ઠીક, પણ છેવટ નામ આગળ આવ્યા વગર ન રહે; અને ગામડાનું મહાસૂત્ર તો 'સાર્વજનિક ગમે તેટલું નુકસાન થતું હોય, પણ સત્ય કહી ખોટું ન લગાડવું' એ રહ્યું; અને તેમાં એમને એટલો તો સંતોષ છે જ, કે 'આપણા બાપનું તો નથી બગડતું ને!'

એટલે જીવાભાઈ શું કહેવું તેનો વિચાર કરી બોલ્યા : 'બીજું શું? એ તો હું એમ કહેતો હતો, કે એક જણ કેટલું કામ પહોંચી વળે? પણ તમારા જેવા જુવાનિયા એટલું કામ કરી લેતા હોય, તો શું ખોટું? વહીવટ કરે

એની કંઈ ગનેગારી? વરસમાં બે–ચાર વાર ખીચડું બફાવી કૂતરાંને નંખાવો, તો એ કંઈ ઓછા ના કહેવાના હતા?'

ચુનીભાઈ તો લોકમાનસથી સારી રીતે પરિચિત હતો. એમના બોલવા ઉપર ભરોંસો રાખી જો કોઈ કામ ઉપાડે તો ઘરખૂણે મોટીમોટી વાતો કરી ટેકો આપનાર ભલા હોય, તો તટસ્થ તો શું, પણ વિરુદ્ધ ન ઊતરે એ જ મોટી મહેરબાની! ગામની સાર્વજનિક સંસ્થાઓનો થતો દુર્વ્યય તેની જાણ બહાર ન હતો; પણ તપ્યા વગરનું લોઢું ટીપી હાથ દુખાડવા એ તૈયાર ન હતો. એના મગજમાં કયા કામનો તા આવ્યો છે તે ખ્યાલમાં રહેતું; અને એ તા પૂરો થયા પછી કયા કામને તામાં નાખી તપાવવાનું છે એ ય તૈયાર રહેતું; એટલે કંઈ પણ બોલ્યા વગર એ ચાલ્યો ગયો; જો કે મૌન સેવવું એ એના સ્વભાવની વિરુદ્ધ હતું; પણ કરે શું?

એ વાત તો ચોક્કસ કે જે માણસ ખાનગીમાં જોર-શોરથી તમારી મદદે આવે તે જાહેરમાં તમને બિલકુલ ઉપયોગમાં નહિ જ આવે; અને એ જ પ્રમાણે ગઈ કાલે સર્વે વચ્ચે જોર કરી બોલતા મનોરભાઈએ ધર્માદા વહીવટ-કર્તા છોટાભાઈ મુખીને એ વાત સુધારાવધારા સાથે બીજે દિવસે સવારમાં કરી.

વાત સાંભળી રહી છોટાભાઈએ પૂછ્યું: 'ચુનીભાઈએ

કંઈ કહ્યું કે નહિ ?'

મનોરભાઈએ ખુશામત કરતાં કહ્યું : 'બીજાની વાત હોત, તો જેમ આવે તેમ બકત; પણ તમારા આગળ એનું શું ગજું ?'

છોટાભાઈનું મગજ કંઈ વિચાર કરતું હોય તેમ કપાળ પર કરચલીઓ પડી. એ બોલ્યા : 'મથુરભાઈનાં અધી રાતે કેવાં કેવાં કામ કાઢ્યાં છે, તે મારું મન જાણે છે. હમણાં બે વરસથી કંઈ લેવડદેવડ નથી, એટલે એ જાણે આપણે એમની શી ગરજ છે ?'

મનોરભાઈ : 'એના બાપદાદે કે'દહાડે એક ચાસ જમીને ય ધર્માદા કાઢી છે, તે ડહાપણ કરતો હશે ?'

છોટાભાઈ એનો જવાબ કેવી રીતે આપે ? એમના બાપદાદે ય ક્યારે કાઢી હતી ? ત્યાં સુધીમાં તો ગોકળભાઈ અને વીરાભાઈ આવતાં બોલ્યા : 'લો, તમારા મહેમાનને તેડતા આવ્યા.'

અને પાછળથી ભગવી કંથા ધારણ કરી, ખભે જ પોતાનો સરસામાન લાદેલા ત્રણ બાવાજીઓ આવી ખડા થયા.

એમને દેખતાં જ છોટાભાઈએ આવકાર આપ્યો : 'ઊઠ્યા ત્યાંથી આ નીકળ્યા સદાવ્રત લેવા. હવે બધા ખરું પેંધ્યા છે ! ઘરઘર માગી ખાવું એના કરતાં આ શું ખોટું ? સદાવ્રતનું ખાવું અને ધર્મશાળામાં પડી રહેવું.'

હિંદી જબાનમાં જ જાણે બોલવું એવો સાધુસમાજનો નિયમ થઈ પડ્યો હોવાથી ગુજરાતી સાધુઓ ખરુંખોટું પણ હિંદીમાં જ બોલે છે : 'મુખી સા'બ ! હમારે મંગના હરામ હૈ. હમ તો રમતારામ--સદાવ્રત બિના કુછ નહિ લેતા.'

છોટાભાઈ: 'આવા તો દહાડામાં દશ આવતા હશે. પછી વહીવટ કરનારો ય શું મરે ? આવે એટલાંને આપવા બેસે, તો પારે ય ન આવે. ના કહીકહીને મગજ પાકી જાય છે.'

વીરાભાઈ: 'સદાવ્રત તો કોઈ સંત–સાધુ–અભ્યાગત હોય તો ઠીક છે; નહિ તો બીજા તો આ વસ્તિ રહી, માગી ખાય.'

છોટાભાઈએ જીવનમાં એક સિદ્ધાંત સ્વીકાર્યો હતો-સગવડિયો, એટલે એ નવીન વિચારમાં સહમત થતાં બોલ્યા : 'ખરું પૂછો તો લઈ જેવા આ બાવાઓને પોષ્યાથી તો દેશમાં ભિખારીઓનો રાફડો ફાટ્યો છે; અને તેથી જ મારું મન સદાવ્રતની રકમ આવે માર્ગે વેડફી નાખતાં પાછું પડે છે. રકમ હોય તો બીજાં કેટલાં ય કામ કરવાનાં પડ્યાં છે.' અને એનો અમલ કરતા હોય તેમ ઊભેલા બાવાજીઓને કહ્યું : 'સદાવ્રત આપવામાં મને કંઈ વાંધો નથી, પણ દરેકને આપવા જેટલી સગવડ નથી. કહેતા હો તો મારા ઘરમાંથી થોડો લોટ આપું. આખું ગામ પડ્યું છે. ફરો ને, કોણ ના કહે છે?'

ગોકળભાઈ: 'મરશે, આપો ને.'

છોટાભાઈ: 'આવું ખોટું ઉત્તેજન આપીને જ આપણે આ ફોજ ઊભી કરી છે ને? જાઓ, જરા રહીને આવજો, એટલે ચિઠ્ઠી કરી આપીશ.'

બાવાઓ પણ નવા શિખાઉ હોય તેમ જક કર્યા વગર ગયા.

છોટાભાઈએ પૂછ્યું: 'ગોકળભાઈ! ખરું કહેજો, હું કેટલા ય વખતથી નથી કહેતો, કે આ ધર્માદાનો વહીવટ બીજું કોઈ કરે તો સારું?'

'પણ એનું છે શું?' ગોકળભાઈ બોલ્યા.

'હોય શું ધૂળ? જ્યાં ત્યાં જેમના–તેમના ખોટા દેખાડવા. પેલો મથુર જરા પેલી ટોળીમાં ભળ્યો છે, તે કહેતો હશે, કે હિસાબનું ઠેકાણું નથી. આ કૂતરાંનો રોગ ગામેગામ નથી ચાલતો?'

પોતાના ગામમાં જ રોગ ચાલે છે કે નહિ, એ ગોકળ-ભાઈ નહોતા જાણતા; છતાં છોટાભાઈના પ્રશ્નના જવાબમાં ડોકું હલાવી હા પાડી.

છોટાભાઈ: 'ગામ મૂકી બીજું દીઠું હોય ત્યારે જાણે ને, કે બારનું ચોથ શું? કહે છે કે કૂતરાં ભૂખે મરી ચાલ્યાં તો ય કૂતરાંનું ધર્માદા છે; છતાં ખીચડું નાખતા નથી. મારે મોંએ કહ્યું હોત ત્યારે તો ખબર પાડત. કૂતરાં–ખાતામાં તો ઊલટા મારા ત્રીસ રૂપિયા લ્હેણા છે.

ગઈ સાલ પિસ્તાળીસ રૂપિયા સિલક હતી અને તેમાં મોહન બારૈયા ઉપર ફરિયાદ કરી તેનો પોણોસો ખર્ચ આવ્યો.

એ તો એમ બનેલું, કે મોહન બારૈયો કૂતરાં-ખાતાની અઢી વીઘાં જમીન ખેડતો હતો અને છોટાભાઈની પાંચ વીઘાં ખેડતો હતો. મોહન, તમે જોયો હોય તો, સીધો અને સાદો લાગતો હતો. આજ સુધી એણે કોઈ નો પૈસો ધાલ્યો ન હતો, પણ ગઈ સાલ એનો જુવાનજોધ જેવો દીકરો મરી ગયો, ત્યારે પચાસ-પોણોસોનો ખર્ચ થઈ ગયો હતો, એટલે એણે પચીસેક રૂપિયા સાંથ બાકી રાખી હતી.

સાંથ ભરતી વખતે મોહને ચોખવટ કરી હતી: 'જુઓ, છોટાકાકા! કૂતરાં-ખાતાની સાંથ પહેલી જમે કરી દો. ધર્માદા દેવું ના હોય તેમ સારું. પચીસ રૂપિયા ખૂટે છે તે તમારા બાકી રહ્યા. એનું ખાતું પાડી લો, જોઈએ તો જેઠ મહિને વાછડો વેચીને આપીશ; નહિ તો આવતી સાલ તમારા રૂપિયા ભરી દઈશ.'

આ બધું ઘરખૂણે થયું ત્યાં સુધી તો કોઈએ ન જાણ્યું, પણ એક દિવસ મોહનને ઘેર જપ્તી આવીને ઊભી રહી, ત્યારે બધાએ જાણ્યું, કે ધર્માદાની સાંથના રૂપિયાનો દાવો થયો તો ય મોહન હાજર નહોતો થયો ને જપ્તી આવી.

જપ્તી પાછળ જુદો ઇતિહાસ હતો. મોહન સીધો પણ સ્વમાની ખરો. વાત જૂની છે. મોહનના ભાઈને ત્યાં

છોટાભાઈ ઉઘરાણીએ આવ્યા હતા, તે વાતવાતમાં બેન-દીકરી સુધી જતા રહ્યા. પાડોશમાં રહેતા મોહનથી ન વેઠાયું એટલે એણે કહી દીધું: 'મુખી હો તો તમારે ઘેર રહ્યા, અહીં તો જરા સંભાળીને બોલજો. પૈસા તમારા ઘાલીને એ નાસી તો નથી ગયો ને? જાઓ, થાય એ કરી લેજો; કચેરી ઉઘાડી છે.'

છોટાભાઈ બીજું તો કંઈ ન બોલ્યા, પણ જતી વખતે એટલું કહેતા ગયા: 'કચેરી હજુ જોઈ નથી ત્યાં સુધી; ઘરનાં ઠોબરાં ય હરાજ થઈ જશે!'

'મારાં ઠોબરાં હરાજ કરનાર તો મરી ગયા!' મોહન સામે બોલ્યો.

'બતાવીશ કો'ક દહાડો.' કહીને છોટાભાઈ ચાલતા થયા.

એ પછી તો રૂપિયા વસૂલ થઈ ગયા. એ વાત ઉપર દસ વર્ષનાં વહાણાંય વહી ગયાં. મોહનને તો એ વાતનો ખ્યાલે ય નહોતો, પણ છોટાભાઈ તો એ લાગમાં જ રહેતા.

ઉઘરાણી બાબત એમનો એક નિયમ હતો: ધર્માદા ખાતાની ઉઘરાણી પતે છતાં એ પોતે માગતા હોય ત્યાં સુધી પોતાના જ ખાતામાં એ જમે કરતા અને ધર્માદા ખાતાની રકમો બાકી રાખતા. મોહનની રકમ પણ એ નિયમ પ્રમાણે ધર્માદાને બદલે એમને ખાતે જમા થઈ ગઈ હતી.

સાંથનો દાવો કર્યો તેની નોટીસ ઉપર, મોહન અભણ

હતો એટલે, બીજાના સહીદસ્કત કરાવી પોતે જાતે ખિસ્સામાં મૂકી, અને જપ્તી આવી ત્યાં સુધી મોહનને ખબર જ ન પડવા દીધી.

માણસ ગમે તેટલો શાંત હોય, પણ આટલો બધો અન્યાય સહન કરે ? જપ્તી આવી ત્યારે મોહન, છોટાભાઈ સામે ધારિયું લઈ ઊભો થયો. મોહનનું એ અવિચારી કૃત્ય સાંખે એટલા મોટા મનના છોટાભાઈ નહોતા એમ તો નહિ; પણ એ તો આજ એ સામે થયો, તો કાલ બીજો થયા વગર રહે ? એટલે દાખલો બેસાડવા એમણે ફોજદારી કરી. બે–ચાર મુદતો પડ્યા પછી જેમ સેંકડે પંચોતેર ટકા માંડવાળ થાય છે, તેમ એ કેસની માંડવાળ થઈ; પણ એમના હિસાબ પ્રમાણે થયેલું પંચોતેર રૂપિયાનું ફોજ-દારી ખર્ચ કોણ ભોગવે ? છેવટે પિસ્તાળીસ રૂપિયાની સિલકવાળા કૂતરાં–ખાતામાં એ ખર્ચ ઊધર્યું !

ગોળાને ગળણું મુકાય, કંઈ કૂવાને મુકાયું ? છોટા-ભાઈએ વગર લેવેદેવે ધર્માદા–રકમ સારુ ભૂંડાશ વહોરી; છતાં લોકો તો દૂધમાંથી ય પોરા વીણ્યા વગર ક્યાં રહે છે ? 'એટલી બધી લાગણી છે, ત્યારે દસ–દસ વરસના બાકી પડે છે એમનો દાવો કેમ નથી થતો ? અને આ તાજા લેણાનો દાવો કર્યો ? ધર્માદાને પૈસે પોતાનું વેર લીધું કે બીજું ?'

આ વગર બીજો ય એક વાંધો હતો. એમને ત્યાં

ધર્માદાની સાતસોની કે હજારની રકમ સિલક પડી હોય, એ ય લોકને ખૂંચતી. કહે કે એનું વ્યાજ કેમ ન આપે? ઓછામાં ઓછું બેંકનું વ્યાજ તો આપવું જોઈએ કે નહિ?

કોઈ ઉદાર મનનો દલીલ કરતો: 'આટલી બધી મહેનત કરે ને વ્યાજ જેટલી નજીવી રકમ એમના ઘરમાં રહે, તેમાં તમારી નજર ભરાઈ છે?'

પણ વિરોધ કરનારા કહેતા: 'તમે કંઈ બીજું જાણો છો કે એમ ને એમ બોલો છો? ધર્માદા બે-પાંચ સંસ્થાઓ છે, તેમાં એટલી મોટી સિલક પડી રહે છે; છતાં આ કૂતરાં—ખાતામાં ત્રીસ રૂપિયા દેવું કાઢે છે; તે જાણે પોતાના ઘરમાંથી કાઢ્યા હોય તેમ વ્યાજ લે છે, એ કંઈ સમજો છો કે નહિ?'

આ તો સિદ્ધાન્તની વાતો થઈ; પણ એ હિસાબને જોનાર તપાસનાર કોઈ નહિ, એટલે ચીવટથી કામ કરવું પડતું, કે રખે ને કોઈ એનો ધણીધોરી નહિ એટલે ભૂલ ન થઈ જાય. આમ એ ધર્માદા—સંસ્થાના પ્રમુખ, મંત્રી, ખજાનચી, તપાસનીશ, કુલમુખત્યાર વગેરે એકસામટા હોદ્દાઓથી છોટાભાઈ મુખી એટલા બધા દબાઈ ગયા હતા, કે પોતાના જ પક્ષના માણસો બેઠા હોય, ત્યારે વાતવાતમાં એ કહ્યા વગર ન રહેતા: 'હવે હું તો આ ધર્માદા—વહીવટથી કંટાળી ગયો છું, બીજો કોઈ હવે કરે તો સારું.'

અને એમને જોઈતો જ જવાબ મળતો: 'એ તો તમે

છો ત્યાં સુધી સારું છે, નહિ તો લોકો તો ધર્માદા–રકમ ક્યાં ય ગળી જવાના!'

મનોરભાઈ બોલ્યા: 'એ તો લોકોને વળ–કવળનું ભાન નથી, નહિ તો બારોબાર ધર્માદા–રકમ સારુ મોહન જોડે કોણ ભૂંડાશ કરે?'

છોટાભાઈ: 'મારી રકમ રહે એની મને ચિંતા નહિ, પણ ધર્માદા–રકમ ગેરવલ્લે પડે એ મારાથી ન વેઠાય. વહીવટ કરવો તો ચોખ્ખી દાનતથી, નહિ તો કરવો નહિ.'

× × ×

બેસતા વરસનો મંદિરનો અન્નકૂટ પૂરો થયો. સર્વે વેરાઈ જતા હતા, ત્યાં એક જણે કામ કાઢ્યું: 'કૂવા ઉપરની ગરગડિયો બધી ઘસાઈને જતી રહી છે, નવી નંખાવવાનું કંઈ કરો ને?'

બીજો બોલ્યો: 'એમાં વળી બધાંએ શો વિચાર કરવાનો છે? ગામાત રકમમાંથી ખરચ કરવાનું કોણ ના કહે છે?'

નરેન્દ્ર: 'પૈસા તો છેસ્તો, પણ એક હાથે કેટલું કામ થાય? શહેરમાં જે સંસ્થાઓ હોય છે, તેમનું કામ આપણા અહીંની પેઠે એકને માથે નથી હોતું. કામ કરવા એ પાંચ–દસ માણસનું મંડળ નીમે છે અને અહીં તો બધું ય છોટાકાકાને માથે. કેટલા ય વખતથી એ કહ્યા કરે છે, કે ધર્માદા–સંસ્થાનો વહીવટ કોઈ લે તો સારું; પણ એમાં

ય અનુભવનું કામ છે, એટલે નવો માણસ એકદમ શું કરી શકે ?'

નરેન્દ્ર સહેજ અટક્યો ત્યાં સુધીમાં તો છોટાભાઈનું સારું બોલાય છે એટલું જ સમજી ગોકળભાઈ બોલી ઊઠ્યા : 'ખરું છે; એ તો કેટલા ય વખતથી કહ્યા કરે છે, પણ બીજો કોણ એવો નવરો હોય તે કરે ?'

છોટાભાઈનું સાનમાં સમજી જતું મગજ કંઈક વિચાર કરતું હતું.

નરેન્દ્ર બોલ્યો : 'નવરા હોય તેથી ઓછું જ કામ થાય છે ? બીજાને અનુભવ તો જોઈએ ? પણ આ તો કામનું ભારણ ઓછું થાય, એટલે એમની દેખરેખ નીચે બીજા કામ કરે; એવું થાય તો ય કંઈ અડચણ ન પડે. ચાર માણસની એક સમિતિ નીમીએ, તેમાં છોટાકાકા પ્રમુખ રહે; બીજો એક જણ મંત્રી હોય, તે હિસાબ–કિતાબ રાખે. એક જણ જમીનખાતું સંભાળે, બીજો હોય તે આ ગરગડિયો જેવાં કામો કરવાનાં હોય તે કરે; એટલે કામે ય ઝટ થાય ને બોજો ય એકને માથે ન પડે.'

છોટાભાઈ હવે સમજી ગયા, કે પોતાની પાસેથી વહીવટ લઈ લેવાનું આ એક કાવતરું હતું. એ બોલ્યા : 'તમે બધા ભણેલા સમિતિઓ કર્યા કરો, અમને એમાં ન ફાવે. કંઈ કામ હોય ત્યારે બધાંને કંઈ ખોળવા જવાય ?'

નરેન્દ્ર : 'બધાંને ખોળવાની જરૂર જ નહિ. દરેકને

જે કામ સોંપ્યું હોય તે કર્યા કરે. નવે વરસે ગામ ભેગું થાય, ત્યારે બધાંને થયેલા કામનો હિસાબ વાંચી સંભળાવે, તથા જે કામ કરવું હોય તેનો વિચાર કરે.'

છોટાભાઈ ધર્માદા-સંસ્થાના પૈસા વાપર્યા કરતા, એ વીરાભાઈને કેટલા ય વખતથી ખૂંચતું તો ખરું જ; આજે લાગ આવ્યો એટલે એ હિતેચ્છુ હોય તેમ બોલ્યા: 'છોટાભાઈ! એમાં તમને શો વાંધો છે? તમારે માથેથી કામ ઊતરશે, ને તમે કહો તેમ બીજા કર્યા કરશે.'

બધા કહે, ખાઓ તો ખાવા માંડે, બંધ કરો કહે તો બંધ રાખે, એવી વૃત્તિના ગોકળભાઈ બોલ્યા: 'એક વરસ કરી તો જુઓ, ના ફાવે તો આવતી સાલ હતું તેમ ને તેમ રહેવા દેજો.'

મથુરભાઈ: 'ગમે ત્યારે ય બીજાઓને ભોમિયા થયા વગર છૂટકો છે? એટલે છોટાભાઈ કહે એમ બીજા કરે એ શું ખોટું?'

આ પ્રમાણે હુમલો કરી પોતાનું ધાર્યું કરવા આગળથી પ્રચાર થયો હોય, તેમ બે-ચાર જણને મૂછોમાં હસતા છોટાભાઈએ જોયા. આ હુમલો કંઈ નવો ન હતો, પણ દર વખત જ્યારે જ્યારે લોકો ઊહાપોહ કરતા, ત્યારે ત્યારે પાછલા હિસાબની ભાંજગડમાં પડી જતા. 'હિસાબ તૈયાર છે, તમે જોવા આવો એટલી જ વાર,' આવો જવાબ આપી લોકોને છોટાભાઈ ઠંડું પાણી છાંટતા અને

મૂળ વાત પાછી તણાઈ જતી.

પરંતુ આ વખત તો કોઈએ પાછલા હિસાબની વાત જ ન કાઢી; એટલે પાછલા હિસાબને દટાઈ જતો જાણી છોટાભાઈ છેવટે એ વિચાર સાથે સંમત થયા; પણ પોતાના જ પક્ષના માણસો સમિતિમાં રહે તેવી યુક્તિ કરતાં એમણે કહ્યું: 'બીજા કરવા ખુશી હોય તો હું તો કે'દહાડાનો ય રાજી છું. જમીનની સાંથબાંથ ઉઘરાવવાનું હશે તો ગોકળભાઈ કરશે.'

પણ ત્યાં તો ગોકળભાઈ બોલ્યા: 'ના ના; મારાથી મારું જ કામ થતું નથી, ત્યાં વળી એ કેવી રીતે કરું? આપણે તો હવે પરવારી ઊતર્યા એમ જ માનો ને! જુવાનિયાઓને સોંપો એટલે ઉમંગથી કરે તો ખરા.'

પછી એ નવી સમિતિમાં છોટાભાઈ પ્રમુખ, નરેન્દ્ર મંત્રી, ચુનીભાઈ જમીનનો વહીવટકર્તા, મોહનભાઈ પરચુરણ કામ માટે, એમ યોજના નક્કી થઈ.

આ કામ પાછળ ચુનીભાઈનો ચાર માસનો પ્રચાર હતો; એટલું જ નહિ, પણ છોટાભાઈના પક્ષમાંથી યે ઘણાએ આંખ આડા કાન કર્યા હતા.

છોટાભાઈ તો અંદરઅંદર બળી રહ્યા હતા: 'મારા બેટાએ શી યુક્તિ કરી! મારું નામ પ્રમુખમાં રાખ્યું, એટલે ગોકળભાઈ ને વીરાભાઈ પણ વગર સમજ્યે હાએ હા કરવા મંડ્યા; પણ એમાં મારું શું રંધાયું?'

૬ : આખરી ફેંસલો

પ્રિયનાથ બાવાના આવ્યા પછી મંદિર ભર્યું ભર્યું લાગતું હતું. વહેલે પરોઢિયે એ પથારીમાં પડ્યોપડ્યો, 'જાગ ને જાદવા કૃષ્ણ ગોવાળિયા, તુ જ વિના ધેનમાં કોણ જાશે!' કહીને એ મંદિર ગજવતો; ને રાત્રે અગિયાર-સાડાઅગિયાર વાગ્યે સૂતી વખતે ગાંજાનો દમ લીધા પછી ઊંઘ ન આવતી, ત્યારે મંદિરમાં પ્રગટેલું ચેતન ઓસરતું હોય તેમ 'ચિંતા બાંધી ચાકરે, સુખે સૂએ સંસારમાં ભાગ્યવંત કુમાર' એમ બબડતો–બબડતો એ ઊંઘવા મથતો.

પાણી તો એને ગામને દૂરને કૂવેથી ખેંચી લાવવું પડતું, એટલે સવારમાં એ લોટો ઢોળ્યું ન ઢોળ્યું કરી નાહી લેતો; અને પ્રભુને શું કામ કરી પરસેવો થયો હોય, એમ માની જળનો દુર્વ્યય ન કરતાં શિયાળો હોય ત્યારે મૂર્તિઓને ભીના કપડાથી એ લૂછી નાખતો; અને પછી એ ચંદન ઘસતો હોય ત્યાં સુધીમાં તો ભાવિક ભક્તો સ્નાનાદિથી પરવારી ચાખડીએ ચઢી પ્રભુદર્શને આવે, તેમની સાથે જ્ઞાનગોષ્ટિ કરવામાં એ સમયનો સદ્વ્યય કરતો.

સૌથી વહેલા આવેલા ધર્મચંદને એણે પૂછ્યું: 'કેમ શેઠ! આજ કંઈ બહુ વહેલા!'

હાથમાં આણેલા અક્ષત પ્રભુદ્વારે મૂકી, પ્રભુચરણમાં જાતને સમર્પતાં શેઠ બોલ્યા : "શું કરીએ, તમારા જેવી કંઈ શાંતિ છે અમારે ? જાણો છો ને લોકોની દાનત થઈ ગઈ છે તે ? પેલા ઉકેડ પાસે એના બાપદાદાના વખતનું ખાતું છે, તે ઊઠીને અવળું બોલ્યો : "હવે શું માગો છો ? મેં તો પૈસા લીધા નથી ને ? બાપે લીધા હશે તે ય જાણતો નથી; છતાં તમને બમણા પૈસા આપ્યા તો ય હજુ શાના કાઢો છો ? એવા સવાયા–દોઢા કરો તે પહોંચાતું હશે ?' લોકોને ગરજ હોય ત્યારે જેમ કહીએ તેમ કબૂલ કરી લઈ જાય અને પછી આપવાનું થાય ત્યારે આમ અવળું બોલે. એના બાપને વહુ પાછળ ખરચ કરવું હતું, ત્યારે કોઈએ ઊભો રહેવા ન દીધો અને મેં કાઢીને આપ્યા, તે શું કમાવા નહિ ત્યારે ખોવા આપ્યા હશે ? રકમ કરતાં બમણા થયા હશે, તે એનું કહેવું ખોટું નથી; પણ આપે નહિ અને વ્યાજ થાય, એને કોઈ શું કરે ? છેવટે દાવો કરવો પડ્યો, તે આજ એની મુદત છે એટલે આ ગાડીએ જવું છે."

અને જવાબની રાહ જોયા વગર શેઠ બહાર નીકળી, ઓટલા ઉપર બેઠા વિના દર્શન પહોંચે નહિ, માટે ઊઠ-બેસ કરતા હોય તેમ બેસીને ઊઠ્યા અને વૈષ્ણવનું પ્રિય ભજન 'વૈષ્ણવ જન તો તેને કહીએ....' ગાતાગાતા ઘર તરફ વળ્યા.

છેક છેલ્લી જમના આવી, ત્યારે પ્રિયનાથે પૂછ્યું: 'કેમ, આજ કંઈ બહુ મોડું કર્યું!'

જમના જાણે કહીને પોતાનો ભાર ઓછો કરવા આતુર હોય તેમ બોલી: "એ તો કંઈ નવું છે? એમણે છેલ્લી ઘડીએ કહ્યું હતું: 'ભાઈ, જો હું તો જાઉં છું. પાછળ કોઈ ખાનાર નથી, એટલે બધી મિલકત તમારી જ છે.' અને મારી સામે નજર કરી કહ્યું: 'પણ એને જીવતાં લગી દુઃખી ન કરશો.' તે દહાડે જેઠે શું કહ્યું હતું, એ જ મને તો સાંભરે છે: 'ભગવાન આગળ માણસનું કંઈ ચાલે છે? નહિ તો હવે હું ખાઈપી ઊતર્યો છું, જો તારે બદલે મને લઈ લે તો! તું તારે કશામાં જીવ રાખીશ નહિ. એ તો મારે દીકરી જેવી છે.' અને આજ હવે એ જ જેઠ–જેઠાણીને એમના ઘરનું ગદ્ધા-વૈતરું કરતાં ય વધારે પડું છું. આ સહેજ દુઃખમાંથી વિસામો લેવા હરિદર્શને આવું છું તે ય નથી ખમાતું. રોજ અહીં આવવા નીકળું એટલે બેમાંથી એક જણ તો ટાણો મારે જ: 'ભાવના હોય તો મંદિરે જવાથી બહુ છે? પણ આ તો ઘરમાંથી જે પગ કાઢ્યો તે ખરો; કામ તો ન કરવું પડે! પણ બાઈ, તું આમ બહાર ફરું તે લોકો તને તો તને, પણ અમને શું કહે?'"

અને જમના આંખો લૂછતી બોલી: "હવે તો એમ થાય છે, કે આના કરતાં મોત આવે તો સારું."

પ્રિયનાથ દિલાસો આપતાં બોલ્યો: "દુનિયામાં દુઃખ કંઈ કાયમ ઓછું બેસી રહે છે? તારા જેવી જુવાનને જરા વસમું તો લાગે, પણ હોય; એ તો સંસારમાં પડ્યાં એટલે ચાલ્યા કરે."

ઘરમાંથી આ નિમિત્તે બહાર નીકળવાનો મોકો મળતો, એટલે બળીઝળી જમના સહેજ સુખદુઃખની વાતો કરવા બેસતી. પ્રિયનાથ પણ એને દુઃખે દુઃખી હોય તેમ સહાનુભૂતિ દાખવતો.

મોડું થવાની બીકે જમના ઉતાવળી–ઉતાવળી ઘર તરફ વળતી, ત્યારે પ્રિયનાથ રસોઈ બનાવવા ચૂલા આગળ પેસતો.

એ હજુ ચૂલામાં બોરવણ મૂકી ફૂંકતો હોય, ત્યાં તો રમતા રામ જેવા એકલદંડા, ભક્તિને નામે મહેનત–મજૂરી મૂકી ગમે ત્યાં નીચું મોં રાખી ખાઈ લઈ પોતાનો દહાડો કાઢી લેતા મનોર ભગત બૂમ પાડતા: 'કેમ મહાત્મા, શું કરવા માંડ્યું?' જાણે કહેતા ન હોય, કે મારા પણ ખોબો ચોખા ઓરજો!

પ્રિયનાથ પણ એનો એટલો જ સત્કાર કરતાં કહેતો: 'આવો ભગતરાજ, તમારી જ માળા ભજતો હતો. જીવને થયું, કે ભગતરાજ આવે તો ગાંજાનો એકાદ દમ લગાવીએ.'

ભગત ગમે તો ધંધો કરતા હશે કે નહિ, પણ એમના ગૂંજામાં ગાંજો ન હોય તેવું કોઈ દિવસ બનતું નહિ; અને એ શોખે તો એ ઘણાના પ્રિયપાત્ર બન્યા હતા.

ગાંજાનો સામસામો દમ લઈ હવે તૃપ્તિ થઈ હોય તેમ પ્રિયનાથે કહ્યું: 'બસ હવે!'

ચલમ સામી આપતાં ભગતે કહ્યું: 'આટલો વખત; પ્રભુપ્રસાદી પાછી ના ઠેલાય.'

અને ગાંજાને એનો ભાઈ તેડાવવો હોય તેમ પ્રિયનાથને યાદ આવ્યું. તે બોલ્યો: 'ભગતરાજ, ગરમી બહુ પડે છે. જો કોઈ ભાંગ લઈ આવે તો આજ શિવપ્રસાદી લઈએ.'

'મહાત્મા! તમારી ઇચ્છા પૂરી કર્યા વગર છૂટકો છે? લાવો હું લઈ આવું.' અને પ્રિયનાથે ગોખલામાંથી પાવલી આપી એટલે ભગત એકાદ ગાઉ દૂર ભાંગ લેવા ઊપડી ગયા. જમવાનું હવે અહીં થવાનું હતું, એટલે એ ય વાતે એમને તો નિરાંત હતી ને?

હમણાંનું બપોરના આરામ વખતે પણ પ્રિયનાથને એક મંડળ મળ્યું હતું. ભોઈના ઘરમાંથી એક વખત પાનાં સાથે જુગાર રમતી ટોળી પકડાઈ, એટલે એમણે બીજું નિર્ભય સ્થળ શોધવા માંડ્યું. પ્રિયનાથે એમાંના એકાદને વાતવાતમાં કહ્યું: 'પોલીસનો બાપ આવે તો ય હું મંદિરમાં ન પેસવા દઉં. મંદિરની ઝડતી લેવી હોય તો ય અડધો કલાક કાઢી નાખું.'

જુગારી: 'એટલી વારમાં તો અમે પાનાં ક્યાં ય ચાવી ખાઈએ, તે એનો પત્તો ય ન લાગે."

ત્યારથી બપોરે જુગારીઓની ટોળી મંદિરના મેડા ઉપર, ઘાસ પડી રહેતું હતું એ ઓરડીમાં જામી. જો કે પ્રિયનાથ તો મોજમાં આવે તો કોઈ દિવસ અમસ્તો જોવા બેસતો, નહિ તો એ ભલો ને એનું મંદિર ભલું; પણ દરરોજ નહિ, તો આંતરે દહાડે જુગારીઓ મંદિરને દ્વારે નહિ, પણ એના હાથમાં ચાર–આઠ આના મૂકતા અને બપોરે ચા થાય તે જુદી.

જો કે ચાર વાગ્યે કથાનો વખત થાય ત્યારે એમને ચાલ્યા જવું પડતું, એ નડતું તો ખરું; પણ બીજી સગવડ આગળ એટલી અડચણ નિભાવી લેતા.

ચાર વાગ્યા પછી પ્રિયનાથ ફરીથી નાહીધોઈ ચૈત્ર મહિનામાં ઓખાહરણ, શ્રાવણમાં ભાગવત અથવા ગરુડ-પુરાણ અને વારતહેવારે જે તે દહાડાનું માહાત્મ્ય વાંચી સંભળાવતો. ભણેલો તો એ થોડું હતો, પણ રાગ સારો હતો એટલે એની કથા શ્રોતામંડળમાં વખણાતી હતી.

સાંજે આરતીનો વખત થાય, તે પહેલાં મંડળ વિખરાતું અને એ સાયંકાળની પૂજામાં પ્રવૃત્ત થતો.

આમ પ્રિયનાથ આવ્યા પછી ગામમાં ભક્તિભાવ વધ્યો હતો એમ ભાવિકો કહેતા હતા. પ્રિયનાથ પણ 'ગામ આસ્તિક છે, પોતાની દરેક સગવડ પૂરી પાડે છે' એમ કહી વખત આવ્યે ગામનાં વખાણ કરતો. એકંદરે ગામથી પ્રિયનાથ અને પ્રિયનાથથી ગામ, બંને એકમેકથી સંતુષ્ટ હતાં.

છતાં એક રાત્રે, પિંજરનું પંખી ઊડી જાય તેમ, પ્રિયનાથ ચાલ્યો ગયો; અને જમના પણ તે જ રાત્રે ઘરમાંથી ગૂમ થઈ!

લોકો ગયું તેની કૂથલી કરી, અજાણ્યા કોઈને હવે મંદિરમાં પેસવા ન દેવો, એમ છેવટે બોધ કાઢવા લાગ્યા.

નવો પૂજારી આવે ત્યાં સુધી ગામના ગોર ગણાતા શાસ્ત્રીજી સવાર–સાંજ બને તેટલી પ્રભુની સેવા કરી જતા; પણ મા મરતાં બાળક ઓશિયાળું થાય, તેમ સર્વાધાર અંદર બિરાજેલા હોવા છતાં મંદિર પ્રિયનાથ વગર નિરાધાર લાગતું હતું.

મંદિરના તૂટેલા ઝાંપામાં થઈને ગધેડાં અંદર પેસી જતાં, કૂતરાં તો નમીને અંદર જવામાં માનહાનિ માનતાં હોય, તેમ ઝાંપામાં થઈને જવાને બદલે નીચા વંડાને કૂદીને જ અંદર દાખલ થતાં; અને રસ્તામાં ગમે ત્યાં શૌચ જવાની જંગલી પ્રથાને ત્યજી, ચોગાનમાં પતરાં મારેલી અડાળીમાં જ ગૃહસ્થાઈને છાજે તેમ શૌચ જતા!

અને બાળકો, મોટાં માણસો પોતાના જીવનમાં સાચે જ ભજવતાં, એવાં નાટકો મંદિરના ચોગાનમાં ખોટાં-ખોટાં ભજવતા. તેઓ ચોર–ફોજદાર, રાજા–સિપાઈ, માસ્તર–વિદ્યાર્થી, વર–વહુ વગેરે પાત્રો ભજવતાં. ઊંચે ઓટલેથી છોકરીઓ કૂલડીઓ લઈ, કૂવામાંથી પાણી ખેંચે તેમ, નીચે નાખેલી દોરડી ખેંચતી.

અને એમના પ્રેક્ષકોમાં શૌચ જઈ પૂંછડું પટપટાવતું કૂતરું, તલ્લીન થઈ ભજવાતા નાટકની સમાલોચના કરતું; પણ એ તલ્લીનતામાં કોઈ કમબખ્ત ગધેડું અંદર ઘૂસી જઈ 'ભૂં....ભૂં....ભૂં....' કરી ભૂંકતું, ત્યારે સહેજ ઉપરથી ઊતરી એકટરો એની ઉપર તૂટી પડે તે પહેલાં કૂતરું 'વઉ....વઉ....' કરતું એને ચોંટી પડતું. ગધેડું જીવ લઈને, અડી રહેલા ઝાંપાને લાત મારી, દોડી જતું.

ભાવિક ભક્તો દર્શન કરવા આવતા, ત્યારે આમાંનાં બધાં નહિ તો થોડાંઘણાં દશ્યો એમની નજરે પડતાં; પણ સ્થિતપ્રજ્ઞની દૃષ્ટિ રાખી એને જોયું ન જોયું કરી એ ચાલ્યા જતા.

એક વખત એ જગ્યાએથી પસાર થતાં નરેન્દ્રને પ્રશ્ન ઉદ્ભવ્યો : 'આનો સદુપયોગ કરીએ તો?' અને એણે કામ ઉપાડી લીધું.

૨

નરેન્દ્રે જ્યારે વાચનાલય માટે ટીપ કરવા માંડી, ત્યારે જે હોય તે પૂછતું : 'શાની લખણી છે?'

નરેન્દ્ર કહેતો : 'આ મંદિર બહારની અડાળી નકામી પડી છે. તેમાં ચારે બાજુ વાંસ ભરી લઈ અંદર સાર્વજનિક પુસ્તકાલયનાં છાપાં મૂકવાનું રાખીએ, તો બધાંને વાંચવાની સગવડ થાય, બીજા બેઠા હોય તેમને જાણવાનું મળે અને અંદર કૂતરાં બગાડે છે તે ય ટળે.'

સાર્વજનિક પત્રો ગામમાં કયે ખૂણે જતાં રહેતાં, તેનો ખોળનારને પત્તો ય લાગતો નહિ; એટલે રસિક વાચક એથી ખુશ થઈ કહેતો : 'બહુ જ સરસ ! પેપરનો પત્તો ય લાગતો નથી, તે ખોળવું તો મટે.'

હજુ જેમને સમાચારનો ખાસ રસ લાગ્યો નથી, પણ જો મળે તો વાંચે એવા વાચકો કહેતા : 'આ તો વાંચવાનું મન હોય, પણ પેપરનો પત્તો નહિ; એટલે ક્યાં શોધવા જાય ? એના કરતાં એક જગ્યાએ હોય તો સારું તો ખરું.'

અભણ પણ સમાચારભૂખ્યા કહેતા : 'એવું થાય ત્યારે તો ત્યાં બે ઘડી નવરા હોઈએ ને બેસીએ, તો કોઈ વાંચતું હોય તો ય જાણવાનું મળે. આવામાં તે કોણ ના પાડે ?'

છોટાભાઈ મુખી પાસે નરેન્દ્ર ગયો, ત્યારે એમને વિરોધ કરવો હોય પણ હજુ જાણે વાર હોય, તેમ ખાલી સહાનુભૂતિ આપી : 'બધાંને ગમતું હોય ત્યારે આપણે કે'દહાડે વાંધો છે ?' અને ટીપમાં લખેલાં નામો વાંચી જોઈ એ બોલ્યા : 'હજુ તો બહુ નામ બાકી છે. અમે તો જેમાં હોય તેમાં ક્યારે નથી આપતા ? મારે તો પરગામની ય કેટલી યે ટીપોમાં આપવું પડે છે. આ સ્ટેશન માસ્તર પરબની ટીપ લઈને આવ્યા હતા, તે હું ના હોત તો થાત, મારા ભાઈ, પાંચ-દશ રૂપિયા; પણ મેં જ દશથી શરૂઆત કરી, તે સહેજ કલાકમાં પચાસ–પોણોસો રૂપિયા કરી આપ્યા; પણ મારું

તો એ કહેવું છે, કે આ તો જે લોક આપે છે, તેમને ને તેમને જ જે હોય તે આગળ કરે છે અને બીજા તો આપવાનું સમજ્યા જ નથી; એટલે જે આપે છે એમના ઘરમાં શું વધારે પડ્યા હશે? ખરી રીતે આવા ગામના કામમાં બધાંને આપતાં શું થાય છે? આ લાયબ્રેરી ખોલી ત્યારે ય મારે રકમ ભેગી કરી આપવી પડી હતી. તે વગર એની લખણીમાં માસ્તર દર વર્ષે મારી પાસેથી લઈ જાય છે; અને કોઈ દહાડો હું પેપર વાંચતો નથી, તો ય આપણી તો ના જ નહિ.' અને ટીપમાંથી નામ બતાવી એ બોલ્યા: 'આ મગનલાલ પેપર આવતાં ઝડપી લે છે ને બે જ રૂપિયા લખાવીને બેઠા છે. પાંચ રૂપિયા મૂકે તો ય શું વધારે છે? મહીજીભાઈ પાંચ લખાવીને બેઠા તેમાં શી ધાડ મારી? સાતમી પેઢીની હેતાનું ઉછેદિયું ખાધું તો ખાધું, પણ એણે મરતી વખતે કહેલી પાંચ વીઘાં ધર્માદા–જમીન હવે આવતે અવતારે કાઢશે!' અને છેવટે ભાષણનો ઉપસંહાર કરતાં બોલ્યા: 'આપવામાં મને વાંધો નથી, પણ ગામના કામમાં સૌ સરખા. બાકી રહ્યા છે તેમની પાસે લખાવી લાવો, જાઓ.'

સારા–ખોટાનો વિચાર કર્યા વગર દરેક કામમાં વિરોધ કરતા છોટાભાઈ સાથે ચર્ચાનો અર્થ ન માની નરેન્દ્ર ઊઠ્યો, ત્યારે એમણે કહ્યું: 'આપણે તો સારા કામમાં ના પાડતા જ નથી.'

દરેક ટીપમાં લગભગ બને છે તેમ પૂરી રકમ તો ન પતી, પણ જેટલી રકમ જોઈએ તેટલી તો મળી ગઈ. ફૂતરાં ભગાડતાં તે અડાળીને વાંસથી જડી, બે બારણાં મૂકી દીધાં. પાંચેક બાંકડા અને એક ટેબલ પણ તૈયાર થઈ ગયાં, પણ........પણ........અર્જુનને જેમ લડાઈની છેક છેલ્લી ઘડી સુધી ખ્યાલ નહોતો આવ્યો; પરંતુ કુરુક્ષેત્રના મેદાનમાં પાંડવ–કૌરવની સામસામી સેના જોઈ, ત્યારે જ ખ્યાલ આવ્યો, કે એને રાજ્ય માટે પિતામહ, ગુરુ, ભાઈઓ વગેરેનો સંહાર કરવો પડશે; તેમ અહીં પણ બધું કામ તૈયાર થયું ત્યાં સુધી જે ખ્યાલ નહોતો આવ્યો, તે ધર્મનો મહાપ્રશ્ન સર્વસન્મુખ ખડો થયો ! ગામના પ્રતિનિધિ જેવા છોટાભાઈએ અણીને વખતે, ધર્મ ડૂબે તે પહેલાં તેનો હાથ ઝાલી લીધો : 'મંદિરમાં મુસલમાનો ને ઢેડાં–ભંગિયાં-ને તે પેસવા દેવાતાં હશે?'

અને જેમ અર્જુને કહ્યું હતું, કે 'હે જનાર્દન ! આ સંહારથી ત્રણલોકનું રાજ્ય મળતું હોય, તોપણ હું તે લેવા તૈયાર નથી, તો આ ક્ષુલ્લક રાજ્ય માટે તો હું કેમ જ સંહાર કરું?' તેમ આ યોજનાને વધાવનાર પણ હવે બોલી ઊઠ્યા : 'ચોરાશી લાખના ફેરા પછી મળેલો આવો ઊંચો મનખાદેહ લાખ રૂપિયા મળતા હોય તો ય કોઈ ન વટલાવે, તો ચોપાનિયાં વાંચવા ખાતર તો આવો બોળાવાડો થવા જ કેમ દેવાય?'

પણ જેમ અર્જુનને ખોટી રીતે ધર્મભીરુ થતો અટકાવવા શ્રીકૃષ્ણે ગીતા ઉચ્ચારી એનો નિશ્ચય બદલી નાખ્યો હતો, તેમ નરેન્દ્રની સમજાવટથી લોકો પણ 'આમાં ક્યાં મંદિરની અંદર પેસવાની વાત છે? અંદર ગધેડાં, કૂતરાં અને મુસલમાનનાં છોકરાં રમે છે, તો આમાં શો વાંધો છે?' એમ માની સંમત ન થઈ જાય, માટે છોટાભાઈએ, 'મંદિર એ નરી એક કોમની માલિકીનું નથી, પણ સમસ્ત હિંદુ વસ્તિનું છે,' એ વિશાળ સિદ્ધાંતને આધારે એને ગામનો મહાપ્રશ્ન બનાવી મૂક્યો.

આ મહાપ્રશ્નનો છેલ્લો નિકાલ કરવા માટે સારું ય ગામ ભેગું થયું. ગામના અગ્રગણ્ય પુરુષો એનો શો ચુકાદો આપે છે, તે સાંભળવા બધા આતુર હતા. બાહ્ય કર્મકાંડને જ મૂળ ધર્મ માની ધર્મના હાર્દથી વિમુખ થઈ ગયેલા શાસ્ત્રીજી, હવાનાં ય જીવજંતુ ન મરે તેની કાળજી રાખતા છતાં પોતાના ચોપડામાં રોજ કેટલા ય ગરીબોનાં લોહી ચૂસતા મહાજનના પ્રતિનિધિ ધર્મચંદ શેઠ, ત્રીજા છોટાભાઈ જાતે, ચોથા છોટાભાઈના ભત્રીજા ગણપત, જેની હાજરી હરિજન-સ્ત્રીઓને ય આફતરૂપ લાગે છે તે અને પાંચમા ગેમલ, જે દીકરીની આબરૂને ભોગે દેવું વાળવામાં કંઈ અજુગતું નથી એમ માનતો તે; આ પંચ આગળ પ્રશ્નની છણાવટ શરૂ થઈ.

નરેન્દ્રે બચાવ કર્યો : 'સાર્વજનિક સંસ્થામાં ગમે તે

આવે, એ વાત તો ખરી; પણ એમને મંદિરના ચોગાનમાં થઈને ન આવવું પડે, માટે રસ્તા ઉપરને ખૂણે એક બારી મૂકી છે, એટલે એ સીધા અડાળીમાં આવી શકશે. પછી મંદિરને એમાં શો વાંધો છે?'

પોતાની, બહાર નીકળી ગયેલી શિખાની છૂટી ગયેલી ગાંઠ વાળતાં શાસ્ત્રીજી બોલ્યા: 'તમે અંગ્રેજી ભણેલા તો अतो भ्रष्ट ततो भ्रष्ट જેવા થઈ ગયા છો. તમે નથી રહ્યા હિંદુ કે નથી થયા ખ્રિસ્તી. ગીતાના કાળ પહેલાંથી જે લોકો અસ્પૃશ્ય રહ્યા છે, તેમને અડીને તમે એમ માનો છો, કે તમે મોક્ષ મેળવવાના છો? જે મ્લેચ્છોનો શ્વાસ અડવાથી ય પાપમાં પડાય છે, તેને અડવા સુધી તો ઠીક, પણ એમની સાથે હોટલમાં બેસી ખાતાં તમે પાછા પડતા નથી; પણ એ તો જાણે જે કરશે તે ભોગવશે, પણ શ્રી-વિષ્ણુ જેવાના પવિત્ર મંદિરમાં પણ તમે એમને ઘાલવાની વાત કરો છો, એ શું ઓછી અધોગતિ છે? એ તો સારું છે, કે છોટાભાઈ જેવા ભાવિક છે, ત્યાં સુધી એવો વખત નહિ આવે; નહિ તો આપણે તો શ્રીહરિને રોજ પ્રાર્થના કરીએ છીએ, કે હે ત્રિલોકના નાથ! એ દહાડો દેખવા વખત આવે તે પહેલાં તારા ચરણમાં બોલાવી લેજે.'

ધર્મચંદ શેઠ બોલ્યા: 'કળજુગનાં લક્ષણ બરાબર ભાખ્યા પ્રમાણે જ દેખાય છે. પાખંડે પૃથ્વી ખાશે, એ ભાખેલું ખોટું નથી. આ સમિતિવાળા જ્યાં જાય છે, ત્યાં

દેવ હોય તેમ પૂજાય છે; પણ એમનામાં નથી ધર્મ, નાતજાત, વટવ્યવહાર; વટલાવું તો એ સમજતા નથી; છતાં લોકો એમને જ દેખે છે, તે પાખંડ નહિ તો બીજું શું? અને શું કળજુગ આવ્યો છે! જન્માષ્ટમીને દહાડે પરસોતમ ભગવાન રાસલીલા કરતા હતા. બસો બૈરાં રાસમાં ઘૂમતાં હતાં ને જેનાં ધનભાગ્ય હોય તેને સાક્ષાત્ ભગવાનનાં દર્શન થતાં હતાં; છતાં છાપાંવાળાઓએ છાપી માર્યું, કે એ તો પાપલીલા છે. શું લોક થયા છે! ગમે તેનું ખાય, અડે, તે પાપ નહિ ને આ પ્રભુનું નામ લે તે પાપ! આવાં છાપાં વાંચવાથી તે શું કાયાનું કલ્યાણ થવાનું હતું? અને આજ તો અહીં મંદિર અભડાવાની વાત!'

શાસ્ત્રીજીના મુખ્ય ઠરાવ ઉપર ક્રમસર ટેકો અપાતો હોય તેમ છોટાભાઈ બોલ્યા: 'આ તો હું બોલું છું ત્યારે ખોટો દેખાઉં છું. એ તો એની ટીપ થતી હતી, ત્યારે જ કહેવાનો હતો, કે આ ખોટું થાય છે; પણ કહેશે, આ જેમાં હોય તેમાં આડા ફાટે છે, એટલે હું ના બોલ્યો; પણ મારો સ્વભાવ તો તમે જાણો છો ને? ખોટું થતું હોય ત્યારે બોલ્યા વગર નથી રહેવાતું. એ કહે છે, કે એમાં મંદિરમાં ક્યાં પેસવાનું છે? પણ એમ તો કાલ ઊઠીને કોઈ કહેશે: 'મંદિરમાં છો ને પેસે; એ મૂર્તિને અડે ત્યારે વાંધો છે ને?' અને આપણા દેવની, એ દૂર રહ્યારહ્યા

મશ્કરી કરે છે, તો તમે મંદિરમાં ઘાલો એટલે શું બાકી રહે? મોગલયુગમાં મંદિરોની પવિત્રતા સાચવવા માટે આપણા લોકોએ પોતાના પ્રાણ પાથર્યાં હતા અને આજ એને બદલે આપણે જાતે રાજીખુશીથી એમને મંદિરમાં ઘાલવાની વાત કરીએ છીએ! પછી આખા ગામનો વિચાર હોય તો હું એકલો શું કરવા ના કહું?'

ગેમલ ગરજી ઊઠ્યો: 'શું તમે ય મુખી એમ બોલો છો? અંદર પેસવા આવે તો ખરા; જોવા જેવી થાય છે કે નહિ?'

ગણપત બોલ્યા વગર જ પોતાનું વ્યક્તિત્વ બતાવતો હોય તેમ ડોળા કાઢી રહ્યો હતો.

આ સ્થિતિમાં નરેન્દ્રની જગ્યાએ તમે હો તો શું કરો?

છેવટે જે ધર્મસ્થાનમાં ભાંગ, ગાંજો, જુગાર, વ્યભિચાર પ્રવર્તે; ગધેડાં, કૂતરાં અને રમત રમતાં મુસલમાનનાં છોકરાં પ્રવેશી શકે; ત્યાં અંદર તો નહિ, પણ તેના ચોગાનમાં પાછલે બારણે થઈને પણ પાક છતાં પરધર્મી ન પ્રવેશી શકે, તેવો આખરી ફેંસલો એ ધર્મસભાએ આપ્યો! બિચારો ધર્મ!

૭ : પાતાળનાં મૂળિયાં

'કેમ અલ્યા, કંઈ મારબાર ખાવો છે કે શું?' ખિજાઈ રહેલા અંબાલાલ મુખીએ તડૂકો કરતાં કહ્યું.

'બપોરે તો પાંચ બેડાં પાણી ભર્યું હતું. રાતને પહોર બૂમ પાડો, તે કોઈ ઘેર નહોતું એટલે કોણ આવે? મારી મા રોટલા ઘડે છે અને હું ખેતરમાંથી આવ્યો એવો સીધો અહીં જ આવું છું.' નાથા કુંભારના ચૌદ વર્ષના છોકરા ગલાએ કહ્યું. વસવાયાએ ગમે તેની ભૂલ હોય, પણ એક જ જવાબ આપવો જોઈએ: 'ભૂલ થઈ, બાપા!' તેને બદલે પોતાની કસૂર નથી એવી એણે દલીલ કરી.

જમતાં--જમતાં પાણી ખૂટ્યું ને વરતણિયાને નજીકને ઘેરથી ઘડો ઉપાડી લાવવો પડ્યો, એ પોતાના ચોરાની બેઆબરૂ થઈ માની ધંઆપૂંઆ થઈ રહેલા અંબાલાલ મુખીનું જુવાન મગજ બરાબર તપી ગયું હતું. તેમાં ગલાએ સામી દલીલ કરી એટલે બળતામાં ઘી હોમાયું. તેના મોંમાંથી નીકળ્યું: 'તમારી મા પઇણાવા ત્યારે નોકરી કરો છો!'

વસવાયા-જીવનમાં ગાળો ખાવા નહિ ટેવાયેલા, ઊછરતા બિનઅનુભવી ગલાએ સ્વાભાવિક રીતે કહ્યું:

'ગાળો ના ભાંડશો, કાકા!'

એક તો અંબાલાલનું મગજ બરાબર તપીને લાલચોળ થઈ રહ્યું હતું, તેમાં ચોરામાં બહારના બેઠેલા દશ માણસો આગળ એક વખત જમતાં—જમતાં પાણીની બૂમ પડી, ત્યારે આબરૂ ગઈ હતી; તેમાં બાકી હતું તે ચૌદ વર્ષનું કુંભારનું છોકરું સર્વની સન્મુખ સામું બોલતું હતું! એટલે ઝાઝો વિચાર કર્યા વગર અંબાલાલે ઊઠતાંક પાસે ખૂણામાં પડેલી વરતણિયાની લાકડીના બે—ત્રણ ઝપાટા ઉપરાછાપરી લગાવી દીધા.

પણ એટલામાં તો પાસે બેઠેલાએ મુખીને પકડી લીધા. ગલાબે ય એકાએક માર પડતાં ઉશ્કેરાઈ જઈ સરખે—સરખા લડતા હોય તેમ મોઢામાંથી વધતું—ઓછું બોલી ગયો; અને હાથ ઉગામવા જતો હતો, ત્યાં સુધીમાં પાછળથી વરતણિયાએ લાત મારી.

એક જણે રડતા ગલાબને કહ્યું : 'જા જા હવે; વસવાયું થઈ આવી ઠાંસ કરીશ તો કો'ક દહાડાનો માર્યો જઈશ.'

બીજો બોલ્યો : 'આ તો છોકરું જાણી જવા દે છે, નહિ તો મુખી સામે ચોરામાં હાથ ઉગામે તે મરને જીવતો જાય તો!'

જીભઈ વરતણિયો બોલ્યો : 'એ નાથિયો જ એવો છે. કોઈ દહાડો ઘેર મળે જ નહિ. જ્યારે હોય ત્યારે એના

નામની જ મોકાણ. બૈરામાણસને આપણે શું કહીએ? તો ય એ રોટલા ઘડતી હતી તે કહ્યું, કે ચાલ ફાનસ લઈ હું કૂવે આવું; બે બેડાં રેડી જતાં શી વાર?'

કાભઈ: 'એને તે કોણ એનો બાપ ઉપાડી જાય છે? સીમમાં ઝરડાં લેવા જાય છે, ત્યારે એનો બાપ સંઘાતે જાય છે?'

રાવજીભાઈ: 'સાળી વસવાયાની જાત જ કાંગી! કામ કરવું પડે ત્યારે સો બહાનાં બતાવે!'

અંબાલાલ ધ્રૂજતા ધ્રૂજતા હજુ ક્રોધ ન શમ્યો હોય તેમ બોલ્યા: 'સાળાં વસવાયાંને જેમ છૂટ આપીએ તેમ માથે ચઢી વાગવા જાય છે.'

ગલાબ જતો રહ્યો એટલે જગજીવન માસ્તર શિખામણ આપતા હોય તેમ બોલ્યા: 'મુખી! આવું કથોલું ના મારીએ. કંઈક હાડકુંબાડકું ભાગી જાય તો ઊલટી પંચાત.'

સોમાભાઈ: 'એ તો સારું થયું, નહિ તો સહેજ આઘોપાછો થયો હોત તો માથું જ ફૂટી જાત.'

અંબાલાલ: 'ફૂટી ગયું હોત તો કોઈ દહાડો સામે બોલવાની ખો ભૂલી જાત. જમવાનું થતાં પહેલાં કેટલી બૂમો પાડી હતી? રાંડ ઘેર મૂઈ'તી, તો એને મરતાં શું થતું હતું?'

કાભઈ: 'હવે નાથિયાને સીધું કહી દેવાનું કે નોકરી કરવી હોય, તો સીધો જાતે આવીને પાણી રેડી જાય.

રાંડને ચોરામાં પેસવા દેવી જ નહિ, ઊલટી કોક દહાડો અવળી ચોંટે.'

અંબાલાલ: 'હજુ નાથિયાને આવવા તો દે. નાને મોઢે સામે બોલી ગયો છે, પણ ગામમાં રહેવાની ખો ભુલાવી દઉં છું કે નહિ? મફતનાં સરકારી લાકડાંએ નિભાડો પકવે છે, પણ હવે ખબર પડશે, કે કેવી દાતણની સળી સરખી પણ લેવાય છે!'

× × ×

ચોરામાં આજે ધમાલ હતી. વસ્તીગણતરીના તપાસનીશ કામદારનો મુકામ હતો. આવતી કાલે-માર્ચની પહેલીએ સમસ્ત હિંદની વસ્તીગણતરી થવાનો દિવસ હતો. ઉપરથી મામલતદાર સાહેબનો હુકમ હતો, કે પહેલી તારીખે સવારના નવની ગાડીએ તાલુકાના બધા આંકડા મને મળી જવા જોઈએ. જિલ્લા ઑફિસમાં સૌથી પહેલો તાર કરી તેમને પોતાનો તાલુકો પહેલો લાવવો હતો; એટલે તપાસનીશ કામદારો બે દિવસ અગાઉથી પોતપોતાના જથાના ગામે આવીને પડ્યા હતા. સવારની ગાડીમાં તો બધા આંકડા તૈયાર કરીને જવાનું હતું, એટલે જથાના ત્રણે ય ગામના ગણતરી-કામદારો, જે બધા ય શિક્ષકો હતા, તેમને ચોરામાં જ રોકી રાખ્યા હતા. રાત્રે આંકડાની મેળવણી કર્યા બાદ જેને તેને છૂટા કરવાના હતા, એટલે રસોઈ ચોરામાં જ થતી હતી. સ્થાનિક સત્તાવાળાઓ તરીકે

મુખીઓ ઉપર પણ સાહેબનો હુકમ હતો, કે ગણતરીને કામે જે જે સાધનની જરૂર પડે, તેનો બંદોબસ્ત કરી આપવો અને તેમાં કોઈ જાતની ચૂક આવશે તો કસૂરદારને સખ્ત નસિયત કરવામાં આવશે. અંબાલાલ મુખીની એ બધાંનો બંદોબસ્ત કરવાની ફરજ હતી, પણ સાંજે સર્વને રોકાવું પડશે એ ખ્યાલ બહાર રહી ગયેલું. એટલે બપોરનું ભરાયેલું પાણી રસોઈ કરવામાં વપરાઈ ગયું.

વરતણિયે પાણીની બૂમ પાડી, ત્યારે અંબા કુંભારણ સીમમાંથી આવી રોટલા ઘડતી હતી. નાથિયો પરગામ ગયો હતો. એનો છોકરો ગલાબ હજુ સીમમાંથી આવ્યો ન હતો. અંબાના મનમાં, કે ગલાબ આવે એટલે હું પાણી ખેંચી આપીશ અને એ રેડી આવશે; પણ એને આવતાં વાર લાગી અને અહીં રસોઈ તૈયાર હોવાથી સર્વે જમવા બેસી ગયા.

જમતાં–જમતાં પાણી થઈ રહ્યાની બૂમ પડી.

અંબાલાલના સ્નેહી, ગામના માસ્તર સોમાભાઈએ કહ્યું : 'મુખી, તમારા રાજ્યમાં આવું જ કે? પાણીનું ય ઠેકાણું ન મળે!'

જો કે જીભઈ વરતણિયો ઊભોઊભો પડોશને ઘેરથી ઘડો ઉપાડી લાવ્યો હતો, પણ અંબાલાલને પેલી સ્વાભાવિક ટકોર 'તમારા રાજ્યમાં આવું જ કે?' રૂંવેરૂંવે વ્યાપી ગઈ. એના મગજમાં થયું : 'આ બહારગામના

માસ્તરો ય મારો આવો જ તોલ કરે ને? મુખીનામાં જ દમ ન મળે, નહિ તો બૂમ પાડતાં એ પાણી ન રેડી જાય? વાત કરે, કે ફલાણા ગામના ચોરામાં જમવા બેઠા ત્યારે પાણીનું ઠેકાણું ન મળે.'

આમ એના મગજમાં પોતાની નાલાયકીના વિચારો ઘોળાતા હતા, એવામાં જ ગલાબ આવ્યો એટલે પહેલો જ બોલ એનાથી નીકળી ગયો.

'કેમ અલ્યા, કેં મારબાર ખાવો છે કે શું?' અને પટલાઈ આવ્યા પછી આજ આમ એકાએક અંબાલાલથી ગલાબ ઉપર હાથ ઉપાડી જવાયો.

એ રડતો–રડતો ઘેર ગયો. અંબાએ ગભરાટમાં પૂછ્યું: 'કેમ, શું થયું?'

ગલાબના છોકરવાદ મગજે કહ્યું: 'સૂઈ ગઈ એ નોકરી! મહિને બે રૂપિયા સારુ આટલી તાબેદારી કોણ વેઠે? અધરાત–મધરાત કામ કરીએ, એ તો ક્યાં ગયું ને ઉપરથી ગાળો ને માર ખાઈએ એ જુદું!'

અનુભવી મા વાત સમજી ગઈ. એણે કહ્યું: 'એ ગમે તે કહે, પણ સામું શું કરવા બોલીએ? આપણો અવતાર વસવાયાનો, એટલે જે કહે તે સાંભળીએ. આ તે કંઈ ઓછી નોકરી છે? પેલે અવતાર લખાવીને આવ્યાં છીએ એટલે વેઠ કર્યા વગર છૂટકો છે? એ તો એમ કહે ને કે મહિને બે રૂપિયા ય આપે છે; નહિ તો ના આપે

તો ય આપણે શું કરવાનાં હતાં?'

પણ વસવાયા–જગતનો બિનઅનુભવી ગલાબ બોલ્યો: 'મેં ક્યાં કશું કહ્યું હતું? મુખી મા સુધી જતા રહ્યા, ત્યારે મેં તો એટલું જ કહ્યું: 'ગાળો ના ભાંડશો.' ને ઊપડતાં ને બે–ત્રણ લાકડી મારી દીધી.'

આવા તો કેટલા ય ટપલા ખાઈ ચૂકેલી માએ એમાં કંઈ નવીન ન હોય તેમ કહ્યું: 'હજુ આ મુખી સારા છે, સારા; નહિ તો છોટાકાકાના મુખીપણાનો ઝપાટો તેં ક્યાં જોયો છે? એ તો હમણાં પાંચ–દશ વરસથી જરા નરમ પડ્યા છે. તે પહેલાં તો એમની બૂમ પડે એટલે ગમે તે કામ કરતાં હોઈએ તે પડતું મૂકીને નાસવું પડે. એક વખત તારા બાપા જરા ખાતા હતા તે વાર થઈ, તેમાં તો ચોરામાં બેઠાં–બેઠાં છૂટો દંડો માર્યો તે હાથ ભાગી ગયો હતો; અને એક વાર આપણી નાતની સભા થઈ હશે, તેમાં વેઠ ન કરવા માટે અંગૂઠો આપીને આવ્યા, એટલામાં તો એ મુખીએ ગામમાંથી છાશ–પાણીનો વહેવાર સુદ્ધાં બંધ કરાવી દીધો હતો. એ સભાઓવાળા ગમે તે કહે, પણ આપણે તો ગામમાં રહેવું એટલે દબાયા–ચંપાયા વગર છૂટકો નહિ; ને કાલે તારા બાપા આવશે ત્યારે તને તો તને, પણ મને શું કહેશે! 'ગધેડી! તારા ભાંગી ગયા હતા તે છોકરાને મોકલ્યો?'

અને ઘડી પહેલાં જ ચોરામાંથી રડતાં–રડતાં નીકળતાં

ગલાબે 'કદી જિંદગીમાં ચોરાની નોકરી ન કરવી' એમ વિચાર કરેલો, પણ પરપોટા જેવો એનો એ વિચાર મા આગળ ફૂટી ગયો.

ઘરમાંથી નવું બેડું લઈ, કૂવેથી પાણી ભરી, જ્યાં ઘડીક પહેલાં જ એના દીકરાને વાંક–ગુના વગર માર ને અપમાન સહેવાં પડ્યાં હતાં, ત્યાં અંબાની કાયા, ફરીથી તિરસ્કાર સહેવો પડશે તે જાણ્યા છતાં, આવીને ખડી થઈ. કેટકેટલાં અપમાનોના વજ્રાઘાતો સહ્યા પછી આ હૃદયો લાગણીહીન થઈ ગયાં હશે!

ચોરાના ચોગાનમાં પગ મૂકતાં જ અંબાલાલ મુખીએ રાડ નાખી: 'ખબરદાર, અંદર પગ મૂક્યો છે તો! સાળાં હરામખોર! તમને તો કસણે એ જ મતાનાં છો.'

લાજના છેડાને જરા નીચો ખેંચી, પગની ગતિ ધીરી-ધીરી ચાલુ રાખી, અંદર દાખલ થતાં અંબા બોલી: 'ભઈસા'બ, એ છોકરાને કંઈ ભાન છે? મૂઆને મેં લાખ વાનાં કર્યાં.'

'પણ એ નાથિયો કંઈ મૂઓ છે?'

'મારો ભાઈ માંદો છે, તે કાલના ખબર જોવા ગયા છે.'

'એ અક્કર્મી કોઈ દહાડો ઘેર જ ના મળે, ત્યારે જ અમારે બૈરાં જોડે ભાંજગડ કરવી પડે ને? એ આવે એટલી વાર; બસ તમારો પગ ચોરામાં ના જોઈએ. પછી હું જોઉં છું, કે તમે કેવાંક અહીં રહો છો.'

'પણ ભઈસા'બ ! છોકરું ના સમજ્યું તે કંઈક બોલી ગયું હશે. હજુ તો એ આવશે ત્યારે એને ઢોરની પેઠ ધાલશે.' અને અંબા પાણીનું બેડું ખાલી કરી બીજું ભરવા ચાલી ગઈ.

સાંજનો નાથિયો સાળાની ખબર જોઈ આવતો હતો, ત્યારે ગામની સીમમાં પેસતાં છોટાભાઈ મુખી મળ્યા, એટલે એણે પૂછ્યું : 'કેમ કાકા, ખેતરમાં ચાલ્યા?'

એનો ઉત્તર આપવાને બદલે છોટાભાઈએ પૂછ્યું : 'કંઈ નવાજૂની જાણી ?'

'ના કાકા, હજુ આપણી સીમમાં આવતાં તમે જ પહેલા મળ્યા છો.' નાથિયે પોતાનું અજ્ઞાન બતાવ્યું.

'એવો ને એવો બોથડ રહેજે. મારું રાજ હતું ત્યાં સુધી તો જાણે તારું દીઠું નહોતો પડવા દેતો, પણ હવે તો બધું જુવાનિયું વાજું ભરાયું છે; રાતને પહોર વહુને ચોરામાં બોલાવે તે તારામાં માલ નહિ ત્યારે ને!' છોટાભાઈએ ન સમજાય તેમ વાત કરી.

પોતાના જ ઘરની નવાજૂની સાંભળતાં નાથિયો અધીરો બન્યો. એણે પૂછ્યું : 'શું બન્યું? કાકા! જરા સમજણ તો પાડો.'

છોટાભાઈ: 'મારું કહ્યું તારે ગળે ઊતરે, તો તો બધી ય સમજણ વહુનું નામ દેનારને પડી જાય.'

નીચે નમી આભાર માનતો હોય તેમ નાથિયો

બોલ્યો : 'તમારી વાત ક્યારે ન માની? કાકા! તમારી તો મારે મોટી ઓથ છે.'

'ચાલ, અહીં રસ્તામાં વાત કર્યા કરતાં, ખેતરને શેઢે બેસી નિરાંતે બધી વાત કહું.' છોટાભાઈએ એકાંત શોધતાં કહ્યું.

પ્રસ્તાવનારૂપે શરૂઆત કરતાં એમણે કહ્યું: "હું જરા ભક્કાબોલો એટલે બધાંને નહોતો ફાવતો; અને આ નવા મુખી 'બહુ સારા' 'બહુ સારા' એમ કરો છો, પણ કામ પડ્યે દરેકનું પારખું થાય."

નાથિયાએ આ કથનમાં વિરોધ નોંધાવ્યો : 'કાકા! બધાંની વાત બધા જાણે, પણ મારે તો તમારા વખતમાં રામરાજ્ય હતું.'

છોટાભાઈ: 'લોકોને કર્યા કામની કદર જ ક્યાં છે? આ તમારા નવા મુખી બીજાની વાહોવાહ જેમ આવે તેમ બોલે છે, પણ એની ફોઈએ ગળે ફાંસો ખાધો ત્યારે હું વચ્ચે ન હોત તો ખબર પડત. ફોજદાર હાથકડી કરીને લઈ જાત ત્યારે શું મોઢું રહેત?' પણ એ ભાંજગડમાં પોતે પિસ્તાળીશ રૂપિયા ખિસ્સામાં મૂકયા હતા, એ વાત તો શાના કરે?

નાથિયાએ અધીરાઈ બતાવી: 'પણ મારા ઘરની શી વાત કરતા હતા?'

છોટાભાઈ: "એ જ વાત કરું છું ને! નહિ, તે વખતે તારે ઘેર મંછાપરાવાળો તારો સગો બીજાની બાયડી લઈ આવ્યો હતો? ફોજદાર તપાસણીએ આવ્યો હતો, પણ જો હાથ મૂકવા દીધો હોય તો! હું તો સાવ અજાણ્યો જ થઈ ગયો: 'શી વાત કરો છો, સાહેબ! મારા ગામમાં એવી લપ આવે તે મારી જાણ બહાર હોય? ને એના ઘર આગળ થઈને તો દહાડામાં દશ વાર જવા–આવવાનું રહ્યું, એટલે એવું હોય તો ઢાંક્યું રહે!' ને ફોજદાર હાથ ઘસીને પાછો ગયો. મારો તો પહેલેથી જ એ મુદ્દો. કદાચ કોઈ કંઈ કરી બેઠું હોય, તો ય બિચારાં વસવાયાં જેવાં ઉપર રહેમદિલ જ રાખું; કૂટવા હોય તો બીજા ઘણા ય લોકો પડ્યા છે."

તે વખતે લેવા–દેવા વગર પોતાનો સગો બે દિવસ રહી ગયો, તેમાં કાકાને પાંચની નોટ આપી દેવી પડી હતી, તે સાંભર્યા છતાં નાથિયો બોલ્યો: 'ખોટું કેમ બોલાય? એ તો તમારા રૂડા પરતાપ! નહિ તો ફોજદાર ઘોલ–ઝાપોટમાંથી ય જાય? ફોજદાર તો શું, પણ મોટો કલેટન આવે તો ય તમે તો ઘોઈ પીઓ. તમારી વાત તે થાય!'

"હું તો મોટો ચઢ્યે ઘોડે આવ્યો હોય તેને ય સંભળાવી દઉં. ત્રીજી સાલ મામલતદાર આવ્યા ત્યારે ચોરામાં પાણી જ ન મળે. કારકુન ઘણો ય સાહેબ આગળ બબડવા

માંડ્યો, પણ મેં કહ્યું: 'સાહેબ! એમનો તો મજૂરિયો ધંધો. કંઈ ખેતરમાં રખડતાં હશે. આગળથી ખબર હોય તો એમને કહેવું ન પડે.' અને આ તમારા નવા મુખીએ ગઈ કાલ વહુ બિચારી બપોરે પાણી ભરી ગઈ હતી, તો ય મોટો કાગનો વાઘ કરી મૂક્યો. જુવાનિયું વાજું એટલે વહુ યે બિચારી શું કરે? ઠીક છે, કોઈ ઓચિંતો આવી ચઢ્યો હોય તો રાતે ય મંગાવવું પડે; પણ આ તો બપોરના બધા ટળ્યા હતા, એટલે આપણી ફૂટી ગઈ હોય કે વેળાસર મંગાવી ના લઈએ!"

વળી પોતાના ઘરની તકરાર સાંભળી આવતાં નાથિયો બોલ્યો: 'તે એનું શું થયું, કાકા?'

મદારી બીજા ખેલ કરતાં-કરતાં સાપના કરંડિયા ઉપર હાથ મૂકે એટલે જોનારા જાણે કે હવે સાપ કાઢશે, માની અધીરા બને અને એ રીતે એમ પોતાના તરફ દૃષ્ટિ ખેંચી એ બીજો ખેલ કરવા માંડે, તેમ છોટાભાઈ થોડી મૂળ વાત કહી, પોતાનો હેતુ સિદ્ધ કરવા વચ્ચે બીજી વાતો કરતા. નાથિયાની અધીરાઈ જોઈ એમણે કહ્યું: 'એ જ વાત કરું છું ને? મેં ના કહ્યું? મૂળે જુવાનિયું વાજું! રાતનો પો'ર! અને દશ-પંદર માણસો બેઠા-બેઠા ઠઠ્ઠા-મશ્કરી કરે, ત્યાં વહુ બિચારીને જતાં કેવી રીતે પગ ઊપડે? ગલાબ જરા ખેતરમાં ગયો હતો એટલે મોડું થયું. માણસ તે કંઈ સરકારી વેઠ સારુ બારે ને બત્રીસે ય

ઘડી ઝલ્યું ને ઝલ્યું રહે? ને તે ય રહે, જો એમાં મળતર હોય તો; પણ આ તો વેતરું કરીને મરી જવાનું ને મળવાની ત્યારે ધૂળ! એટલે વહેલું–મોડું થાય તે નભાવી લેવું પડે. મારા વખતમાં ગમે તેમ ચાલતું હશે, પણ કોઈને અમલદારનો ટુંકારો ખાવા દીધો છે?'

આ જ છોટાકાકાએ કંઈ વાંક–ગુના વગર પોતાનો હાથ ઉતારી નાખ્યો હતો, એ બનાવ યાદ આવતાં નાથિયો બોલ્યો: 'હોય એ તો કાકા, અમારો અવતાર વસવાયાનો રહ્યો એટલે બે ગાળો ભાંડે તો ય સાંભળ્યા વગર છૂટકો છે?'

વાતનો પ્રવાહ અવળો વહેતાં છોટાભાઈ બોલી ઊઠ્યા: 'નરી ગાળો દીધી હોય તો હું તને કહું ગાંડા? મુખીને તો સત્તર જણ જોડે કામ રહ્યું એટલે ગાળો ય દેવી પડે; પણ મૂળાના ચોરને મોગરીનો માર શોભે? બાર વરસના છોકરાને ઊઠતાંક પાંચ–સાત ડાંગ મારી દે, એ તે કંઈ હાળો ન્યાય કહેવાતો હશે?'

ગાળોની જ કલ્પના કરેલા નાથિયે નવી વાત સાંભળતાં પૂછ્યું: 'ગલાબને માર્યો?'

છોટાભાઈએ પાણી ચઢાવ્યું: 'ગલાબને નહિ ત્યારે બીજાને?' અને એને બીજો વિચાર કરવાનો અવકાશ આપ્યા વગર એમણે કહેવા માંડ્યું: 'મોટા કરતાં એવા નાનાને મારવું, તે કંઈ જેવો તેવો ગુનો નથી. પોચું દેખે

ત્યાં સૌ કોઈ જોર કરે. તારામાં જ રામ નહિ ત્યારે ને? નહિ તો હવે તમારે સીધુંસટ થઈ ગયું છે. 'પ્રજાપતિ મંડળ'ને ફરિયાદ કરો એટલે વગર ખર્ચે તમારે માટે બધું કરી લે; અને આ ગામના તમે બધા ઢીલા પાક્યા છો; નહિ તો આજુબાજુનાં બધાંએ વેઠ કાઢી નાખી. શું કોઈનું સરકારે કાઢી લીધું?'

નાથિયાએ એમની સભામાં વેઠ ન કરવાના ઠરાવ ઉપર અંગૂઠો આપ્યો, ત્યારે આ જ છોટાકાકાએ ગામમાંથી તેનાં છાશ-પાણી બંધ કરાવ્યાં હતાં તે યાદ આવ્યું. એણે કહ્યું: 'સરકારની કંઈ વાત છે? પણ ગામમાં રહ્યા એટલે કર્યા વગર કંઈ છૂટકો છે?'

છોટાભાઈ: 'ગામમાં રહ્યા એટલે વેઠ કરવી લખી આપી છે? આ તો ઠીક ભાઈની ભલાશે કરો તો; નહિ તો તમારું કોઈ શું કાઢી લેવાનું હતું? અને એ તો એમ માનો ને, કે અમારા કરતાં તમે લાખ દરજ્જે સારા; નહિ તો છોકરાને આટલો માર્યા પછી કોઈ ફરી પાણી ભરવા જાય? તો ય વહુ બિચારી શું કરે? છોકરાની આંખનાં આંસુ સુકાયાં નહોતાં, છતાં પાણીનું બેડું લઈને ગઈ.'

નાથિયાની આંખ આગળ જાણે રડતા ગલાબને મૂકી એની વહુ રાતને વખત ચોરામાં પાણી રેડવા જતી હોય તેવું ચિત્ર ખડું થયું. વેઠના ત્રાસથી ટેવાયેલો હોવા છતાં

એને આ સ્થિતિ અસહ્ય લાગી. એને ગળે આ અપમાન ન ઊતરતું હોય તેમ ધચરકું આવ્યું.

એની ભીની આંખ પાછળ આવેલી રતાશ ઓળખી છોટાભાઈ બોલ્યા: "છતાં બિચારી ચોરામાં ગઈ ત્યારે ઢોરને પેટ ઘાલી: 'કંઈ મૂઓ છે તારો બાપ, તે તું પાછી ટળી? મારાં હાળાં વસવાયાંની જાત, ખેતરમાં રખડતાં લાજ–શરમ નથી થતી અને અહીં ચોરામાં પાણી ભરવા આવતાં કોણ તમને ગળી જાય છે? અને કોણ જાણે સીમશેઢે શા ધંધા કરતાં હશો તે?' અને દાઝ્યા ઉપર ડામ દે તેમ આખો ચોરો ખડખડાટ હસી મશ્કરી કરવા લાગ્યો. હું તો ખરું કહેવાવાળો. આપણી બેન-દીકરી એવી બીજાની. હલકી વરણમાં જનમ મળ્યો એટલે કંઈ લાજ–આબરૂ વહાલી ના હોય?"

નાથિયાના દાંત તળે જીભ આવતી રહી ગઈ. એના હાથની મૂઠીઓ વળેલી જોઈ છોટાભાઈએ પાણી ચઢાવ્યું: 'તે તારામાં રામ નહિ ત્યારે વહુને ભર્યા ચોરા વચ્ચે ના સાંભળવાનું સાંભળવું પડે ને? મુખી હોય કે મોટો ગવંડર હોય, પણ સૌ–સૌનું માપ જાળવે ત્યાં સુધી મોટો; નહિ તો એના બાપની બીજાને શી સાડાબારી?'

નાથિયાની ભીની આંખમાંથી છેવટે પાણી ટપક્યું.

છોટાભાઈ: 'એમ આંખો મુતરાવ્યે કોઈનો દહાડો

વળ્યો છે ? એક વખત એને ય હાથ બતાવ્યો હોય, તો ફરીથી નામ દેવાનું ભૂલી જાય; અને હવે તો તમારે મોટું સુખ થઈ ગયું છે. તમારા મંડળને લખ્યું એટલે ઘણું ય ફૂટી લે. સાક્ષી–બાક્ષીનું તો મારા જેવો સૌ પાછળ રહ્યો–રહ્યો કરી આપે.'

અને વાતનો અંત લાવતાં એમણે કહ્યું: 'લે, ઊઠ; હવે ઘેર જઈને વિચાર થાય તો કહેજે. એમે ય આડે લાકડે આડો વહેર. બાયડીની આબરૂની ફરિયાદ માંડીએ એટલે છોને પોતિયું ઝાલીને સલવાય!'

અને વાડનું છીંડું આવતાં બંને જુદા પડ્યા.

છોટાભાઈએ ચઢાવેલી ચાવીથી ઘંટડી ન વાગી, ત્યારે એમણે અવળી ખાંડ ખાવા માંડી: 'વીરાભાઈ, આ નાથિયો કેટલી ય વાર મારી પાસે આવી ગયો.'

વીરાભાઈ: 'એને વળી તમારું શું કામ પડ્યું?'

છોટાભાઈ: "આ નો'ય મુખીએ તે દહાડે એના છોકરાને માર્યો હતો, તે કહે: 'મારે ફરિયાદ કરવી છે.' ભલે ને એ આપણું પાછળથી ભૂંડું બોલે, પણ મારો સ્વભાવ તો જાણો છો ને? વાંદરાને નિસરણી આપું જ નહિ. મેં તો એની ધૂળ જ કાઢી નાખી: 'મારું હાળું વસવાયું થઈને મુખી ઉપર ફરિયાદ કરશે, ત્યારે અમારે જીવીને શું કામ છે? જો ચેં કે ચૂં કર્યું છે, તો ગામમાં

રહેવું ભારે પડશે.' અને મેં એટલો ઊધડો લીધો ના હોત તો પેલું એમનું મંડળ છે ને? એ મારફત ફરિયાદ કર્યા વગર રહેત નહિ."

અને એ ઉપકારકથા છેવટ અંબાલાલ મુખી પાસે પહોંચી, ત્યારે એણે ઉપલો હોઠ દાબતાં કહ્યું: 'છોટાકાકાનાં પાતાળનાં મૂળિયાં મારાથી અજાણ્યાં નથી. એમણે નાથિયાને શું કહ્યું હતું, તે તો વખત આવશે ત્યારે એમની પાસે કબૂલ કરાવીશ. એ ભોળાઓને સમજાવી ખાતા એમ અહીં સમજાવવા જતા હશે, પણ હું તો એમનાં પાતાળનાં મૂળિયાં ખોદી કાઢું તેવો છું.'

૮ : કાકો-ભત્રીજો

દહાડો ઊગે તે પહેલાં આખા પાટણવાડિયાના પાડિયામાં દરેક ઘરના નકુચા ઉપર સાંકળો ચઢી ગઈ. જે જે ઘરમાં હતાં તે તે હાથપગ લઈ બહાર નીકળી ગયાં. ઊંઘતાં છોકરાંને એમની મા ઊંચકીને બહાર લેતી, ત્યારે શિયાળાની ટાઢમાં ટૂંટિયું વાળી સૂતેલાં બાળકો અકડાઈ ગયેલા પગને લાંબા કરી, 'હં....ઉં'ના ઊંહકારા ભરી આંખો ચોળતાં હતાં અને પીયા બાઝેલી આંખ ન ઊઘડતાં રુદનનું સંગીત ચારે બાજુ રેલાવતાં. પુરુષો ગાભરા-ગાભરા ટાઢને ન ગણકારતાં ઉઘાડે દિલે, સિયાવિયા થઈ ગયા હોય તેમ બહાર નીકળી ગૂસપૂસ વાતો કરતા હતા. બૈરાં આ અણધારી આફતમાં 'હવે શું થશે?' તેની ચિંતામાં, રડતાં છોકરાંને ઉપરથી બે-ચાર ધબ્બા મૂકી મનનો ઊભરો ઠાલવ્યાનો સંતોષ લેતાં હતાં. છતાં છોકરાં સિવાય બધાં ઉપર અનુભવજન્ય એક પ્રકારની ટાઢપ દેખાતી હતી.

ગાડી ઊપડવાની સિસોટી વાગ્યા પછી એને પકડવા જેમ મુસાફર હાંફળો-ફાંફળો દોડે, તેમ પોલીસ-સિપાઈઓ એક ફળિયામાંથી બીજા ફળિયામાં દોડાદોડ કરી ફટાફટ

બારણાં બંધ કરતા હતા; અને છતાં ય કોઈ મુદ્દામાલ રફેદફે ન કરી નાખે તે માટે, શકરાબાજની તીક્ષ્ણ દૃષ્ટિવાળો આબકારી ઈન્સ્પેક્ટર ઘોડા ઉપર બેસી આમથી તેમ ચારે તરફ ફરી રહ્યો હતો. સવારના એ શાંત વાતાવરણમાં ઘોડાના ડાબલાનો અવાજ અને એથી ખીલે બાંધેલાં ભડકતાં ઢોરની સાંકળોનો રણકાર આખા પાડિયામાં ગાજી રહ્યો હતો.

સરકારી છાપ મારેલા દારૂ સિવાય ગેરકાયદેસર દારૂ ગાળી પ્રજા કુછંદે ન ચઢે તેની ચોકી કરતા આબકારી ખાતાની પોલીસ પાર્ટી, બિનકાયદેસર ગળાતા દારૂની ઝડતી કરવા, રાતોરાત દશ ગાઉની મજલ કાપી સવાર થતાં ન થતામાં તો ગામમાં પ્રવેશી ચૂકી હતી; અને દારૂ ગાળવાના અઠંગ ધંધા તરીકે જાણીતી થયેલી પાટણવાડિયા કોમના પાડિયામાં પોલીસ પાર્ટીએ એક એક ઘરનાં બારણાં બંધ કરી દીધાં હતાં.

મુખી, વરતણિયાઓ પણ આવી પહોંચ્યા. છેક છેલ્લે છેડેથી એક પછી એક ઘરની ઝડતી શરૂ થઈ. તકનો લાભ કોઈ ન લઈ જાય તે માટે, બબ્બે સિપાઈઓ ફળિયામાં દેખરેખ રાખવા આંટા મારી રહ્યા હતા. જેમના ઘરમાંથી મુદ્દામાલ નીકળે તેમ હતું, તેમના જીવ ઊંચાનીચા થતા હતા.

જેમત પોતાની વહુ તરફ ડોળા કાઢી કહેતો હતો: ' આ રાંડને હું ના કહેતો હતો, કે છો ને ખેતરમાં ભાઠિયું

પડી રહેતું; પણ મારું કહ્યું માને ત્યારે ને ?'

'તમે તો છેક બીકણ ને બીકણ રહ્યા. આ મંગો કાણિયો ઘેર ચાલુ ગાળે છે, તેને કોઈ નથી ગળી જતું ને તમને તે કોણ ગળી જવાનું હતું ?'

'પણ એવા કોઈના વાદ કરવા જઈએ તે આપણને ફાવતું હશે ? એને તો જેલમાં લઈ જાય તો ય ક્યાં પાછળ ખાનારાં હતાં તે ચિંતા ? મૂઆં પાંચ શેર દોહેલાં મહુડાં કોઈ લઈ જાત તો, પણ અત્યારે આ દુઃખનો દહાડો તો ના આવત.'

ઝડતીની ઘડીઓ ગણાતી હતી; છતાં મંછા જાણે કંઈ બનવાનું ન હોય તેમ શાંતિથી બોલી: 'તે તમે એટલા બધા ગભરાઈ જાઓ છો શું કરવા ?'

'તારી મા પઈણાવા ! આ તારો બાપ હમણાં મુહુડાંનું ભાટિયું કાઢીને ઊભો રહેશે, ત્યારે તારે કંઈ ઓછો જવાબ દેવો પડવાનો છે ? એ કરી તો શું નાખવાનો હતો ? પણ છેવટ મુદ્દામાલ પકડાય એટલે દશ-પંદરમાં તો શું દીઠું ? અને મારી પાસે તો ઘસી પીવાનો ય પૈસો નથી.' જેમત અકળાઈને પણ ધીમેથી બોલ્યો.

ધાવતા બાળકને નીચે બેસાડતાં મંછા બોલી: 'એ મોટો કાળી ડગલી પહેરી આવ્યો એટલે એનાથી બી ગયાં, એમ !'

જેમત વધુ ચિડાઈને બોલ્યો : 'તું ના બીવાવાળી બેસ છાનીમાની એટલે થયું.'

'પણ તમ તમારે જે થાય તે જોયા કરો ને. હજુ જોડેના ફળિયામાં તપાસે છે, ત્યાં સુધીમાં એટલા બધા ગભરાઈ જાઓ છો શું કરવા?'

મંછાના આ વખતના સવાલના જવાબમાં કંઈ બોલ્યા વગર મૂંઝાતો જેમત દૂર એ જ મોકાણની વાતો કરતા ટોળામાં જઈ બેઠો.

બે સિપાઈઓ બંદૂકો લઈ ફળિયામાં આંટા મારી રહ્યા હતા.

મંછાએ પાસે બેઠેલાં બેય છોકરાંને રીસ ચઢાવીને લોહી નીકળે તેવી ચૂંટી ખણી. છોકરાંએ મોટો રાગડો કાઢીને ભેંકડો મૂક્યો.

અને આંટા મારતા સિપાઈઓ સાંભળે તેમ મંછાએ ઉપરથી બબ્બે ધબ્બા મારતાં કહ્યું : 'મારાં ભઈનાં હારાં! ઊઠ્યાં ત્યાંથી ખાધા સારુ રડારડ! મારું તો ધાવીધાવીને શરીર અધું કરી નાખ્યું, તો ય ના જપ્યાં.' અને હજુ ય જાણે છાનાં રહી જશે એમ બીક લાગતી હોય તેમ બીજો એક, પણ બેનું સાટું વાળે તેવો ધબ્બો માર્યો. સિપાઈ-ઓએ બીજો આંટો માર્યો ત્યારે એમને સંભળાય તેમ ઉમેર્યું : 'ભૈડકું તો તમારા પેટમાં ઉહારવા ક્યારનું ય

રાંધી મૂક્યું હતું; પણ અહીં અમારા જીવની પડી છે ને તમને ખાધાની પડી છે.'

સિપાઈઓનો ત્રીજો આંટો થયો ત્યારે ય છોકરાં રડતાં હતાં. મંછાને કૈં અરજી કરવી હોય તેમ એમની નજીક આવી ખોળો પાથરતી હોય તેમ તે નમીને બોલી: 'ભઈ-સા'બ? આ છોકરાં મૂઆંને અત્યારમાં ખાધાની ટેવ છે, તે ક્યારનાં ય રઢે ચડ્યાં છે. તમે કહો તો ઘરમાં ચૂલા ઉપર ભૈડકાની હાંલ્લી તૈયાર છે, તે લઈ આવું.'

સિપાઈઓએ પૂછ્યૂં: 'અત્યારમાં ખાવાનું તૈયાર થઈ ગયું?'

મંછા ગરીબ ગાય જેવી થઈ બોલી: 'વલોણું હતું એટલે છાશ કરીને ભૈડકું મૂક્યૂં હતું. અમારે મજૂરિયા લોકોને ભઈસા'બ, ચા ગણો તો ય એ ને શીરો ગણો તો ય એ. મૂઆં છોકરાંને મેં બે વખત ટીપ્યાં, પણ છાનાં રહેતાં નથી. કહો તો હાંલ્લી ચૂલા ઉપરથી લઈ આવું.'

બીજા સિપાઈને પોતાનું છ મહિનાનું બાળક સવારમાં દૂધવાળો જરા મોડો આવે તો કેટલું રડીને ઘર ગજવી મૂકતું, તે યાદ આવ્યું. એણે કહ્યું: 'જા, લઈ આવ; અમે અહીં ઊભા છીએ.'

મંછા ઉપકારના ભારથી લળી પડતાં બોલી: 'એમ હોય તો સાથે આવો ને, ભઈસા'બ.' અને એણે પાછળ બેમાંથી એક ય આવતો તો નથી ને, તેની ત્રાંસી નજરે

ખાતરી કરી, ઘરમાં ઉતાવળી જઈ ચૂલા ઉપરની ભૈડકાની હાંલ્લીમાંથી ઊનું ઊનું ભૈડકું, કહોવડાવવા નાખેલાં મહુડાંની હાંલ્લી ઉપર રેડ્યું; અને મહુડાં ઢંકાયા પછી ભૈડકું ઊભરાઈ ગયું હોય તેમ હાંલ્લી ઉપર રેલાવા દીધું. તરત બહાર નીકળી, હાંલ્લીને નીચે મૂકી ઘર ઉપર હતી તેમ સાંકળ ચઢાવી દેતાં એ બોલી: "હું ય રાંડ ચૂલા ઉપરથી ઉતારવાનું ભૂલી ગઈ તે અધું ભૈડકું તો ઊભરાઈ ગયું."

અને નીચે મૂકેલી હાંલ્લી ઉપર ભૈડકાના ઓઘરાળા જોતાં સિપાઈ વધુ ખાતરી ન કરતાં પાછા આંટા મારવા લાગ્યા.

મંછા અમસ્તી–અમસ્તી છોકરાંને ભૈડકું ચટાડવાનો ડોળ કરતી હતી, પણ એનું મન તો પેટમાં ને પેટમાં ફુલાતું–ફુલાતું પોલીસની મૂર્ખાઈ ઉપર હસતું હતું: "બૈરાં જેટલી ય બુદ્ધિ તો છે નહિ ને મોટા બંદૂકો લઈને ફરે છે!"

ત્રીજા ફળિયામાં બકોર કોઈ ન સાંભળે તેમ કહેતો હતો: "માધા, અલ્યા એક ઉપાય છે. ઝડતી આવે તે પહેલાં જો આ સિપાઇઓને કંઈક આપીને ફોડો તો ઘર ઉઘાડવા દે. ત્રણ સીસા બે ગૂંજામાં ઘાલી બહાર નીકળી જતાં શી વાર!"

માધો: "પણ એવું કહેવા જઈએ ને ઊલટા અવળા પકડે તો?"

બકોર: "એ તો ગુરુ વના કંઈ બને?"

માધો : "તમે કહો તે કરું, વળતી શું?"

બકોર : "એનો ગુરુ જીભઈ વરતણિયો."

માધો : "પણ એ તો પેલા ફળિયામાં સાહેબ જોડે છે."

બકોર : "એને તો સળી કરી એટલે આવ્યો જ જાણો ને! છ વરતણિયા છે; એના વના ત્યાં શું અડી રહેવાનું છે?"

માધો : "જા અલ્યા, મેલા! હળવે રહી કોઈ ન જાણે તેમ જીભઈને બોલાવી લાવ."

બકોર : 'તું તારે એને જરા પગ અડાડજે ને, એટલે તરત આવ્યો જાણ. એ બધું તો સૌ જાણે સમજ્યા, પણ પોલીસને આપવાનું તૈયાર છે?'

માધો : 'ગામમાંથી લાવું ત્યારેસ્તો! ઘરમાં ઓછા દાટી મૂક્યા છે!'

બકોર : 'પણ એટલું બધું કરવા જતા સુધીમાં તો બધું અહીં આવી પહોંચશે.'

માધો : 'હજુ તો વચલું ફળિયું તપાસ્યા પછી આવશે ને? ત્યાં સુધીમાં નથુ ઠક્કર પાસેથી લઈ આવતાં વાર શી?'

બકોર : 'મારો બેટો એ ટંડો, એમ ક્યાં હાથ મૂકવા દે તેવો છે?'

માધો : 'આપણી ગરજે ઓછો આપવાનો છે; પચીસની હાંસડી આડમાં મૂકીશ એટલે ભાઈસા'બ કહીને આપશે.'

અને વાતમાં વધુ વખત બગાડ્યા વગર, ગઈ કાલે જ સાસરેથી આવેલી દીકરીના ગળામાંથી હાંસડી કઢાવી માધો ઉતાવળો–ઉતાવળો નથુ ઠક્કરની દુકાને ગયો.

ભોગજોગે ઠક્કર કાલે ઘેર ગયો ન હતો, એટલે ઊઠીને દાતણ કરતો હતો. આવવાનું કારણ સમજ્યા છતાં એણે પૂછ્યું : 'કેમ આવવું થયું ? માધાજી !'

'જરા કામ છે; અંદર આવો ને.' નથુ એટલા ઉપરથી અંદર ગયો એટલે સીધી હાંસડી આપતાં માધાએ કહ્યું : 'પંદર રૂપિયા આપોને.'

નથુએ હાંસડી લેતાં કહ્યું : 'જુઓ, મેં તો હવે આ ધંધો જ બંધ કરી નાખ્યો છે; પણ અત્યારે તમારી ઓપટી કાઢું છું. પંદર તો નહિ, પણ દશ આવશે. વ્યાજ તો જાણો છો ને ? બધાંનું લઉં છું તે આનું ગણીશ; અને હું તો મારા પૈસાનો ધણી; એટલે છ મહિનામાં નહિ આવે, તો બહુબહુ તો બે મહિના શરમને લીધે વાટ જોઈ પછી એવેજ વેચી નાખીશ.'

પળપળની જ્યાં કિંમત થતી હોય, ત્યાં પૈસાની કિંમત ગણવા બેડે ક્યાં પાલવે ? બિલકુલ પ્રતિકાર કર્યા વગર નથુએ જે દશ રૂપિયા આપ્યા, તે જોયા કે ગણ્યા વગર મૂઠીમાં મારી માધો ચાલતો થયો.

આ બાજુ આબકારી પોલીસથી ટેવાઈ ગયેલો જીભઈ

પગે પગ અડતાં પૂછયાગાછયા વગર આવી પહોંચ્યો. બકોરે કહ્યું: 'જીભઈ! માધાના ઘરમાં ત્રણ સીસા દારૂ છે.'

દરેક વખતના અનુભવથી ટેવાયેલા જીભઈએ બીજું પૂછયા વગર કહ્યું : 'લાવો, કેટલા રૂપિયા છે?'

માધો : 'આ હજુ નથુ શેઠને ત્યાંથી દશ રૂપિયા લઈ ચાલ્યો જ આવું છું.' અને એણે દશે ય રૂપિયા જીભઈના હાથમાં અવાજ ન થાય તેમ મૂકી દીધા. જીભઈને પોલીસ જોડે વાત કરતાં ફાવે માટે બીજા આઘાપાછા થઈ ગયા.

જીભઈએ ઇશારત કરી એટલે ચોકી કરતો સિપાઈ પાસે આવ્યો અને દમામથી બોલ્યો: 'ક્યા હૈ?'

જીભઈએ ધીમેથી કહ્યું: 'હું વરતણિયો છું. આ ઘર જરા ઉઘાડવા દો.' અને તેણે મૂઠી વાળેલો હાથ સિપાઈના ખિસ્સામાં નાખ્યો એવો જ કાઢી લીધો.

ખિસ્સામાં હાથ ઘાલી મૂળાના પૈના જેવા રૂપિયાને ગણી જોતાં સાતનો આંકડો થયો, એટલે એના પેટમાં શાંતિ વળી; અને દમામવાળી જબાન બંધ કરી ધીમેથી બોલ્યો: 'સાહેબની પાસે વાત જાય એમ તો નથી ને?'

'એ વાતે બેફિકર રહેજો.' કહી જીભઈ મોં ફેરવી ઉતાવળે બોલ્યો: 'ક્યાં ગયો માધો? આ ભેંસ ઘરમાં ક્યારની બરાડે છે, તે ય સાંભળતો નથી?'

માધે આડુંઅવળું જોયા વગર ઘર ઉઘાડી બાવટાની બોરીમાં સંતાડેલા ત્રણ સીસા ખિસ્સામાં માર્યા અને

ભેંસને ઘરમાંથી કાઢી બહાર ખીલે બાંધી, ઘરની સાંકળ હતી તેમ પાછી ચઢાવી દીધી.

સિપાઈ તો પોતાની ફરજ બરાબર બજાવતો હોય, તેમ ફળિયાને એક છેડેથી બીજે છેડે પરેડ કરી રહ્યો હતો. જીભઈ ખિસ્સામાં પડેલા ત્રણ રૂપિયાનો આનંદ મુખ ઉપર લાવ્યા વગર પેશાબ કરવા ગયો હોય તેમ, ઝડતી ચાલતી હતી ત્યાં આવી દાખલ થઈ ગયો.

મંગો કાણિયો તો જાણતો જ હતો, કે આબકારીની ઝડતી આવી એટલે ઓછામાં ઓછા પચાસ રૂપિયામાં તો શું દીઠું ? અને પછી એ જોરે કાયદેસર દારૂ વેચવાનું લાયસન્સ લીધું હોય તેમ, એનું ઘર કલાલની દુકાનની માફક ખુલ્લું રહેતું. એકાદ ભાટિયું એની ભઠ્ઠી ઉપર હમેશ ચઢેલું હોય જ. ફોજદાર કે ફેરણી ઉપર આવતા સિપાઇને પણ જ્યારે પીવાનો ભાવ થાય ત્યારે એને ઘેરથી ફેરો પડતો નહિ; બીજું, એને આગળ બેઠે ઉલાળ કે પાછળ બેઠે ધરાળ નહોતું. છોકરો એની મેળે જુદો રહેતો હતો. છોડી જમાઈ સાથે શહેરમાં રહેતી એટલે આવતી નહિ. બાયડીનું લપ જેવું નહોતું; એ ચાર જણને રળીને ખવરાવે તેટલી મહેનતુ હતી; એટલે કદાચ કોઈ સાહેબ ન્યાયનું પૂંછડું પકડેલો આવે અને પૈસા આપતાં ય ન છોડે, તો જેલમાં જવા વખત આવે તોપણ એને ઉજાગરો નહોતો. તેમાં અધૂરામાં પૂરું બાયડી ગઈ સાલ ગત થઈ, ત્યારથી

એ સમૂળગો નફિકરો થઈ ગયો હતો; એટલે એને તો આબકારી અમલદારનો બાપ અધીં રાતે આવે, તો ય કશું છુપાવવાનું નહોતું !

એના ઘરની ઝડતી શરૂ કરી, ત્યારે માળિયા ઉપરથી પાંચ મણ મહુડાં નીકળ્યાં. આથેલાં મહુડાંનાં બે માટલાં, કાકડિયો ભરેલાં મોઢાવાળાં નીકળ્યાં. પાંચ સીસા દારૂ તૈયાર નીકળ્યો.

એ બધી ચીજો બહાર લાવવામાં આવી, તોપણ મંગો જાણે પારકા ઘરની ઝડતી થતી હોય તેટલો બેદરકાર જણાતો હતો.

સાહેબ જાણે ખૂનની લાશ ખોળી કાઢી હોય, તેમ ધૂંઆપૂંઆ થતા મુખી તરફ જોઈ બોલ્યા : "મુખી! ગામમાં આવા જ ધંધા કરાવો છો કે ?"

"શું સાહેબ, હું કરાવું છું ?" અંબાલાલ મુખીએ કહ્યું.

સાહેબ : "તમારી ટાઢી નજર વગર બને ?"

મુખી : "અમારી ગમે તેટલી ઊની નજર હોય, પણ સરકાર શિખવાડે એટલે અમારું શું ચાલે ?"

વિચિત્ર જવાબ સાંભળી સાહેબ જરા મોટેથી બોલ્યા : "એટલે સરકાર એમને કહેતી હશે, કે તમે દારૂ ગાળો ?"

મુખી : "દારૂની દુકાનો સરકાર મંડાવે છે, એટલે લોક પીતાં શીખે છે અને શીખે એટલે ઘેર ગાળે. આ

માંડમાંડ મહાસભાવાદી પ્રધાનમંડળે દારૂબંધી કરી હતી, ત્યાં તો એના જતાંની સાથે જ સરકારે પાછી ડોકાબારી ખોલી."

આ છેલ્લા વાક્ય સાથે ધોળી ટોપી તરફ નજર કરતાં સાહેબ બોલ્યા : "હું, તમે તો ગાંધીવાદી છો, ખરું ?"

અને વધુ વાદવિવાદ ન કરતાં જપ્ત કરેલી ચીજો ચોરામાં મોકલાવી સાહેબે બીજા ઘરની ઝડતી શરૂ કરાવી.

વહેલી સવારમાં ખેતરમાં આંટો મારવા, લોટો લઈ નીકળેલા છોટાભાઈ મુખી તમાકુમાં પીલા થઈ ગયેલા જોઈ, ભાગિયાની બેદરકારી તરફ બબડતા–બબડતા ખૂબ વધી ગયેલા કોક–કોક પીલા ચૂંટતા હતા, ત્યાં ભગવાને ઘેરથી આવી કહ્યું : "ગામમાં પોલીસ પાર્ટી આવી છે ને તમે તો અહીં ફરો છો ?"

ન ઇચ્છવા જેવા સમાચાર મળતા હોય, તેમ વ્યાકુળ થતાં એમણે પ્રશ્ન કર્યો : "આબકારી પાર્ટી આવી છે ?"

"એસ્તો, દારૂવાળા." ભગવાને આબકારીમાં ન સમજતાં કહ્યું.

છોટાભાઈને જાણે પોતાના ઘરને બારણે સાંકળ ચઢાવી હોય તેમ ચટપટી થઈ અને પોતાનું મહત્ત્વ બતાવતાં એ બોલ્યા : "નવા મુખીને તો કે' દહાડે એ ખાતાનો અનુભવ છે ? જૂના સાહેબ હશે તો ભલું હોય તો મને બોલાવવા ય મોકલ્યો હશે. ખરાખોટાનું હવે પારખું થશે. કાકો હતો ત્યાં સુધી તો સાહેબને જેમ–તેમ સમજાવી ગોટો

ગબડાવી દેવાતો, પણ એની ખરી ખબર આ વખત પડશે."

અને પોતાનો લોટો ભગવાનને લેતા આવવાનું કહી છોટાભાઈ બારોબાર ઉતાવળા-ઉતાવળા વાડિયા તરફ ચાલવા મંડ્યા; પણ એમને જે બીક હતી તે આગળ આવીને ઊભી રહી. ગેમલ જે એમના સર્વ ધંધાનો સાથીદાર હતો, તેના ઘરની ઝડતી થવાને એક જ ઘર બાકી હતું.

પોતે કોઈ અગત્યનું પ્રાણી છે, તેનો ખ્યાલ કરાવવા એમણે સાહેબને સલામ કરી; પણ જુવાન સાહેબે એની તુમાખીમાં સલામ ન ઝીલી તો ન ઝીલી, પણ એ તરફ ધ્યાને ય ન આપ્યું.

પોતાનો એ પાસો પાછો પડ્યો ત્યારે અંબાલાલ મુખીને એમણે પૂછ્યું: "સાહેબ માટે ચા-પાણીની વ્યવસ્થા કરી કે બાકી છે?"

અંબાલાલે કહ્યું: "આ કામ પતી રહે એટલે ચોરામાં બધું તૈયાર છે."

સ્નેહીપણાનો દાવો કરતાં છોટાભાઈ ખીજ્યા: "અહીં તો બાર વાગશે એટલી ય ખબર નથી? પોલીસ અહીં ઊભી રહેશે ત્યાં સુધી આપણે ચોરે જઈ આવીએ."

અંબાલાલને આ ડહાપણ ન ગમ્યું હોય તેમ એ બોલ્યો: "લઈ જાઓને ત્યારે, હું ક્યાં ના કહું છું?"

છોટાભાઈ કંઈ એમ જાય એવા નહોતા. એમણે બીજી વખત સાહેબને સલામ ભરતાં કહ્યું: "સાહેબ! બે જ

મિનિટ લાગશે; ચા–પાણી તૈયાર છે."

સાહેબને આ વખત બોલ્યા વગર છૂટકો ન થયો. એમણે પૂછ્યું : "તમે કોણ છો ?"

છોટાભાઈને એટલું જ જોઈતું હતું. એમણે કહ્યું : "સાહેબ ! અત્યાર સુધી હું મુખી હતો. થોડા વખતથી આ અમારા ભત્રીજા કામ કરે છે. અમે બધા એક જ કુટુંબના છીએ."

અંબાલાલ કાકાની આવડત ઉપર ખુશ થતાં હસ્યો અને બબડ્યો : "વાહ ! મારા કાકા !"

પણ સાહેબ એ જગ્યા છોડવા તૈયાર ન થયા, એટલે છોટાભાઈની એ યુક્તિ યે સફળ ન થઈ. છેવટે ચા-પાણીની ત્યાં જ વ્યવસ્થા કરવાની ભાંજગડમાં એ પડ્યા, એટલે ગેમલે છોટાભાઈને ઇશારત કરી.

દૂર ખસી આંખની ઇશારતથી છોટાભાઈએ સામો પ્રશ્ન કર્યો : "શું છે ?"

હવા ય ન સાંભળે તેટલે ધીમે સ્વરે ગેમલે કહ્યું : "ઘરમાં તમારે ત્યાંથી આણેલાં મહુડાં છે."

પોતાના કોથળા ઉપર તો નામ છે, તે યાદ આવતાં છોટાભાઈના શરીરમાંથી લોહી ઊડી ગયું. તેમણે દાંત કચ-કચાવતાં કહ્યું : "તને મેં તે દહાડે શું કહ્યું હતું, કે ઝટ કોથળો આપી જજે."

ગેમલે શાંતિથી જવાબ આપ્યો: "પણ તમે શું કરવા આકળા થાઓ છો? નામ છો. ને રહ્યું; કહીશ, કે કોઈરા લાવ્યો હતો તે કોથળો પડી રહ્યો છે. આ તો તમને જરા ચેતવ્યા; નહિ તો ગમે તે થઈ જાય તો ય તમારું નામ ઓછું આવવા દઉં એવો છું?"

જરા સ્વસ્થ થતાં છોટાભાઈ બોલ્યા: "આ તો જરા વાજું એવું તેમાં; નહિ તો એવા તો કેટલા ય કોથળા નીકળ્યા હશે, તો ય ક્યાં નથી ધોઈ પીધા?"

ઝડતી માટે ગેમલનું બારણું ઊઘડે તે પહેલાં બંને છૂટા પડી ગયા.

મહુડાંનો કોથળો બહાર નીકળતાં સાહેબે પૂછ્યું: "કોનું ઘર છે આ?"

ઓશિયાળા જેવા ગેમલે કહ્યું: "સાહેબ! મારું છે."

સાહેબે એનું નામ લખી લેતાં કહ્યું: "અચ્છા!"

પણ એ ડાયરી બંધ કરે તે પહેલાં પોલીસે કહ્યું: "સાહેબ! કોથળા ઉપર નામ બીજાનું છે."

"શું લખ્યું છે?"

"પા. છો. વે."

એ નામનો સ્વર કાને પડતાં છોટાભાઈને કોઈએ વીજળી મૂકી હોય, તેમ એક મોટો આંચકો લાગ્યો અને એમાંથી બચાવવા જાણે વિનંતી કરતા હોય તેમ અંબાલાલ ભણી એમણે નજર કરી.

ડાયરીમાં એ અક્ષરો નોંધતાં, સાહેબે ગેમલને પૂછ્યું: "કોનો કોથળો છે ?"

ગેમલ જવાબ આપે તે પહેલાં અંબાલાલ મુખીએ કહ્યું: "જેનો હશે તેને પછીથી ચોરામાં બોલાવીશું."

ગાંધીવાદી જણાતા મુખી આગળ પૈસા ખાઈ માંડવાળ નહિ થાય અને આજનો દહાડો નકામો જશે, તેમ જ મુખીનું આ વાક્ય ગળી જવાથી પોતાની આશા સફળ થશે એમ લાગ્યાથી સાહેબે એ વાત ફરી ન ઉથામી.

ત્યાં સુધીમાં ઘરની ઝડતી પૂરી થયાથી પોલીસે કહ્યું: "સાહેબ, બીજો મુદ્દામાલ નથી."

સાહેબે કહ્યું: "અચ્છા, દૂસરા ઘર ખોલો."

આમ સો ઘરના પાડિયામાંથી નાના–મોટા દશ–પંદર કેસો પકડાયા. ઝડતી પૂરી કરી પાર્ટી ચોરે આવે, ત્યારે લોકો પોતાની ચાલાકીની વાતો કરતા હતા.

રવજીએ પોતાની ચાલાકી કહી: "પોલીસવાળા ફળિયામાં પેઠા એવી જ મને ગંધ આવી ગઈ, તે બગલમાં બે સીસા મારી પછેડી ઓઢી બહાર નીકળી ગયો અને ઘરને સાંકળ ચઢાવતા હતા, ત્યારે હું ઉકરડામાં એને દાટતો હતો."

દાભઈએ કહ્યું: "સંતાડતાં આવડતું હોય તો છો ને આખું ઘર ફેંદી વળે, તો ય એ શું ખોળી કાઢતા હતા ? ઘાસતેલના ડબ્બામાં ચાર સીસા પડ્યા છે. મારાં બેટાંને

ડબ્બાનું મોઢિયું મોટું જોતાં વહેમ તો પડ્યો, પણ નજીક જતાં ઘાસતેલ મહેક્યું એટલે તરત પાછા વળી ગયા."

તખો: "તમે લોકો છો જ એવા એટલે શું થાય? આપણામાં માલ હોય તો ઘરમાં મુદ્દામાલ સંઘરીએ જ શું કરવા? મારી પાસે નહિ-નહિ તો ય ચાર-પાંચ સીસા તૈયાર હશે, પણ આખું ખેતર ખોદી વળે તો ય પત્તો ન લાગે."

દેથર: "આ મંછાએ સિપાઇઓની આંખોમાં ધોળે દહાડે ધૂળ નાખી, એ ઓછી વાત છે?"

પરભાત: "એ ય એમના પેટ સારુ આટલી ખણખોદ કરે છે; એમને કંઈ સરકારની પડી નથી. જેટલા પકડાયા એટલો લાભ; પાંચ-દશમાંથી શું ગયું?"

મુખીપણાની ખરી કિંમત તો છોટાભાઇને આજે જ સમજાઈ હતી. ખુદ પોતાના ઘરમાંથી બિનકાયદેસર દારૂ નીકળે તોપણ ન ડરે, તેટલા પોતાના નામનો કોથળો મુદ્દામાલમાં પકડાયો હોવાથી ડરીને અંબાલાલની પાછળ ફરતા હતા.

મુખી પોતાની મુનસફી પ્રમાણે પંચક્યાસ કરી નિકાલ કરવા દેવા તૈયાર હોય, તો જ સાહેબ તો છોટાભાઈનું નામ અંદર સંડોવવા તૈયાર નહોતા. અર્ધા છટકવા દઈ, ખોટું કરવાનું હોય, તો બધા છટકી જાય તેમાં શું વધુ ખરાબ થવાનું હતું?

એટલે પાપ કરતાં મનુષ્ય પોતાના મનને ફોસલાવે, તેમ અંબાલાલે આંખ આડા કાન કરતાં મન મનાવ્યું : "સરકાર જ ક્યાં ન્યાયી છે? દારૂ ખરાબ હોવા છતાં સરકાર પોતાની ઊપજ માટે વેચવા દે છે, તો પછી આ લોકો પાસે સત્તા નથી, માટે જ એમનો દારૂ બિનકાયદેસર થયો કે બીજું ?"

અને દરેક પાસેથી પાપના પ્રાયશ્ચિત્ત તરીકે થોડીઘણી દક્ષિણા લઈ સાહેબે તેમને છોડી મૂક્યા. ડાયરીમાં 'બિન-કાયદેસર દારૂ ગળાતો નથી' એવો શેરો મારીને, પાર્ટી બીજે ગામ ઊપડી ગઈ.

છેવટે અંબાલાલે કાકાને કામ કર્યા પછી ટાણો તો માર્યો: "છોટાકાકા! પેલા નાથિયાને તમે શું કહ્યું હતું, તે મારી જાણ બહાર નથી, હોં! પણ હજુ તમારા જેટલું અમારામાં ઝેર નથી. તમારું નામ દારૂ જેવા ધંધામાં આવે, તે અમારું જ આવ્યું એવું અમે તો માનીએ છીએ; અને આટલે વર્ષેય આ ધંધો કરો છો, તે હું નાનો ભત્રીજો થઈ તમને મોટા કાકાને શું કહું?"

છોટાભાઈને ય આ શબ્દો સાંભળી ધરતીમાં પેસી જવાનું મન તો થયું, પણ એમ ધરતી માગ ક્યાં આપે તેવી છે?

૯ : ગૂંચાતું કોકડું

શ્રાવણ વદિ આઠમની સાંજે મંદિરની આરતી પહેલાં કાળા ગોર સાથે યુવકો નવાજૂની વાતોનો રસ લેવા બેઠા હતા. જૂનવાણીના પ્રતિનિધિ જેવા કાળા ગોર પાસે બેસી તેમની વાતો સાંભળવામાં એક જાતની મઝા આવતી. એમનાં, જૂના અને નવા જમાનાનાં કોઈ કોઈ શબ્દચિત્રો એટલાં સુરેખ જણાતાં, કે તે પુસ્તકમાં સંઘરવા જેવાં લાગે. ધર્મના અને રૂઢિના એમના વિચારો સાથે ભલે આજનો યુગ સંમત ન થાય, પણ એ નવા જમાના ઉપર જે ટકોર કરતા, એ ભલભલા સુધારકને ય વિચાર કરતો કરી મૂકે તેવી રહેતી.

એમની વહેતી વાણીનો પ્રવાહ ચર્ચા કર્યા વગર વચ્ચે-વચ્ચે ટેકાથી કે પ્રશ્નોથી વધુ વેગવંતો બનતો.

આકાશ સામે જોઈ વનમાળીએ કહ્યું : 'આજ તો વાદળે ય જણાતું નથી. ભગવાન દૂધે નહાશે કે શું ?'

આખો શ્રાવણ મહિનો વરસાદ વગર ગયો હતો અને આજે જન્માષ્ટમીને દહાડે પણ વરસાદ ન થાય, તો રાત્રે બાર વાગ્યે જન્મનાર કૃષ્ણ પાણી વગર દૂધે નહાય તેવી વૈષ્ણવ-માન્યતા હોય છે; એટલે કાળા ગોર પોતાનો જૂનો

જમાનો યાદ કરતાં બોલ્યા : 'જગતનું શું થવા બેઠું છે, તે જ સમજાતું નથી ! પહેલાંના વરસાદની શી વાત કરું ? તળાવમાં કોઈ સાલ નવાજૂની પાણી થયા વગર રહે જ નહિ. વાવેતરને ય જેમ જોઈએ તેમ વરસાદ મળી રહે. સીમમાં નીકળ્યા હોઈએ ત્યારે કર્ષણ જોઈ બે ઘડી આનંદ થાય અને હવે તો કોણ જાણે કેવાં વરસો આવે છે, તે કોઈ સાલ વરસાદની બૂમ વગરની નથી જતી. જો આવ્યો નહિ ને આવ્યો તો ઘર, ઝાડ, પહાડ–બધું ઉખેડી વેગળું કરી નાખવાનો અને જો ડૂબકી મારી ગયો, તો ઠેઠ સુધી એનો પત્તો જ નહિ. આ ત્રણ વર્ષથી તો હું જોયા કરું છું, કે ભગવાન દૂધે જ નહાય છે; અને ખેતીમાં ય શો ભલીવાર આવે છે ?'

રાવજીભાઈએ કહ્યું : 'પણ તમારા વખતમાં લોકો છેક આવા નહિ હોય !'

કાળા ગોરે એ વખતની બલિહારીનું વર્ણન કર્યું : "એ વખતની કંઈ વાત કરવી ! તેવો હેતભાવ આજ છે જ ક્યાં ? પાંચ ગાઉ સુધીમાં કોઈના સાજામાંદાની ખબર પડે, તો ઊંઘ જ ન આવે અને તેમાં ય જો કોઈ જુવાનનું મરણું થયું હોય, તો ફરતા દશ–દશ ગાઉ સુધી કાળો કેર વરતાઈ જાય ! અને આજ તો સગો બાપ મરી ગયો હોય, તોપણ દીકરાના મનમાં લાગણી જ નહિ. બીજાની શી વાત કરું ? આ અમારા રણછોડ ભટ્ટના રમણે જ, બાપ મર્યાનો

તાર કર્યો ત્યારે એણે જવાબ આપ્યો: 'બીજો માણસ મારી જગ્યાએ હાજર થયા વગર મારાથી આવી શકાશે નહિ.' બળી એ રેલ્વેની નોકરી! એવા સમાચાર સાંભળી અમારા વખતમાં તો છોકરો જાન કાઢી નાખે. ભાઈને ત્રીજે દહાડે રજા મળી, ત્યારે આવ્યા તો આવ્યા, પણ જાણે કશું બન્યું જ ન હોય તેમ, નથી માથે ઓઢ્યું કે નથી ભાગોળમાં પેસતાં બાપના નામની પોક મૂકી! નહિ તો બાપ જેવો બાપ મરી જાય ને દીકરાને રડવું ન આવે? પણ આ તો ભણ્યા એટલે પોક મૂકતાં ય 'આટીકટ'× બગડી જાય ને?"

અંબાલાલે કહ્યું: 'કાકા! આ તો નવો જમાનો છે.'

કાળા ગોરે જવાબ આપ્યો: 'એ તો તમે બધા નવા પાક્યા, એટલે નહિ આવતો હોય તો ય લાવવાના; પણ ભગવાને ય ત્યારે લોક થાય એવો થયો છે ને? નહિ તો આ શ્રાવણ આખો કોરો જાય? અમારા વખતની વાત શી કરું? એક વખત તમારી જોડે અમસ્તું ઓળખાણ થયું હોય, તોપણ એનું અધીં રાતે કામ કાઢે; અને આજ તો દીકરો બાપનો ફેરો નથી ખાતો, ત્યાં બીજાની શી વાત કરવી? મારા વેવાઈ શિવશંકરની આજ પચ્ચાસ-પંચાવન વર્ષે એવી દશા આવી છે, કે મારી આંખમાંથી પાણી નીકળી જાય છે. ભલો આદમી ઘરનો સુખી-એક

× (ઍટિકેટ)

દીકરો અને એક દીકરી–છે. ઘરનું માણસ જોયું હોય તો લાખ રૂપિયાનું. બેસતે વર્ષે મોં જોયું હોય તો આખું વરસ સુખમાં જાય. કોઈ દહાડો ખાવા–પીવાનું દુઃખ વેઠેલું નહિ. ત્રણ હજાર ખર્ચીને ત્રીજી સાલ છોકરાને પરણાવ્યો. પહોર સાલ ઘરમાંથી મરી ગઈ અને આ આજકાલનાં છોકરો ને વહુ ઘરડા બાપને એકલો મૂકી જુદાં રહ્યાં! નથી ઘરમાં નણંદ કે સાસુ, તે એમ સમજીએ, કે વહુને ત્રાસ હશે. બાપ બિચારો આટલે વરસે હાથે રોટલો બાળી ખાય છે! તમે એને નવો જમાનો કહેતા હો તો ભલે; નહિ તો અમારે મન તો એ કળજગ છે!'

ચુનીભાઈએ બચાવ કરતાં કહ્યું : "કોઈ એવો નીકળ્યો, માટે કંઈ બધા ય સરખા ગણાય?"

કાળા ગોરે એ બચાવ ન સ્વીકારતાં કહ્યું : "તમે એક દેખતા હો, તોપણ હું તો ઘેરઘેર એવું જોઉં છું. નર્યાં ભણેલાંની વાત નથી; અભણ અને ભણેલાં બધાંમાં કળજગ પેઠો છે. મોહન મોચીની વાત કોઈથી અજાણી છે? નાતરિયા નાતમાં એની મા ભરજવાનીમાં રાંડી તો ય નાતરે ના ગઈ; એનું કારણ તો તમે એની પાસેથી સાંભળ્યું હોય ત્યારે ખબર પડે. મોહન તે વખતે દોઢ વર્ષનો હતો. એની માને એકવીસ–બાવીસ વર્ષ થયાં હશે, પણ બીજે જવાની કોઈ વાત કરતું કે તરત કહેતી : 'હું તો અહીં બંટી–બાવટો મળશે તે ખાઈ દહાડો કાઢીશ, પણ છોકરાનો

મનખો નહિ બાળું. ગમે તેટલું કરો, પણ મારું બળે એટલું પારકાનું બળે ? અને મારા દેખતાં મારાં જ છોકરાં વચ્ચે આંતરો થાય, તે મારાથી કેમ વેઠાય ? મારા સવારથને લીધે એનો બિચારાંનો મનખો બળી જાય ને ! એ તો નાં રહે અહીંનો કે ત્યાંનો—ધોબીના કૂતરા જેવો એનો ઘાટ થાય; અને કરમમાં સુખ નહિ હોય, તો બીજે મળશે તેની શી ખાતરી ? વાણિયા—બ્રાહ્મણમાં મારા કરતાં નાની રાંડી હોય છે તો ય એનો દહાડો જાય છે, તો મારો નહિ જાય ?' છોકરાને દુઃખે એ નાતરે ના ગઈ, તે ના જ ગઈ. લોકોનાં પાણી–વાસીદાં કરી છોકરાને ઉછેરી મોટો કર્યો; પરણાવ્યો ય ખરો."

"અને આજ એ જ છોકરો માને ગાળો ભાંડે છે, તે તમને શું કહું ? કાનના કીડા ખરી પડે ! એના જેવું તો પૂર્વ જન્મનો વેરવી ય ન બોલે."

એ ઝઘડો રોજ સાંભળતો મગન બોલ્યો : "કાકા ! એમાં નર્યો છોકરાનો દોષ નથી; એની જીભે ય ઓછી નથી."

કાળા ગોરે એનો સ્વીકાર કરતાં કહ્યું : "એમાં એનો ય વાંક હશે, એ હું ના નથી કહેતો; પણ મા એટલે શું ? ધરતીની પ્રદક્ષિણા કરો અને માની કરો એ બરાબર; એટલે માનો ગમે તેવો દોષ હોય, તો ય દીકરાના મોંમાંથી ગમે તેવું વેણ કેમ બોલાય ? લલ્લુભાઈની વાત જુઓ. આ મોટા વકીલ સાહેબ થયા છે ને, ચતુરભાઈ ! એની મા એને સાત વાસાનો મૂકીને જ મરી ગઈ હતી, મા

ગણો તો ય અને બાપ ગણો તો ય એ લલ્લુભાઈ. એને ઉછેરતાં એમને શું વીત્યું હતું, એની તમને શી ખબર? એને માટે તો ઘેર બકરી રાખી, ખેતીનો ધંધો કાઢી નાખવો પડ્યો. અઘે–મૂતરે એ તો જાણે સમજ્યા, પણ એની માનું શરીર પહેલેથી એવું હતું, એટલે છોકરો નર્યો રોગનું ઘર. એકે ય દહાડો દવા પડે નહિ. દર ત્રીજે દહાડે ખભે બેસાડી વૈદ્યને ત્યાં અઢી ગાઉ લઈ જાય. ત્રણ–ચાર વર્ષનો થયો ત્યારે તો એ ચાલવા શીખ્યો. લોકો તો લલ્લુભાઈને મોઢે કહેતા : ' અમસ્તા શું કરવા આટલી બધી વેઠ કરો છો ! એના જન્મથી તો તમારી પનોતી બેસે તેમ રંડાયા.' તો ય લલ્લુભાઈ મન વાળતા : 'આપણાથી બને તેટલું તો કરવું. આપણી પાસે માગતું લેવા આવ્યો હશે, તો ય કોને ખબર છે?' અને એમણે જે ઓસડવેસડ કર્યાં છે, તે તો હું કહું છું, કે આખા ગામમાં કોણ કરે એવો છે? કોઈ કહે, કે ફલાણી જગ્યાએ સાધુ આવ્યા છે, તો તૈયાર! અમુક દેવી હાજરાહજુર છે, તો ય તૈયાર ! દવા દહાડામાં બેવાર બદલાતી હશે ને બાધાં નહિ–નહિ તો ય પચાસ માની હશે; પણ એનું આયુષ્યબળ પાધરું તે અદ્દભુતાનંદ સ્વામી મળી ગયા. દવા તો રાખનાં પડીકાં જ આપી હશે, પણ ત્યારથી એનું શરીર તાંબાનું થઈ ગયું. ભણવામાં ય એવો હોશિયાર નીકળ્યો, તે મારા ભાઈ લલ્લુભાઈએ ઘરમાં હશે કે નહિ, પણ દુઃખ વેઠી વકીલ કર્યો.

"અને આટલાં વરસથી એ વકીલાત કરે છે, પણ કોઈ દિવસ એણે નથી કહ્યું, કે 'ચાલો બાપા, તમે અહીં એકલા હાથે બાળી ખાઓ છો ત્યારે મારી સાથે.' ધૂળ નાખી તેડી તો ન ગયો, પણ છેવટે બિચારો ગાંડો થઈ ગયો, ત્યારે ગાંડાના દવાખાનામાં મૂકી આવ્યો. મહિને દશ-દશ રૂપિયા દવાખાને ભરે છે, ત્યારે એને ઘેર રાખતાં શી ચૂંક આવતી હતી? પણ વકીલ સા'બ થયા, એટલે ગાંડા બાપને ઘેર રાખતાં લાજ આવે ને? અને હજુ એટલું ય સારું છે ને કે દશ રૂપિયા આપી દવાખાને રાખ્યો છે; નહિ તો ઘેર ઝેર આપી દે, તો ય કોણ ના કહે એવું છે? એવા છોકરા કરતાં ના હોય તો ય બ્રહ્માને ઘેર શો વંશ જવાનો હતો?"

થોડો અનુભવ લઈ ચૂકેલા જીવાભાઈએ કહ્યું: "ગોર-કાકા, એ તો આજનું ભણતર જ એવું છે. હુતાહુતી આગળ એમનાં પોતાનાં જ છોકરાં સમાતાં નથી, ત્યાં માબાપની તે શી વાત કરવી?"

કાળા ગોરઃ "મૂઉં એમનું એ ભણતર! અમારા વખતની કંઈ વાત કરું! અમે પાંચ ભાઈ, એમાં સૌથી મોટો હું. અમારી નાતમાં તો જાણો છો ને? કન્યાની પહેલેથી જ બહુ અછત. તે વખતે ય હજાર–દોઢ હજાર વગર ઠેકાણું પડે જ નહિ; એટલે હું એકલો જ પરણેલો. ઘરમાં ડોસા–ડોસી, બે બેનો, રાંડેલાં ફોઈ અને મોટી

બેનના બે ભાણિયા. ઘરમાં માંડ ઊભા રહેવાની જગ્યા મળે એટલાં તો માણસો! અને એ બધાંનું પૂરું કંઈ એમ ને એમ થાય? ખેતી તો એવી કરતા, કે ગામમાં અમારા જેવી કોઈની બળદની જોડ ન મળે. હાથીનાં બચ્ચાં જેવી બે ભેંસો. એક–બે નાનાં–મોટાં પાડાં તો અંદર પળચે જ જાય. આટલી બધી ધમાલ એને એકલીને માથે. પહેલો મરઘો બોલે ત્યારની ઊઠી ઘંટી માંડે, ભેંસોને ગોતાં મૂકે, વાસીદું કાઢે ને ભેંસો દોહી લે, ત્યારે તો સવાર થાય. વળી નાહીને પાણિયારે વળગે; પંદર બેડાં પાણી થાય. બપોરે એક વાગ્યે તો ખાવા પામે. આવા ભર્યાભાદર્યા ઘરમાં દહાડે એક બીજાની સામે ય જોવાનું ન હોય, ત્યાં વાત તો કરવાની જ ક્યાંથી હોય? રાતે થાક્યો-પાક્યો હું ખેતરમાંથી આવ્યો હોઉં, તે એવો ઊંઘી ગયો હોઉં, તે એ ક્યારે આવીને સૂઈ ગઈ તેની ય ખબર ના પડે.

"છતાં એક વેળા એના દિયેરે ટાઢું પાણી માગ્યું હશે, ત્યારે તે હસતાં–હસતાં જરા બોલી ગઈ: 'નાવણીએ બેઠા-બેઠા હુકમ કરો છો, તે હું કંઈ તમારી વહુ નથી; લો લેવું હોય તો ઊઠીને.' પાણી તો જો કે એણે આપ્યું હતું, પણ મેં જાણ્યું એટલે એને એવી ધીબી, કે જમણો હાથ ફૂલી ગયો; ત્રણ દહાડા મીઠું અને હળદર ભર્યાં ત્યારે સોજો ઊતર્યો; અને તે દહાડાનું કહી દીધેલું, કે 'ખબરદાર, તું એમ ના જાણતી, કે મને પરણી છું એટલે મારું જ કહ્યું તું કરે

ઘરનું નાનું છોકરું કહેશે તે ય કરવું પડશે.' તે કાલનો દહાડો ને આજની ઘડી, ફરી સામું બોલશે; અને આજ તો વહુને સહેજ જોર આવ્યું, કે કહેશે: 'મારે જુદું રહેવું છે.' તો ભાઈ વળી એને ય ટપશે: 'આજ શું અબ ઘડી!' ખરું પૂછો તો માણસમાં અમી જ નથી રહી."

ચુનીભાઈએ પૂછ્યું: 'કાકા, એ તો કરશે તે ભોગવશે, પણ વરસાદ કંઈ ઓછો એથી નથી આવતો?'

કાળા ગોરે તેનો તરત પ્રત્યુત્તર આપ્યો: 'વરસાદ તો આટલો પડે છે, તે ય આપણાં કૃત્યો જોઈને તો ન પડવો જોઈએ; અને કોને ખબર, કે આ મૂગાં જાનવરોના પુણ્યે પડતો હશે તો ય? જ્યાં ધર્મ ગયો ત્યાં શું રહે? અનાદિ કાળથી મૂર્તિઓ ચાલતી આવી છે, તે કંઈ સત વગર ચાલ્યું હશે? પણ આર્યસમાજવાળા પાક્યા, તે જ્યાં હશે ત્યાં મૂર્તિઓની જ નિંદા! મૂળે કાળા અક્ષરને કૂટી મારે, તેના આગળ વેદની ને શાસ્ત્રની વાતો! છતાં એથી કંઈ બહુ ઝાઝી અસર ન થઈ, પણ આ ગાંધીવાળાએ તો ધર્મ રહ્યો-સહ્યો હતો તે ય બુડાડ્યો. પેલા તો નિંદા કરીને જ રહ્યા, પણ આમણે તો ઢેડ-ભંગિયાંને મંદિરમાં જ ઘાલવા માંડ્યાં! ગામડાંમાં તો મંદિરોમાં પેસવાનો એમનો ગજ વાગે તેમ ન હતો, એટલે જાણે નિરાંત હતી; પણ જેણે બુડાડવા ધાર્યું હોય તે મૂકે? નિશાળમાં એમને ઘાલ્યા, એટલે કાંઈ બાકી જ ના રહ્યું! પછી વરસાદે ય આપણા

જેવો ન થાય તો કરે શું?'

નરેન્દ્રે કહ્યું: 'પણ કાકા! હેડને તો ગાડી આવી ત્યારથી લોકો અડે છે, છતાં ગાંધીવાળાઓનો શું કામ દોષ કાઢો છો?'

કાળા ગોર: "ગાડી ય તમે એવા થયા એટલે આવી. હું સત્તર વરસનો હતો ત્યારે પહેલવહેલી ગાડી જોઈ. લોકો વાતો કરતા, કે બળદ ને ઘોડા વગર ગાડી ચાલે છે; પણ મનખામાં ય જોયું ન હોય એટલે શી રીતે માન્યામાં આવે? બધા કહેતા: 'એમ ને એમ કંઈ સત વગર ચાલે?' એટલે પહેલવહેલા જોવા ગયા, ત્યારે નાળિયેર અને ફૂલ એને ચડાવવા લઈ ગયા હતા; પણ અસત્યથી રાક્ષસો માયાવી રૂપ લઈ કંઈ પહેલાં નહોતા ઊડતા? એટલે તમારાં બલૂનો, મોટરો, ગાડીઓ—એ બધાં સતયુગ અને ત્રેતાયુગના રાક્ષસોની માયા જેવાં છે અને એ આવ્યાં ત્યારથી જ ધર્મને ક્ષય લાગ્યો. છેવટે પૃથ્વી ઉપર બહુ અનીતિ વધી જાય, ત્યારે ભગવાન એનો નાશ કરે છે. એ પાપે જ આ યુદ્ધ આવ્યું છે. જેમનો–તેમનો પૃથ્વીનો આવરફૂટો ના થવાનો હોય, તો આવી લડાઈ થાય! પહેલાંનાં ધર્મયુદ્ધ ક્યાં ને ક્યાં રાતે ઊંઘતા લોકો ઉપર બોમગોળા ફેંકતાં આ બલૂનો! હથિયાર વગરના દુશ્મનને તો ન જ હણાય, તેને બદલે અત્યારે તો બિચારી પ્રજાને નહિ લેવું–ખાવું, તેને ય મારી નાખે છે! છેવટે યાદવો

અંદર—અંદર કપાઈ મૂઆ તેમ થવા બેઠું છે!"

શંભુભાઈએ કહ્યું: 'નર્યા ઢેડની વાત શીદ કરો છો? લોકોની તે વખતની ધર્મઆસ્થા ક્યાં અને અત્યારની ક્યાં? અત્યારે તો ભલા હોય તો દેવનું ચાટી ન ખાય તો જ ભાગ્ય!'

કાળા ગોર: 'એ બધી વાતો કરવા બેસું તો ક્યાં પાર આવે? તે વારે લોકોને બ્રાહ્મણો ઉપર આસ્થા ય સારી; મહિનામાં બે–પાંચ વાર યજમાનોમાં જમવાનું હોય, હોય ને હોય જ. અગિયારશનાં પારણાં, પૂનમની કથા, અમાસનો વતીપાત—એવા એવા વારતહેવારે સીધાં આવે તે જુદાં! બળેવ ઉપર રાખડીઓ બાંધવા નીકળીએ, તો અમારા જેવાં બે-ત્રણ સારાં ઘરને આઠ—દશ મણ ડાંગર તે દહાડે થઈ જાય. શ્રાવણ અને પરસોતમ મહિનામાં તો સીધાં લેતાં થાકીએ. કોઈને ગ્રહ નડતો હોય, તો કોઈને શનિ જતો હોય અને વળી કોઈ પનોતી સારુ જપ કરાવે, તેના ય મહિનામાં દશ—પંદર રૂપિયા થઈ રહ્યા; અને આજ તો સગા બાપને ય બારમું કર્યા વગર તાણી નાખે છે, ત્યાં અમારા સુધી તે શાનું આવવાનું હોય?'

નરેન્દ્ર: "બારમાં પાછળ નર્યા ખર્ચનો એકલો જ પ્રશ્ન નથી, પણ મરણ પાછળ જમવું એ જ નીચ લાગે છે."

કાળા ગોરે કપાળ ઉપર હાથ મૂકીને કહ્યું: "તમે કહો તે ખરું! ભીમ ઝેરના લાડુ ખાઈને પાતાળમાં ગયો,

ત્યારે ધર્મરાજા એને મરી ગયેલો જાણી બારમું કરવા નહોતા તૈયાર થયા ? એ તે કંઈ આજકાલનું ચાલતું આવે છે ? પણ ખરી વાત તો એ છે, કે હવે લોકોને પોતાને ટાપટીપમાં ફરવું છે, એટલે એમાંથી વધે ત્યારે ખરચ કરે ને ? ભાઈઓનાં છોકરાંને ખવરાવવા કરતાં કને હોય તો ચા–પાણી, નાટક–સિનેમા, કપડાં–લત્તાં, જીભના સટાકા, વગેરે લહેર ન મારે ! અમારા વખતમાં તો ઘરમાં એક અંગરખું અને પાઘડી હોય, તે જેને પરગામ જવું હોય તે પહેરી જાય; અને ઘેર પહેરવા તો ગલા ઢેડના ગજિયાના કબજા. મહીજી મોચીને ત્યાંથી સવા રૂપિયો આપી ચાંચ-વાળા જોડા આણ્યા હોય, તે બે વરસનો વાયદો ! બૈરાંને લીલી કે લાલ ગજિયાણીનું મગજી મૂકેલું કાપડું અને છાપેલી છીંટનો સાલ્લો આણી આપ્યો, એટલે બધું આવી ગયું. જણસોમાં પગે સાંકળાં, કાને વેઢા અને લોળિયું, નાકે કાંટો, ગળે તુશી કે દોરો અને હાથે કડું અને બહુ કરે તો સોનાની ચીપોવાળાં અડધિયાં ! અને આજ તો બૈરાં કરતાં આદમીને વધારે ટાપટીપ કરવા જોઈએ. કોકની શું કરવા વાત કરું ? અમારા મોહનનો શાંતિ, સવારમાં માથું ઓળવા બેસશે, તે અર્ધો કલાક કાઢી નાખવાનો ! એના કરતાં એટલી ઘડી ભગવાનનું નામ લીધું હોય, તો કાયાનું કલ્યાણ થાય ! પાંચ–છ ખમીસ અને બે–ત્રણ કોટ હોય, તોય દરરોજ કપડાંની એની બૂમ ! અને

રોજ દેવતા ચાંપે એટલે કપડાંય શું પહોંચે? ત્રણ–સાડા ત્રણના બૂટ આણ્યા હોય, તે આવતી દિવાળી તો દેખવાના જ નહિ; અને હજામતની વાત તો ભૂલી જ ગયો. દેવજી રાત પચીસ શેર દાણામાં આખું વરસ ચોરો કાઢી, દાઢી મૂડે અને છોકરાંને મફત મૂડે; એની જગ્યાએ આજ દરરોજ હાથે મૂડે અને વાળ વધે ત્યારે વાળંદને તો ખોળવાનો જ! ભાંડ–ભવૈયા જેટલી જ પુરુષો વરણાગી કરે, ત્યાં બૈરાંનું તો કહેવાનું જ શું? આજ તો જાતજાતના પહેરવેશ થયા. કાપડાને બદલે ઠેઠ કેડ સુધી પહોંચે તેવા કબજા થયા, પણ છાતી અને હાથ તો સમૂળગાં ઉઘાડાં જ! ગાનારીઓ વાંકી પાંથી પાડતી, એને બદલે આજ તો નાની છોડી હોય ત્યારથી કાન ઢાંકતાં શીખે છે. કપડાં મોંઘાં તો મોંઘાં, પણ લાજ ઢંકાય એટલાં જાડાંય ક્યાં આવે છે? જણસોય આજે તો ચાળીશ અને પચાસ તોલાની વાતો! અત્યારે બધાંને ખાધે–પીધે દિવાળી કરવી છે, એટલે એમનું પોતાનું જ પૂરું થતું નથી, ત્યાં બીજાને શું જમાડે? હજુ બારમાં જ બંધ કર્યાં છે, પછી નહિ પહોંચાય, ત્યારે લગ્નેય કરવાનાં કાઢી નાખશે."

ચુનીભાઈ: "પણ ન પહોંચાય અને દેવું કરી ખર્ચ કરવું, તેના કરતાં એવું ખોટું ખર્ચ ન કરવું તે શું ખોટું?"

કાળા ગોરે જવાબ આપ્યો: "મળ્યા ના મળ્યાનો સવાલ જ નથી, પણ પહેલાં એક બીજા પ્રત્યે જે હેતભાવ

હતો તે જ જતો રહ્યો છે; નહિ તો ના મળ્યાની વાત કરતા હો, તો મેં કહ્યાં તે બધાં ખર્ચો ક્યાંથી કરે છે? અને તમે ભણેલાઓએ કયાં ખર્ચો ઓછાં કર્યાં ? અમારા વખતમાં કોઈ ચાને ઓળખતું ય નહોતું. વળી લોકો ઓળખતા થયા તો ય સાજેમાંદે કે સગુંસાગવું આવ્યું હોય ત્યારે જ દેખતા; અને આજ તમારે દહાડામાં ત્રણ-ચાર વાર તો ઓછામાં ઓછી જોઈએ. એના વગર તો તમે જુવાનિયા ફરિયાદ કરો છો: 'ઝાડો ઊતરતો નથી, માથું ચઢે છે, ઊંઘ ઊડતી નથી, કામમાં ચેન પડતું નથી.' તમે ઘૈડિયાંની ભૂલો કાઢો છો, કે એ ખોટા ખર્ચા બહુ કરતા; પણ તમારા ચાનો એકલાનો જ ખર્ચ ગણો તો ય અમારાં બધાં ખર્ચ કરતાં વધી જાય. ભવૈયા અને રામલીલા ગામમાં ખરાબ સંસ્કાર પાડી પૈસા લઈ જાય છે, એમ જે હોય તે ભાષણમાં કહે છે; પણ ભવૈયા તો વરસમાં વધારેમાં વધારે એકવાર રમતા હશે અને એમને આપી દેવાનું ય શું? ઘરદીઠ પાવલું કે અધોં બાંધી આપ્યો હોય, એ કે બીજું? અને રામલીલા તો પાંચ-દશ વર્ષે આવતી હોય તો ભાગ્ય! અને પંદર-વીસ દિવસ રમે ત્યારે વધારેમાં વધારે ઘરદીઠ રૂપિયો હોય અને તમારાં નાટક-સિનેમા પાછળ ઓછો ખર્ચ થાય છે? સિનેમાવાળા મોટાં નટ-નટીઓને દીવાન કરતાં ય વધારે—બબ્બે હજાર—પગાર આપે છે, તે ક્યાંથી આપતા હશે? આજનાં છોકરાં ન બગડતાં

હોય તો ય નાટક–સિનેમા જોઈ વહેલાં બગડે છે. ભાંડ–ભવૈયા મોઢે ખરાબ બોલે છે, ત્યારે આ તો એવા ચાળા કરે છે, એટલો જ એમાં ફેર છે.”

નરેન્દ્રે કંઈક વિચાર કરી કહ્યું: “તમારી એ વાત તો કંઈ ખોટી નથી.”

કાળા ગોર: “એ તો તમે જુવાનિયા ન માનો એટલે ખોટું; નહિ તો હું જે કહું તેમાં રજ ફેર નથી. તમે કહેશો, કે ‘જાતે ભોગવ્યું એટલું ખરું, લોકોને ખવરાવ્યે ઘડી વાહવાહ થાય એ જ કે બીજું? એના કરતાં આપણે આખી જિંદગી ખાઈને એશઆરામ કેમ ના કરીએ?’ પણ એ તો ભોગ એટલા રોગ! જેમ જેમ મોજશોખ વધ્યા તેમ તેમ રોગ વધ્યા; નહિ તો જુવાનજોધ જેવા છોકરાને ક્ષય શો? ખાંડ ખાઈખાઈને લોકોને મીઠો પેશાબ થવા માંડ્યો; અને રોગે ય એવા ભાતભાતના થયા, કે વિલાયતમાં પાસ થયેલા મોટા દાક્તરથી ય વરતાતા નથી; અને જે ના વરતાયું તે ‘હૃદય બંધ પડી ગયું’ એટલે એ રોગનું નહિ નામ કે નિશાન! આજના જેવાં શાક, અથાણાં, ચટણી, ભજિયાં, વગેરેના ચટાકા નહોતા ત્યારે કેટલી શક્તિ હતી, તે જાણો છો? આ મગન મહારાજને છોકરે એક હાથે અઢી મણ વજન ઊંચું કર્યું, તેમાં મોટી ધાડ મારી હોય તેમ ચાંદ આપ્યો! એના કરતાં બાવટાના રોટલા ને છાશ ખાધેલો દાતાર કોળી નહિ સારો? રાતે કોઈના ખેતરમાં ચોરી કરવા ગયો હતો, તે ખળાંમાંથી

મઢિયાનું કાહું જાતે બાંધી વાળી લાવ્યો. ઘેર લાવી તેમાંથી મઢિયા ઝૂડ્યા તો આઠ મણ થયા! અને બૈરાંનાં શરીરે ય જુઓ ને? ઘરમાં બીજું માણસ તો પોષાય નહિ, એટલે કામે ય શું? બે તપેલીઓ ચૂલેથી ઉતારી બેસી રહેવાનું, એટલે શરીર તકલાદી થઈ ગયાં પહેલાં પેટમાં છોકરું હોય તો ય બેડું લઈને બૈરું ચાલે તો ધરતી ધમધમી જતી. એને બદલે આજે એનાથી હાલું ય ચલાતું નથી; અને બાળક જણનારીમાં કેટલું જોર જોઈએ? પણ આજ તો એક કે બીજી સુવાવડે બાઈ ખાટલામાં ગઈ જ સમજવી. ત્યારે અત્યારના લોકો બૂમો પાડે છે, કે સુવાવડની સગવડ વગર બૈરાં કમોતે મરે છે; અને આ તો એકે કહ્યું, બેએ કહ્યું, એટલે જે હોય તે લઈ બેહું; પણ કોઈ ઊંડું ઊતરીને વિચાર કરે છે? પહેલાં ક્યાં દવાખાનાં હતાં? છતાં લોકો કેમ નહોતા બૂમ પાડતા? પણ કોઈ એમ નથી કહેતું, કે ભોગ વધ્યા અને મહેનત રહી નહિ, તેથી રોગ વધ્યા છે; એટલે આજના લોકો ખાતાં-પીતાં વધે તે દાક્તરના ઘરમાં ભરે, એ જ કે બીજું?"

ચુનીભાઈ હસતાં-હસતાં બોલ્યો: "કાકા! તમે જો શહેરમાં એક ભાષણ આપો, તો શહેરના લોકોની આંખ ઊઘડી જાય, કે 'ના ના, ગામડાંમાં પણ લોક પડ્યા છે.'"

કાળા ગોરે જવાબ આપ્યો: "આ તો ડાહી સાસરે ન જાય અને ગાંડીને શિખામણ આપે તેવી વાત છે. ગાંધી મહાત્માએ કહ્યું, કે 'ભણેલાંએ અભણની સેવા કરવી

જોઈએ, ખોટા રિવાજો દૂર કરવા સમજાવવા જોઈએ;' એટલે જેટલા ભણ્યા એટલા વળગ્યા ભાષણ કરવા. જે હોય તે કહેવા લાગ્યો: 'ગામડાંમાં ગંદકી છે, આળસ છે, ખોટાં ખર્ચ છે, ખોટાં વ્યસનો છે.' પણ આ તો ફૂંકું કથરોટને નડે, એમાંનુ થયું. તમાકુનું ખર્ચ એમણે વધાર્યું કે ઘટાડ્યું? ગામડાંની ઘરની તમાકુ મૂકી વિલાયતની પૈસાની અને બે પૈસાની એક બીડી પીવા માંડી! દારૂ હલકી વરણ વગર કોઈ નહોતું પીતું. તેને બદલે દવા તો એના વગર બને જ નહિ! અને ભણેલાઓએ ધર્મ-બર્મને નેવે મૂક્યો, એટલે વિલાયતી બાટલા પીવા માંડ્યા;' અને છતાં કહેશે: 'અમે સુધરેલા!' આ તો સાસુનામાં સો લક્ષણ હોય તો ય વહુના એક દોષને ગા–ગા કરે, તેવી વાત છે. તમે આજના કંઈ ભણ્યા એટલે ચીપી–ચીપીને બોલતાં શીખ્યા; લખતાં શીખ્યા એટલે પારકાનો રજ દોષ હોય તેને મોટો મેરુ કરી બતાવી, ઘૈડિયાંના રિવાજોનો દોષ કાઢો છો."

અને કાળા ગોરની વહેતી વાણીનો પ્રવાહ, એમનો પૌત્ર જમવાનો વખત થયાથી બોલાવવા આવ્યો એટલે અટક્યો. સૌ વેરાયા.

કાળા ગોરનું જૂના જમાનાનું નવા જમાના ઉપરનું તહોમતનામું મનમાં વિચાર કરતાં–કરતાં નરેન્દ્રને લાગ્યું: 'સમાજજીવનનું કોકડું આગળ ઉકેલવા જતાં પાછળ બમણા વેગથી તો નહિ ગૂંચાતું હોય?'

૧૦ : સીધાં પગલાં

જોટાભાઈની માંદગીમાં એમને જોવા આવેલા પુરુષો એમની પથારી આગળ બેઠા–બેઠા એમનાં શુભ કાર્યો સંભારતા હતા.

ગેમલે કહ્યું: 'કેમ, જેશંગ મોટા ! મુખીનાં કામ સંભારવા બેસીએ તો પાર આવે?'

જેશંગભાઈએ ટેકો આપ્યો: 'લોકો છો ને ગમે તેમ બોલે, પણ એમણે જે કામ કર્યાં છે તે બીજાથી તો થઈ રહ્યાં!'

મનોરભાઈએ પોતાનો સૂર પુરાવ્યો: "એમના તો રૂડા પરતાપ, નહિ તો મૂળજી વસોયાની વહુ બધું પોતાના જમાઈને લખી આપતી હતી, તે એમના વગર કોણ દશ વીઘાંને બદલે એક ચાસે ય ધર્માદા લે એવું હતું? એનો જમાઈ, મારો બેટો શહેરનો રહેવાવાળો, બીજાને ગાંઠે એવો ક્યાં હતો? પણ એ તો એમણે કહ્યું, કે 'જો ગામની ઉપરવટ થઈ કશું કરશો, તો મારા જેવો ભૂંડો કોઈ નથી. જમીન નામે ચઢાવશો, પણ અહીંથી ઉપાડી તો જવાવાની

નથી ને? જોઉં છું, કોણ ખેડે છે તે! તમે એમ જાણતા હશો, કે બહારના ખેડુ લાવીશું; પણ એકવાર આવે ત્યારે એમને ખબર પડશે, કે તૈયાર થયેલો માલ કેમ લેવાય છે? ધારું તો પહેરેલાં કપડાં ય રહેવા ન દઉં; માટે જે કરો તે પૂરેપૂરો વિચાર કરીને કરજો.' અને ત્યારે બઈ ને ભઈ ઊંચાં રહ્યાં હતાં તે નરમ પડ્યાં અને છેવટે દશ વીઘાં જમીન ધર્માદા લખી આપી, તે છોટાભાઈના પરતાપ."

જેશંગભાઈએ વાતની બીજી બાજુ કહી: "અને લોકો તો આપણા ગામના જાણો છો ને? કોક સારું કરતું હોય તો ય આડફાંસો નાખ્યા વગર ના રહે. બાઈને ઊલટા અવળી શિખામણ આપતા હતા: 'મિલકત કંઈ પાછળ છોડી ખાનાર નથી, તે ધર્માદા આપે? એ મોટા ધર્માદા મુકાવવા નીકળ્યા છે ત્યારે! એમણે બે–ત્રણ ઉછેદિયાં પૂછડાં તળે દબાવ્યાં, એ કેમ ધર્માદા ના કર્યાં? અને ધર્માદાનું નામ ને એમનું કામ!"

વીરાભાઈ: "કામ કરનારને લોકો સો જાતનાં આંગળાં કરવાના. આટલી ભૂંડાશ કરી જમીન લખી લીધી; છતાં કહેનારાઓએ તો કહ્યું: 'પોતાને નામે લખી લીધું, ત્યારે વહીવટકર્તા તરીકે લખ્યું હોત તો સાચી દાનત જણાત. આ તો બધા જાણે છે ત્યાં સુધી ધર્માદા પળે, પણ પાછળથી છોકરા બાપની મિલકત તરીકે બથાવી પડે, તો લોકો પાસે શો આધાર?"

જેશંગભાઈ: 'આ તો લોકોની ટેવ જ એવી-ખાય નહિ ને ઢોળી દે. ધારો કે એ ખાઈ જશે, તો ય પરગામી લઈ જાત એના કરતાં શું ખોટું?'

ગેમલે બીજું કાર્ય બતાવ્યું: 'શનાભાઈની વહુ, એ ન હોત, તો ગઈ હતી જ. મારા હાળા એ કાઠિયાવાડીઓને પહોંચાય! પરણાવેલીને કુંવારી કહી શનાભાઈ પાસેથી પાંચસો લીધા અને ત્રીજે જ મહિને મારાં બેટાંએ ટંટો કર્યો.'

મનોરભાઈ: "એ તો બધા ય એકના એક; નહિ તો એનો ધણી ક્યાંથી જાણે, કે 'અહીં દીધી છે?' પરણાવનારા ય એ અને વૉરંટ કઢાવનારા ય એ!"

જેશંગભાઈ: "એમણે તો અધીં રાતે જ જપ્તી કરવા ધારી હતી, પણ મુખી વગર શું બને? પણ છોટાભાઈએ તો વાત અદ્ધર જ ઉડાવી દીધી: 'શનાભાઈને વળી બૈરું જ ક્યારે છે?' પણ ફોજદાર એમ માને?"

ગેમલ: 'એ તો રાત-દહાડાના ખઈબદેલા, એટલે ફોજદારનો બાપ આવે તો ય એમાંનું શું વળે?'

મનોરભાઈ: 'તે વખતનો સંપે ય જુદો! શનાભાઈનું ઘર પડતું મૂકી જોડેના ભીખાભાઈના ઘરમાં જપ્તી કરાવી. ભીખાભાઈને ય કંઈ કહેવું પડે? એ જ શનાભાઈ બની ગયો.'

ગેમલ: 'કાઠિયાવાડી હાથ ઘસતો ગયો અને શના-

ભાઈ બચી ગયા. તે રૂડો પરતાપ મુખીનો, નહિ તો આ જ પાંચસોના પાણી પછી હાથે રોટલા ટીપતા હોત!'

ખાટલામાં પડ્યાપડ્યા ઉધરસ ખાતાં છોટાભાઈને એ વાતનો બીજો પ્રસંગ મગજમાં તાજો થયો: 'શનાભાઈ! રાતે તો ફોજદારને જેમતેમ સમજાવી પાછો કાઢ્યો, પણ એની દક્ષિણા નહિ ચૂકવીએ તો એ ને એ મોકાણ ઊભી રહેશે.'

શનાભાઈ: 'કેટલા આપવા પડશે?'

'આ તો કામ એવું છે એટલે જેટલા આપીએ તેટલા ઓછા. એક તો બાયડીની બાયડી જાય, રૂપિયા જાય અને ઉપરથી ગધેડે બેસો તે નફામાં! ફોજદાર સાથે આપણે ઘર જેવું છે, એટલે કહી દઈશ કે આમાં બહુ આશા રાખવા જેવું નથી; માટે પચાસેક લાવી આપજો.'

'પચાસ!' શનાભાઈ ભડક્યા.

"ભડકતા હો તો રહેવા દો. આ તો તમારે ને મારે રાત-દહાડાનો ઊઠ-બેસનો સંબંધ એટલે; નહિ તો બીજો હોય તો સોની ઢગલી કરે તો ય કોણ માથું મારે? પણ પાછળથી કંઈ થાય ત્યારે તમે તો મને જ કહેતા આવો: 'મુખી, એવું હતું ત્યારે કહેવું હતું ને. મૂઆ, આપત પાંચ-પચાસ.'"

"અને પચાસ રૂપિયા લઈ ખિસ્સામાં મૂક્યા પછી

ફોજદારે એ વાત કરી ત્યારે એમણે કહ્યું : 'સાહેબ, આ તો મારે ઘર જેવું છે. બિચારો હમણાં બૈરી પાછળ ખર્ચમાં ઊતરી ગયો છે. લાગ આવશે ત્યારે પાછો હું જ ખવરાવવાનો છું ને? તે વખતે જરા દાબીને લેજો.'"

એ બધું યાદ આવતાં છોટાભાઈને ગળે ગળફો ભરાયો અને શ્વાસ જોરથી ખેંચાવા મંડ્યો. રાત વધુ ગયાથી બધા ઊઠ્યા.

આજે વીસ દિવસથી છોટાભાઈનું શરીર એકાએક ઝલાઈ ગયું હતું. કેડમાંથી ફાટચૂસ શરૂ થઈ હતી. એમાંથી ઝીણો તાવ શરૂ થયો. કફ પડવા લાગ્યો, તેનાથી તો હદ જ થઈ. પગની ઘૂંટી સુધી સોજા ચઢ્યા હતા. મોંનો ચહેરો તદ્દન બદલાઈ ગયો હતો. ડૉક્ટર તો કહેતા, કે મટી જશે, પણ જોનારને એની ખાતરી થતી ન હતી.

પરંતુ જીવન–મરણના પ્રશ્નને વેગળો મૂકી છોટાભાઈનો આત્મા અત્યારે જમા–ઉધારનો મેળ તપાસવામાં પડ્યો હતો. એકલા પડતા ત્યારે આખો ભૂતકાળ સ્મરણપટ ઉપર ચલચિત્રોની માફક તાદૃશ ખડો થતો; અને એ ચિત્રો વાસ્તવિક જગતમાં બન્યાં ત્યારે જે નહોતું અનુભવ્યું, તે એના સ્મરણથી આજ સ્પષ્ટ જણાતું હતું.

સર્વ વેરાયા એટલે સિનેમા–ઘરમાં ફીલ્મ શરૂ થતા પહેલાં બત્તીઓ બંધ થાય તેમ છોટાભાઈના મગજમાં

અંધારું પ્રવેશી ચૂક્યું; અને એમનાં પત્નીએ નજીક પથારી કરી સૂતાં કહ્યું: "જરૂર પડે તો બોલાવજો, હું અહીં જ સૂતી છું."

પણ એનો જવાબ આપે તે પહેલાં એમનાં કૃત્યો એમની ચારે બાજુ ભૂતાવળની માફક ફરી વળ્યાં હતાં:

× × × ×

રૂપાળી કહેતી: "ગરજ હતી ત્યાં સુધી તો મીઠું-મીઠું બોલી ભોળવી અને ગરજ મટ્યે વૈદ્ય વેરીની માફક શરીરમાંથી જુવાની જતી રહી, એટલે ઊતર્યાં ધાનની માફક ફેંકી દીધી. એ તો જાણે બધાંની દશા થાય છે તે મારી થઈ; પણ હતું ત્યાં સુધી લઈ જઈ ઘર ભર્યું અને બસોની જણસો મૂકવા આપી હતી તે હાથ ન મૂકવા દીધો; છતાં હું બાઈ માણસ સારી નહિ? નહિ તો ગામ વચ્ચે તમારો ભવાડો કરત, તો તમારી શી આબરૂ રહેત? પણ જે મોંનું એઠું ખાધું, તેને ખરાબ દેખાડતાં હું પાછી પડી; અને તમે મારું, પૂછડા તળે દાબ્યું હોવા છતાં હું પગ ઘસીને મરી ગઈ, પણ સામું જોવા ય આવ્યા?"

× × × ×

ગેમો એક રાત્રે આવી કહેવા મંડ્યો: "મુખી! કહેતા હો તો આજ ખરો લાગ છે. દીપચંદ શેઠ ઘેર નથી. બહુ લોકોનું લૂંટી-લૂંટી ભેગું કર્યું છે. બે હજારનું ઓછું

થશે તો ય એને શું દાખવવાનું છે?"

છોટાભાઈ: "આજ નહિ. શેઠ હજુ પરમ દિવસે આવવાના છે. મને કાલે બહારગામ જવા દે, એટલે મારે ભાંજગડમાં પડવું ન પડે."

ગેમો: "ત્યારે એ બધું સોંપીએ કોને?"

છોટાભાઈ: "એમ કરજો ને. બધું જંપી જાય ત્યાં સુધી વણઝરવાળી કૂઈની કૂંડી નીચે દાટજો."

અને બીજે જ દિવસે દીપચંદ શેઠને ઘેર ચોરી થઈ. રોકડ રકમ તો બહુ ન ગઈ, પણ બેએક હજારની જણસો તથા સોએક રૂપિયા રોકડા ચોર લઈ ગયા.

અને દીપચંદ શેઠ ઘેર આવ્યા ત્યારે છોટાભાઈએ કહ્યું: "એ તો હું ઘેર ન હતો, એ લાગ એમણે સાધ્યો; પણ તમે શું કામ ગભરાઓ છો? પાતાળમાં છોને જતા; ના પકડી લાવું તો ફટ કહેજો!"

શેઠે ખાતર પાછળ સો–બસોનું દિવેલ કર્યું, પણ એમાં શું વળે?

× × × ×

આખો પ્રદેશ બહારવટિયાઓનો શબ્દ પડ્યે ફાટી જતો હતો. કોઈ કહેતું: "બહારવટિયા વસવાયાંના ઘરમાં નથી પેસતા, માટે જરજોખમ હોય તે ત્યાં મૂક્યું હોય તો સારું?"

તો બીજો વળી બોલતોઃ "એના કરતાં છોટાભાઈ મુખીને ત્યાં મૂક્યું હોય તો ભો જ નહિ. ત્રણ વરતણિયા કાયમ ઘેર સૂઈ રહે છે, બે નાળવાળી બંદૂક છે."

અને એ સલાહ સાચી માની જે હોય તે જણશભાવ છોટાભાઈને ત્યાં મૂકવા આવતું; પણ એ દરેકને કહેતાઃ "ના, ભાઈ ના; પારકું નાણું છેડો ફાડે. કાલ ઊઠીને મારે ઘેર શું છે કે શું નહિ; ધાડ પડે તો હું બધાંને શો જવાબ દઉં?"

મૂકનાર એમને જોઈતો જ જવાબ આપતાઃ "કરમ-માંથી ઊતર્યું હશે તો કોણ મિથ્યા કરનાર છે? તમારે ત્યાંથી જાય તો પછી અમારે ત્યાં તો રહે જ ક્યાંથી? માટે એવું હોય તો અમે નથી સમજતા કે તમને વળગીએ?"

છોટાભાઈ: "તો તો મૂકી જાઓ; જે મારું થશે તે તમારું થશે." છતાં છોટાભાઈએ બસો–પાંચસોથી મોટી રકમ નહિ સંઘરેલી, તો ય લગભગ લોકોની દશેક હજારની મિલકત અનામત પડી હતી.

અને એક સવારે મુખીના ઘરમાં ચોરી થયાની વાત સાંભળી આખું ગામ ખળભળી ઊઠ્યું. જેની જેની રકમો હતી તેમણે પોક મૂકી; પણ બધી રકમો એક જગ્યાએ નહિ રાખેલી એટલે થોડીઘણી જે ચોરોના હાથમાં ન આવી, તે એમણે હતી તેમને આપી દીધી.

પણ લોકોએ તો મન ફાવે તેમ વાતો કરવા માંડી : 'ત્રણ વરતણિયા બહાર સૂઈ રહ્યા હતા. ઘરમાં બધાં સૂતેલાં હતાં ને કોઈને ખબર જ ન પડે ? દાનત જ હરામ ! નહિ તો બીજું શું ?'

છોટાભાઈએ એ દશ્ય ખડું થતાં પાસું ફેરવ્યું.

× × ×

મગન લુહારનો જમાઈ શહેરમાં ભેગો થયો. તે કહે : 'મુખી ! ભાઈસા'બ, તમારા લવારને જરા બે વાનાં કહી એટલું કામ ન કરી આપો ?'

છોટાભાઈ જાણતા હતા છતાં પૂછ્યું : 'શું ?'

'એણે છોડી બે વરસથી ઘાલી મૂકી છે, મોકલતો નથી. હું ય પાંચસો–સાતસો ખર્ચીને પરણ્યો હોઈશ, તે એમ એને ઘેર રહેવા દેવા ?'

છોટાભાઈ એને ભડકાવતાં બોલ્યા : 'મગન લવારનું ભલું પૂછવું; લાગ આવે તો બીજે નાતરે દઈ દે.'

નવો જ ધડાકો સાંભળતાં એ બોલ્યો : 'પણ હું એનો ધણી બાર વરસનો બેઠો છું ને એના ભાર છે, કે બીજે જવા દે !'

છોટાભાઈ : "દઈ દે તો નાત એનું શું કાઢી લેવાની હતી ? એને બીજાં ક્યાં છોકરાં છે તે નાતથી ડરે ? ભલો

હોય તો નાતને કહે: 'જાઓ, હું જ તમને બધાંને નાત-બહાર મૂકું છું.'"

પોતે નહિ ધારેલો એટલો બધો ગંભીર કેસ જણાતાં મગનનો જમાઈ ગભરાયો. એણે કહ્યું: 'પણ મને ખર્ચ પાંચસો-સાતસો થયું છે, તેનું શું?'

છોટાભાઈએ બેદરકારીથી જવાબ આપ્યો: 'ઢોલે વાગતું જાય, બીજું શું?'

એણે કહ્યું: 'પણ તમારા જેવા બે જણ દાબીને કહે, તો એને માન્યા વગર છૂટકો થાય?'

'પણ અમારે એવું મફતનું વગર સ્વાર્થે પારકી નાતની ભાંજગડમાં પડવાની શી જરૂર?'

કામની ખૂંચ સમજી જતાં એ બોલ્યો: 'તે હું ઓછો વળકવળ સમજું એવો નથી?'

છોટાભાઈ: 'ત્યારે આવજો ને તમ-તમારે મારે ત્યાં; નાળનાં ગાડાં કંઈ નાળમાં જ રહેવાનાં છે?'

અને ફરી મગનનો જમાઈ ત્યાં આવ્યો, ત્યારે એ ગામમાં પેસતાં છોટાભાઈના ખિસ્સામાં પંદરની નોટો મૂકી દીધી; એટલે મગનને ચોરામાં બોલાવી જરા ધમકાવતાં છોટાભાઈએ કહ્યું: 'કેમ અલ્યા, છોડીને મોકલતો નથી?'

મગન: 'હું ક્યારે ના કહું છું, કાકા? લગ્નવખતે

પરહેલી જણસો બાકી છે, તે કરાવીને તેડી જાય.'

છોટાભાઈ: 'જણસો તો એને પહેરાવવી હશે તો કરાવશે. તારે તો મહીંથી લેવાની નથી ને?'

મગન: 'એમ તો એ કોઈ દહાડો ન કરાવે.'

છોટાભાઈ: 'નહિ કરાવે તો એનું ખોટું દેખાશે, એમાં તારા બાપનું શું જવાનું છે? બે વરસથી છોડી મોકલતો નથી, તે તારું તો તારું, પણ જોડે ગામનું ય કેટલું ખોટું દેખાય? માળાં વસવાયાંની જાત! જવાનજોધ છોડીને ઘરમાં ઘાલી મૂકતાં ય શરમ આવે છે? મોકલી દે આજ ને આજ!'

અને તે જ દહાડે મગને છોડીને વળાવી દીધી.

× × ×

વીરચંદનું પ્રેત આંખ આગળ આવીને કહેતું હોય તેમ દેખાતું: "મુખી! આખા ગામને નહિ ભાવતો હોઉં, પણ મેં તમારું તો નહોતું કશું બગાડ્યું ને? અને તમે આંખ આડા કાન ન કર્યા હોત તો કોની મગદૂર હતી, કે મને પાછળથી ય ઘા કરે? ભલે તમે ખૂન નથી કર્યું, પણ જે લોકોએ કર્યું, તેમને તો તમારી ઓથ હતી ત્યારે કર્યું ને? અને આખું ગામ જાણતું હતું; છતાં સાક્ષી કોઈ ઊભો થવા તૈયાર થાય તો તમે શું કામ ના કહી આવતા હતા? હું તો પચાસ થયાં હતાં એટલે ખાઈ–પી ઊતર્યો હતો અને

જાનથી ગયો, તો ય બહુ પસ્તાવાનું નથી; પણ તમે એમ માનો છો, કે આ પાપ તમારે નહિ ભોગવવું પડે?'

× × ×

આમ ઘડીક આંખ મીંચે કે સિનેમાનાં ચિત્રોની માફક કોણ જાણે ક્યાંથી સાવ વિસ્મૃત થઈ ગયેલા બનાવો આવીને ખડા થાય.

ખેતરમાં બળતી ઘાસની ગંજી હજુ આંખ આગળ ચાલતી હોય ત્યાં સુધીમાં તો સત્તર પાંચ પંચાણું કરી લેણું કાઢ્યું હોય તે બોલી ઊઠતો: 'લીધા હતા થોડા ને ત્યાં સુધીમાં આટલા બધા થઈ ગયા?'

અને આ બધી ભૂતાવળથી અળગા થવા એ આંખ ઉઘાડી, ખૂ-ખૂ કરતા બૂમ પાડતા: 'સાંભળે છે કે? મારા જીવને જરા ગભરામણ થાય છે, તે ઊઠ જોઈએ.'

માંડમાંડ આંખ મિચાઈ હોય ત્યાં છોટાભાઈનો બોલ સાંભળી રતન પડખું ફેરવી પૂછતી: "છાતીએ શેક કરવો છે?"

છોટાભાઈ ઓ-ઓ કરતા ગળામાં ભરાયેલા ગળફાને કાઢતાં કહેતા: "છાતી તો બધી વગર શેકે શેકાઈ જાય છે, ત્યાં વળી તું ઉપરથી શેક ક્યાં કરે છે?"

રતન બેઠી થતાં કહેતી: "ત્યારે તમે કહો તેમ હું તો કરું."

છોટાભાઈ: "ઊંઘ આવતી નથી એટલે જીવ વિચારે ચઢી ગભરામણ થાય છે. કોઈ પાસે બેઠેલું હોય ત્યાં સુધી ઠીક રહે છે."

રતને પાસે બેસતાં પૂછ્યું: "તે તમને થોડોઘણો ફેર લાગે છે કે નહિ?"

છોટાભાઈ: "દરદ કંઈ ઓચિંતું ઓછું મટી જાય છે? દરદ તો કશું નથી, ફક્ત શરીરમાં શક્તિ બિલકુલ નથી એટલું જ."

રતન: "ત્યારે અમસ્તો જીવ શું કરવા બાળો છો? વિચાર કર્યા વગર સૂઈ રહો તો તરત ઊંઘ આવી જાય."

એમણે કહ્યું: "વિચાર તો ઘણો ય નથી કરતો, પણ કર્યાં કર્મ આવીને સામે ઊભાં રહે એનું શું?"

પહેલવહેલી જ નવી વાત સાંભળતાં રતને પૂછ્યું: "તમે તે વળી કયાં પાપ કર્યાં છે?"

છોટાભાઈ: "તું એ બધાં જાણે તો મારું તો મારું, પણ તારું ય મોત બગડે!"

સ્ત્રીજાતિને પરાધીનતાએ કે કુદરતે રુદનની એવી બક્ષિસ (!) આપી છે, કે નિમિષમાત્રમાં આવીને હાજર થઈ જાય છે; અને પતિના મોતની મશ્કરીમાં ય વાત સાંભળી વરાળનું પાણી થાય, તેમ એની આંખમાંથી આંસુ ટપકતાં વાર

લાગતી નથી. રતને ડૂસકાં ભરતાં કહ્યું: "મોત આવે નહિ તમારા દુશ્મનને !"

છોટાભાઈ: "હું તો સહેજ દાખલો દઉં છું."

"બળ્યો એવો દાખલો !" રતને આંખ લૂછતાં કહ્યું.

થોડી વાર આંખ મીંચી, થોડા દિવસથી જીવનને માપતાં એમણે છેક છેલ્લો હિસાબ મેળવી જોયો હોય તેમ, વિચાર કરીને કહ્યું: "સાંભળે છે કે ? કાલે નરેન્દ્ર આવે ત્યારે મને કહેજે."

રતન નરેન્દ્રનું નામ સાંભળી છણકો કરતાં બોલી: "મૂઓ એ છોકરો !"

જાણે કંઈ દોષ થઈ ગયો હોય તેમ છોટાભાઈનું હૃદય બોલી ઊઠ્યું: "હરિ! હરિ!" અને એમણે ઠપકો આપ્યો: "એવું બોલી અમસ્તું પાપ ના બાંધ."

નરેન્દ્રને કાયમ દુશ્મન જોતા છોટાભાઈની આ વાત રતન ન સમજી. એણે કહ્યું: "એ તમારી ખબર જોવા આવે છે, તો ય મને તો દીઠો ગમતો નથી. એણે તો ગામમાં ભેગાં બેસવા–વારો ય ન રહેવા દીધો."

છોટાભાઈ બોલવા જતા હતા, પણ એકદમ ખાંસી ઊપડી એટલે છાતીએ દમ ચઢી ગયો. રતને કહ્યું: "તમને વળી અત્યારે એનું નામ કંઈથી સાંભર્યું ? એનું નામ

દીધા કરતાં એટલી ઘડી ભગવાનનું જ નામ દો ને, એટલે કાયાનું તો કલ્યાણ થાય!"

છોટાભાઈ: "નર્યું ભગવાનનું નામ દીધે શો દહાડો વળ્યો? કરમ કરતાં તો બીક રાખી ના હોય!"

જીવનમાં પહેલવહેલી જ સાંભળતી આ વિચિત્ર વાતો રતન કેવી રીતે સમજી શકે? એણે કહ્યું: "કરમ–કરમ કરો છો, તે આપણે કોના બે ટકા ઘાલ્યા છે?"

એ બધું સમજાવવું બહુ મોડું થઈ ગયું હતું, માની છોટાભાઈ એ વાત ગળી ગયા. એમણે મૂળ વાત કરી: "પણ મેં શું કહ્યું? નરેન્દ્ર રોજ સવારમાં આવે છે એટલે આવશે તો ખરો; પણ ન આવે તો બોલાવવા મોકલજે."

નરેન્દ્રની રઢ લાગેલી જોઈ એણે પૂછ્યું: "એનું તમારે વળી શું કામ છે?"

"એ મારો ગુરુ છે."

"તમે ય ગાંડા થયા હો તેમ શું બોલો છો?"

"ગાંડી વાતો અત્યાર સુધી કરી; હવે ડાહી કરું છું."

"એટલે?"

"હું ખોટું કરતો હતો એ મારી જાણ બહાર ન હતું; બીજા ય ઘણા જાણતા હતા, પણ ગામનું બૂરું અટકાવવા સારુ મને કોઈ ખોટું લગાડવા કે દુશ્મનાવટ

કરવા તૈયાર ન હતું. પાછળ એ બબડતા એ હું જાણતો, પણ મારી આગળ મીઠું બોલે એટલે........"

ન સમજાતી વાતો સાંભળી રતન બોલી: "શાનો આ બધો લવારો કરો છો?"

પત્નીને બદલે પોતાના આત્માને ઉદ્દેશી બોલતા હોય તેમ છોટાભાઈ બબડવા લાગ્યા: "ખરું છે; સાચાને જ લોકો લવારો કહે છે. નરેન્દ્ર ને ચુનીભાઈ, એ આજકાલના છોકરા પાકયા, પણ તો ય ઘૈડિયાંની તો આંખ ન ઊઘડી. દેડકાંની પાંચશેરી કહેતો હતો; પણ એ જુવાનિયાએ, મેં ગમે તેટલા ધમપછાડા–ખોટાંખરાં કર્યાં, પણ લીધી વાત ના જ મૂકી. હું એ બધું નહોતો સમજતો એમ નહિ, પણ 'આજકાલનાં એ છોકરાં પટલાઈ કરે?' એ ખોટી ધૂનમાં મેં એમનાં સારાં કાર્યો બને એટલાં ન ટકવા દીધાં; પણ એ તો પડતા–આખડતા એક પછી બીજું કામ કરવા જ માંડતા. સેવા કરવા નીકળેલા એમને કામ ન થયાનો શોક થયો હશે, પણ એથી આબરૂ ગઈ એવી ભાવના નથી ઉદ્ભવી. ગામનું વેડફાતું શક્તિધન એમનાથી જોયું નહોતું જતું. એવા છોકરાનો ચેલો થવા લાયકે ય હું ક્યાં રહ્યો છું?"

અને એમ વિચારમાં ને વિચારમાં એમની આંખ ક્યારે મિચાઈ ગઈ તેનો ખ્યાલે ય ન રહ્યો. જાગ્યા ત્યારે તો સાવ

અજવાળું થઈ ગયું હતું. ખાટલામાં બેસી મોં ધોતાં–ધોતાં એમણે કહ્યું: "જાને રમેશ, નરેન્દ્રને બોલાવી લાવ."

રતને એ સાંભળતાં કહ્યું: "બોલાવ્યા વગરે ય હમણાં આવશે. જા, પહેલાં જેસંગકાકાને બોલાવી લાવ."

છોટાભાઈએ ખાટલામાં પડતું નાખતાં કહ્યું: "એમ કરો ત્યારે."

જેસંગભાઈએ ઊમરામાં પગ મૂકતાં જ રતને કહ્યું: "રાતના લવરીએ ચડ્યા હોય તેમ એક જ રઢ લીધી છે, કે 'નરેન્દ્રને બોલાવો.' સદા જેનું કાપતા તેને ઊંઘમાં ય આજ બોલાવવાનું કહે છે!"

એ સાંભળી જેસંગભાઈને શંકા આવી: "શરીરને તો કંઈ વધારે નથી ને?"

રતન: "દઈ જાણે! બરાબર ભાન હોય તો એવું શાના બોલે?"

જેસંગભાઈએ ખાટલા પાસે જતાં પૂછ્યું: "છોટાભાઈ! શરીરને કેમ છે?"

ડોકું હલાવતાં એમણે કહ્યું: "સારું છે, બેસો."

જેસંગભાઈએ પૂછ્યું: "કેમ કંઈ નરેન્દ્રને બોલાવવાનું કહેતા હતા?"

છોટાભાઈએ વધુ બોલવાનું હોય તેમ ગળું ખોંખારીને

કહ્યું: "માંદગી ય મને લાગે છે, કે માણસને માટે એક રીતે જરૂરી છે. શાંત મગજે એના જેવો વિચાર કરવાનો અવકાશ કદાચ બીજી વખતે ભાગ્યે મળતો હશે. ગુનેગારો માટે મને લાગે છે, કે જેલ કરતાં જો માંદગીની શિક્ષા કરી શકાતી હોય તો હું ધારું છું, કે માણસ એથી વધુ શીખે. આજ રાતે મેં મારા જીવનનો છેલ્લો હિસાબ મેળવી લીધો. પાછળ જોઉં છું તો ઘણે દૂર નીકળી ગયો છું અને આખે રસ્તે અંધકાર સિવાય કંઈ જણાતું નથી. મરણ અને પાપ–પુણ્યની જો કે બીક નથી. કરેલાં કર્મની શિક્ષા ભોગવવી, એ તો દુન્યવી કાયદાનો ય નિયમ છે. આ બધું કંઈ હું આજ નવું નથી જાણતો, પણ જાણ્યા છતાં અહમ્ જે અમલમાં નહોતું મૂકવા દેતું, તે આજે કરવા ધારું છું. જીવનનો આખો કાદવકીચડ તો નથી ઓળંગી શકું એમ, પણ અત્યારે જે અવળાં પગલાં મૂકી રહ્યો છું, એટલાંય જો ભૂંસી શકું તો ય બસ છે."

એટલામાં નરેન્દ્ર આવ્યો, તેથી બેઠા થવાનો પ્રયત્ન કરતાં એમણે કહ્યું: "આવ, ભાઈ!"

નરેન્દ્રે નીચે બેસતાં કહ્યું: "સૂઈ રહોને, કાકા! બેઠા શું કરવા થાઓ છો?"

ઈસે હાથ દઈ બેઠા થતાં એ બોલ્યા: "આખી જિંદગી સૂતામાં અને ઊંઘ્યામાં જ કાઢી છે!" અને

બરાબર બેસી, ગળું સાફ કરી એ આગળ બોલ્યા: "આખી જિંદગીમાં પાછળ બબડનારા તો ઘણા મળ્યા, પણ તમારા જુવાનિયાની માફક પડી–પડીને ઊભા થનારા નહોતા મળ્યા. તું તો મારું પગલું પડતાં પહેલાં પારખી ગયો છું, એટલે તને કંઈ કહેવાની જરૂર નથી; પણ મારી જાત વિષે એક જ વાક્યમાં કહેવું હોય તો આટલું જ બસ છે: 'આખા ગામનો ઉતાર.'"

આ કડક અભિપ્રાય સાંભળી જેસંગભાઈ અને નરેન્દ્ર તાકી જ રહ્યા. એ આગળ બોલ્યા: "તું એમ ન જાણીશ, કે મરણની બીકથી મારા વિચારો એકદમ બદલાઈ ગયા છે. યમરાજાને ય ચઢી જાય એવાં કૃત્યો મેં કરેલાં છે; પણ માણસ ભલે જાણીબૂઝીને પાપકર્મો કરતો હશે; પણ એને વિચાર કરવાનો વખત જો પૂરેપૂરો મળે તો અચૂક એ એવું આચરણ કરતાં અટકે; અને માણસ જે ધર્મનાં પુસ્તકો, બોધ અને વ્યાખ્યાનો વગેરેમાંથી નથી સમજી શકતો, તે એક જણના નિષ્ફળ પણ સત્પ્રયત્નોથી વહેલું સમજી શકે છે. કદાચ તમારાં કાર્યો પ્રત્યક્ષ ન હોત તો આ માંદગી આવ્યા છતાં મને તો નથી લાગતું, કે હું અત્યારે ય જે વિચાર કરી શક્યો, તે કરી શકત કે કેમ?"

થોડો શ્વાસ ખાવા રોકાઈ એમણે આગળ કહ્યું: "મરણ તો તમને ગમે તે લાગતું હોય, પણ મને વિશ્વાસ છે, કે આ માંદગી એને માટે કારગત નીવડે તેમ નથી.

હું સાજો થવાનો છું એમાં શંકા નથી, પણ મેં સંકલ્પ કર્યો છે, કે આજ હું તમારા જુવાનિયા આગળ મારું હૃદય ખુલ્લું કરી નાખું; અને જીવનનો જે શેષ ભાગ રહ્યો હોય, તે તમારી સાથે સીધાં પગલાં ભરવામાં ગાળું; માટે મેં તને એટલું કહેવા બોલાવ્યો છે, કે આજ બપોરે તમે બધા જુવાનિયા ભેગા થઈ અહીં આવો એટલે હું મારી જીવનકિતાબ તમને બતાવું."

અને બધાંના આશ્ચર્યની વચ્ચે દશ દિવસમાં છોટાભાઈ ધીરેધીરે ગામમાં ફરતા થઈ ગયા.

કોઈ પૂછતું: "કેમ, કાકા! હજુ ધીરાં પગલાં મૂકો છો, તે બરાબર મટ્યું નથી કે શું?"

છોટાભાઈ હસતાં-હસતાં કહેતા: "સીધાં પગલાં તો હમેશ ધીરાં જ મુકાય ને?"

"સસ્તું સાહિત્ય" એટલે "ઊંચામાં ઊંચું સાહિત્ય"

સર્વોપયોગી સાહિત્યશ્રેણી

૧૮ પુસ્તકોની સાહસભરી નવી યોજના

પ્રૌઢ શિક્ષણ માટે ઉપયોગી થાય તેવાં અને ઓછું ભણેલાંઓ રસપૂર્વક વાંચી–સમજી શકે, એવાં પુસ્તકો પ્રસિદ્ધ કરવાની યોજના આ **સંસ્થા** તરફથી તૈયાર કરવામાં આવી છે; અને તેનું સંપાદન જાણીતા **સાહિત્યકાર** **શ્રી. મોહનલાલ મહેતા (સોપાન)** કરે છે. પહેલી યોજના મુજબ એમાં નીચે જણાવેલાં ૧૮ પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે.

આ યોજનાનાં બધાં પુસ્તકો આવા મોટા અક્ષરોમાં છપાયાં છે.

૧. પ્રકાશનાં પગલાં : (સચિત્ર) લે૦ શ્રી. કરસનદાસ માણેક			
★ જગતના ભિન્નભિન્ન ધર્મોની પ્રેરક કથાઓ	૧૨૮	૦–૧૦	૦–૨
૨. રાખની ઢગલી : (સચિત્ર) લે૦ શ્રી. 'સૌજન્ય'			
★ વાર્તાના સ્વરૂપમાં સંસારની સળગતી સમસ્યાઓ	૧૨૮	૦–૧૦	૦–૨
૩. હાસ્ય–તરંગ : (સચિત્ર) લે૦ શ્રી. જ્યોતીન્દ્ર હ૦ દવે			
★ જીવનમાં દરરોજ દેખાતા પ્રસંગો ઉપરના કટાક્ષ–લેખો	૧૫૦	૦–૧૦	૦–૨
૪. જીવનની કલા : લે૦ શ્રી. રવિશંકર મહેતા			
★ જીવનની સફળતા માટેનું વ્યવહારુ માર્ગદર્શન	૧૪૦	૦–૧૦	૦–૨
૫. જગતમાં જાણવા જેવું : (સચિત્ર) લે. શ્રી. છોટાલાલ કામદાર			
★ જગતની અદ્‌ભુતતા ને ઉપયોગિતાનો સરલ પરિચય	૧૨૮	૦–૧૦	૦–૨
૬. જીવનપરિવર્તન : (સચિત્ર) લે૦ શ્રી. 'સોપાન'			
★ એક જીવનપલટાની કરુણ–મંગલ સળંગ વાર્તા	૧૪૦	૦–૧૦	૦–૨
૭. ઇતિહાસને અજવાળે : (સચિત્ર) લે૦ શ્રી. ઇન્દ્ર વસાવડા			
★ ઇતિહાસની પરાક્રમી વ્યક્તિઓની જીવનરેખા	૧૩૬	૦–૧૦	૦–૨
૮. ગૃહજીવનની કલા : (સચિત્ર) લે૦ શ્રી. "સમાજશાસ્ત્રી"			
★ ઘરમાં સુખ ને સંપથી કેમ રહી શકાય તેનાં સૂચનો	૧૨૮	૦–૧૦	૦–૨
૯. ગામડું બોલે છે : (સચિત્ર) લે૦ શ્રી. ચુનીલાલ મડિયા			
★ હિંદના નમૂનારૂપ એક ગામડાનું સાચું જીવન	૧૪૪	૦–૧૦	૦–૨

૧૦. ગૃહજીવનનાં દશ્યો : (સચિત્ર) લેખિકા : શ્રી. કુમુદ શેઠ
★ આપણાં ગૃહ–કુટુંબનાં સાચાં શબ્દચિત્રો ૧૩૨ ૦–૧૦ ૦–૨

૧૧. મારો ભારત દેશ : (સચિત્ર) લે૦ કાન્તિલાલ પરિખ
★ ભારતવર્ષનાં સૌંદર્ય અને વૈવિધ્યનો પરિચય ૧૩૬ ૦–૧૦ ૦–૨

૧૨. આરોગ્યસાધના : લે૦ ડુંગરશી ધરમશી સંપટ
★ આરોગ્યના સંરક્ષણ અંગે માર્ગદર્શન ૧૪૮ ૦–૧૦ ૦–૨

૧૩. ભગવાનનાં છોરું : (સચિત્ર) લેખક : પુરાતન બુચ
★ હરિજનોના જીવન–પ્રસંગોનો હૂબહૂ ચિતાર ૧૩૬ ૦–૧૦ ૦–૨

૧૪. સાહસકથાઓ : લે૦ રમણિક અરાલવાળા
★ લોકકલ્યાણ અર્થે સાહસ કરનાર વીરોની કથાઓ ૧૪૦ ૦–૧૦ ૦–૨

૧૫. ગુજરાતના સેવકો : લે૦ ચન્દ્રકાન્ત શાહ
★ ગુજરાતના ૪ મૂક સેવકોનાં જીવનચરિત્રો ૧૧૬ ૦–૧૦ ૦–૨

૧૬. પટલાઈના પેચ ભા. ૧ લો : લે૦ ઈશ્વર પેટલીકર
★ સામાજિક કુરુઢીઓપર વેધક દૃષ્ટિપાત ૧૪૪ ૦–૧૦ ૦–૨

૧૭. પટલાઈના પેચ ભા. ૨ જો : લે૦ ઈશ્વર પેટલીકર ૧૬૮ ૦–૧૦ ૦–૨
★ સામાજિક કુરુઢીઓપર વેધક દૃષ્ટિપાત

૧૮. ગીતહોરી અને **બીજાં નાટકો :** લે૦ સુરેશ ગાંધી (છપાય છે.)
તખ્તાલાયકીવાળાં પાંચ ગીત–નાટકોનો સંગ્રહ

યોજના વિષે માહિતી

- યોજનાના દરેક પુસ્તકની છૂટક કિંમત **દસ આના** છે.
- આ શ્રેણીનાં અઢારે પુસ્તકો માટે અગાઉથી નાણાં મોકલી નામ નોંધાવનારને **માત્ર રૂા. ૧૦)માં** મળશે. ટપાલરસ્તે મંગાવવા ઇચ્છનારે રૂા. ૧–૮ વધુ મોકલવો. તૈયાર થયેલાં પુસ્તકો ગ્રાહક થતાંની સાથે જ અપાશે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે, પોસ્ટ બૉક્સ નં. ૫૦, **અમદાવાદ** અને
કાલબાદેવી રોડ, હાથી બીલ્ડિંગ, ત્રીજે માળે, **મુંબાઈ–૨**

પટલાઈના પેચ–૫૫૦૦